હુઝરતે (સલ) ફરમાવ્યું

" ખોદા જેના વિષે ભલાઇ ધારે છે તેને દીનમાં સમજ આપે છે "

ઝમાનુલ ફિરદૌસ

અથવા

જંનતની ગ્રાન્ટી

મૂળ ઉર્દુથી ભાષાંતર કરાવી છપાવી પ્રસીદ્ધ કર્ત્તા

ડી. એન્ડ એસ. હાફેજી

મુ. રાંદેર જીલ્લે સુરત.

ઝિલહજ્જ સને ૧૩૨૬ હિજરી.

કી. ત્રણ આના.

શ્રી મહેશ મુદ્રાલય—સુરત.

જમાનુલ ફિરદોસ

જંનતની ચાવી

મોટા મેહેરબાન રહમ કર્તા ખુદાના નામથી

તમામ તારીફ તે અલ્લાહને વાસ્તે છે કે જેણે જીભને જંનતની કુંચી બનાવી. જો તેણે (જીભે) ઇમાનની ગવાહી દીધી હોય, અને જેણે (તેજ જીભને) જહંનમમાં ઉંધે મોઢે પડવાનું કારણ બનાવ્યું જો તેણે (જીભે) કુફર કલમા બોલ્યા હોય, અને દરૂદ અને સલામ તેવણ (નબી) પર થાઓ કે જેવણ જામીન થયા છે જંનત વાસ્તે તે માણસના, કે જે જામીન થયો તેવણને વાસ્તે તે ચીજનો, કે જે બે જડબા વચ્ચે છે, અને તે ચીજનો કે જે બે ટાંગો વચ્ચે છે. અને દરૂદ અને સલામ થાઓ આપ (સલ) ની આલ અને અસહાબ ઉપર કે જેવણે દીને ઇસલામને પુર્વથી પશ્ચિમ સુધી લોકોને પહોંચાડયો.

આ રિસાલો એવી વાતના બયાનમાં લખેલો છે કે જે માણુસ એનાપર અમલ કરશે તે બેશક જંનતી બનશે. જનાબ રસુલુલ્લાહ (સલ) તેને વાસ્તે જંનત મળવાના જામીન છે.

બુખારી શરીફમાં છે કે હઝરતે (સલ) ફરમાવ્યું કે "જે માણુસ તેના બે જડબા વચ્ચે અને બે ટાંગો વચ્ચે જે છે તેને વાસ્તે જે મને પોતાની જામીનગીરી આપે (કે એ બંને ચીજોને હું હરામ કામોમાં વાપરીશ નહીં તો) હું જંનતને વાસ્તે તેનો જામીન થાઉં છું."

એટલે જે માણુસ પોતાની જીભને તે ગુનાહોથી બચાવશે કે જે ગુનાહો જીભથી કરવામાં આવે છે અને પોતાની ઇંદ્રીને તે ગુનાહોથી બચાવશે કે જે ઇંદ્રી વતિ કરવામાં આવે છે તો બેશક જનાબ રસુલે ખુદા (સલ) એ વાતના જામીન છે કે તેને જંનત મળશે. અને બેશક એજ બદનના બે ભાગોથી ઘણા ખરા ગુનાહ થાય છે. અને ઘણા મોટા મોટા ગુનાહો નિપજવાનું કારણ એજ બે ભાગો છે. કુફર કે જે સૌથી મોટામાં મોટો ગુનો છે તે ઘણું કરીને જીભથીજ જાહેર થાય છે અને જૂઠ, નિંદા, ચુગલી અને બીજા ઘણા મોટા મોટા ગુનાહો જબાનથીજ થાય છે.

ઝિના કે જે બુરામાં બુરૂં કામ છે તે ઇંદ્રીથીજ નિપજે છે. મરદ સાથે મરદ સોહબત કરે અને બીજા બુરા કામો પણ એજ વિભાગથી કરવામાં આવે છે, અને એ બે ભાગોને ગુનાહોથી રોકવા ઘણું કઠણ છે. અને તેમાં ખાસ કરીને જીભને (રોકવું તો બહુજ મુશકેલ છે). અને તેઓ શિવાય શરીરના બીજા વિભાગોને જેમકે હાથને વગર કસૂરે કોઇને મારવાથી અથવા ચોરી કરવા અથવા કોઇ વાત શરીઅતથી ઉલટી લખવાથી અથવા કોઇ શરીઅતથી ઉલટું કામ જેમકે જુવો કે પાંસામાં લગાડવાથી રોકવું મુશ્કેલ

નથી. સેંકડો માણસો એવા છે કે એ ગુનાહોથી બચેલા છે. પણ મચ્કુર બે ભાગોના ગુનાહોથી બચેલા ઘણાજ થોડા માણસો હશે.

તેમાં ખાસ કરીને જીભના ગુનાહો કે જેઓને રાતદિવસ કરવાની જાણે ટેવજ પડી ગયલી હોય છે. અને લોકો જીભના ગુનાહોથી બચવાનું ધ્યાન પણ કરતા નથી, અગરજે તે ગુનાહોની બુરાઇ બહુજ મોટી છે. એજ વાસ્તે જનાબ મહબૂબે રહ્મતુલ આલમીને (સલ) કે જેવણ પોતાની ઉમ્મતપર માબાપ કરતાં વધારે મેહેરબાની અને દયાવાળા છે એ હદીસ ફરમાવી અને બંને ભાગોને બચાવવાથી જંનતને વાસ્તે જામીન થયા. જેથી આપ (સલ) ની જામીનગીરીપર ભરોસો રાખીને ઉમ્મત તે ગુનાહોથી પોતાને બચાવે કે જે ગુનાહો એ બંને ભાગોથી નિપજે છે. અને તે ગુનાહોથી જે અઝાબો થવાના હોય તેથી બચેલા રહે, અને જંનત હાંસેલ કરે.

મોમિન મુસલમાન ભાઇઓની ભલાઇનો વિચાર કરી અલ્લાહની દરગાહના મોહતાજ મોહંમદ ઇનાયત અહમદને ખુદાપાક તેના ગુનાહોને માફ કરે, ઠીક લાગ્યું કે મચ્કૂર હદીસની શરેહ લખે અને બંને ભાગોના ગુનાહોને ખોલાસા સાથે લખે. તેથી કરીને આ રિસાલો બે ભાગમાં મેં લખ્યો છે. પેહલા ભાગમાં જીભથી જેટલા ગુનાહો થાય છે તેનું બયાન છે. અને બીજા ભાગમાં ઇંદ્રીથી જે જે ગુનાહો નિપજે છે તેનું બયાન છે. અને ઉપર મચ્કુર થયલી હદીસ મૂજબ એ રીસાલાનું નામ ઝમાનુલ ફિરદોસ રાખ્યું છે. કે જે નામમાંથી હી. સન ૧૨૭૨ પણ નીકળે છે (અબજદના હિસાબથી) કે જે સાલમાં આ રિસાલો રચાયો છે.

પહેલો ભાગ.

જીભથી થતા ગુનાહોના બયાનમાં.

એ ભાગમાં એક મોકદ્દમો, અને પંદર બયાનો છે.

મોકદ્દમો—ઓછું બોલવાના ફાયદાઓના બયાનમાં. ઇમામ અહમદ, તિરમિઝી અને ઇબ્ને માજાએ (રહ) એક લાંબી હદીસમાં હઝરત મોઆઝ (રદી.) થી રિવાયત કીધી છે કે જનાબ રસૂલે પાકે (સલ) તોહીદ, નમાઝ, ઝકાત, રોઝો, હજ, સદકો, તહજ્જુદ અને જેહાદનું બયાન કીધા પછી ફરમાવ્યું કે "જો તમે કહો તો તમને એ સૌ (ઇબાદતો) ની જડ અને અસલ બતલાવી દઉં." (હઝરત) મોઆઝે (રદી) કહ્યું કે "ઓ અલ્લાહના નબી (સલ)! હા (ફરમાવો.)" ત્યાર આપ (સલ) પોતાની જીભ પકડીને ફરમાવ્યું કે "એને હમેશ રોકી રાખો." ફકત.

આ હદીસથી ઘણો મોટો ફાયદો ઓછું બોલવાનો સાબેત થયો કે ચુપ રહેવાથી અને જીભને રોકવાથી માણસના દિલમાં એવું નૂર આવી જાય છે, કે તેથી કરીને સૌ ઇબાદતો અને ઇમાનની વાતો કામેલ થઈ જાય છે. અને તિરમિઝી (રહ) એ જનાબ રસુલે ખોદા (સલ) થી રિવાયત કીધી છે કે આપે (સલ) ફરમાવ્યું કે "જયારે સવાર પડે છે ત્યારે બદનના સૌ ભાગો જીભને માન આપે છે અને ખુશામત કરે છે. અને કહે છે કે અમારે વાસ્તે ખોદા પાકથી બીતી રેહજે. અમે તારી સાથે છીએ. જો તું સિધી રહેશે તો અમે પણ સિધા રહેશું અને જો તું વાંકી થશે તો અમે પણ વાંકા થઇ જશું."

આ હદીસથી પણ જણાય છે કે જીભને રોકવાથી તમામ કામો સુધરે છે. અને જીભને નહિ રોકવાથી સૌ ખરાબીઓ પેદા થાય છે. બયહકી (રહી) એ રિવાયત કીધી છે કે હઝરતે (સલ) ફરમાવ્યું કે "સાઠ વરસની ઈબાદત કરતાં ચુપ રહેવાથી માણસનો રૂતબો વધારે વધે છે." એટલે માણસ પોતાનો વધારે વખત ચુપ રેહવામાં ગાળે તો એ તેને વાસ્તે સાઠ વરસની ઇબાદત કરતાં મોટે દરજજે પોંહચાડનાર છે.

અને વળી બયહકીએ (રહ) રિવાયત કીધી છે કે આપે (સલ) અબુઝરને ફરમાવ્યું કે "તમે વધારે ચુપ રેહવાની ટેવ પાડો કેમકે વધારે ચુપ રેહવું શેતાનને દૂર કરે છે, અને દીનના કામમાં મદદ-ગાર થઇ પડે છે." અને બયહકીએ રિવાયત કીધી છે કે જનાબ રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "બે ટેવો પીઠપર બહુ હલકી માલમ પડે છે અને (નેકી બદીને તોલવાની) અમલોની તરાજુમાં ઘણી ભારે છે. (૧) વધારે ચુપ રહેવું. (૨) લોકો સાથે નરમાસથી વરતવું. હું કસમ ખાઉં છું તે ઝાતે પાકની કે જેના અખત્યારમાં મારી જાન છે, લોકોમાં એના કરતાં સારો અમલ કોઇએ કીધો નથી". પીઠપર હલકી હોવાથી મતલબ એ કે તે કામો કરવામાં કંઇ બોજો પડતો નથી તે કામ કરવું મુસ્કેલ નથી.

ઈમામ અહમદ, તિરમિઝી, દારેમી, અને બયહકીએ રિવાયત કીધી છે કે જનાબ રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જે માણસ ચુપ રહ્યો તેણે નજાત હાંસેલ કીધી." ઇમામ (મોહંમદ) ગઝઝાલી (રહ) એ અહયાઉલ ઉલૂમમાં લખ્યું છે કે બોલવું ચાર તરેહનું છે. (૧) જેમાં તદન નુકસાનીજ છે, અને કંઇ પણ ફાયદો નથી. (૨) કે જેમાં નુકશાની પણ નથી તેમ ફાયદો પણ કંઇ નથી. (૩) જેમાં

કંઇક ફાયદો છે અને કંઇક નુકસાની છે. (૪) જેમાં તદન ફાયદોજ છે અને કંઇ પણ નુકસાની નથી.

ત્યારે જે બોલવામાં તદન નુકસાનીજ હોય અને કંઇ પણ ફાયદો ન હોય તેથી બચવુંજ જોઇએ. અને જે વાતમાં કંઇક ફાયદો અને કંઇક નુકસાની હોય તેનાથી પણ બચવું જોઇએ. કેમકે નફો લેવા કરતાં નુકશાનીથી બચવું વધારે જરૂરનું છે. (જેમકે) એક માણસને કોઇ ઠેકાણેથી કંઇ રૂપીયા મળવાના હોય અને કંઇ તેની આબરૂને પણ ત્યાં નુકસાની પોંહચવાની હોય તો સમજુ (અને આબરૂદાર) માણસ કદી પણ રૂપીયા મળવાના નફાની સાથે બેઆબરૂ થવાનું નુકસાન નહીં ઉઠાવશે. અને ત્રીજી તરેહથી પણ દૂર રહેવું જોઇએ. કેમકે જે ચીજમાં ફાયદો કે નુકસાન કંઇ નહીં હોય તો તે વાત નકામી છે. અને અકલવાળા માણસને નકામી વાતોથી બચવું જોઇએ. કેમકે તેમાં નકામું વખત ગુમાવવું છે. અને આખેરતમાં હરેક શબ્દનો જવાબ દેવો પડશે.

ત્યારે હવે એક તરેહની વાત રહી કે જેમાં તદન નફોજ છે, અને નુકસાન જરા પણ નથી. અને જ્યારે બોલચાલના ત્રણ ભાગ નકામા ઠર્યા, ફકત એકજ ભાગ સારો રહ્યો, ત્યારે વિચારવું જોઇએ કે માણસને છુટકારો મેળવવાનો રસ્તો એજ છે કે માણસ ઘણો વખત ચુપ રહે, અને જરૂર વગર વાત કરેજ નહિ.

શરહુસ્સુન્નહ (નામની કિતાબ) માં છે કે જનાબ રસૂલે ખુદા (સલ) ફરમાવ્યું કે માણસ કોઇ વાત ખરાબ બોલી પડે છે અને તે જાણતો નથી, કે વાતનો ભાર કેટલો છે, અને અલ્લાહ તઆલા તે વાતના સબબથી કયામત સુધીનો પોતાનો ગજબ તે માણસ વાસ્તે લખી લે છે. (અને તે માણસ તો તે વાતને નજીવી

મણે છે અને જાણતો નથી કે એ વાતથી મને કેટલો ગુનો થયો.)

જ્યારે જીભથી બોલવાની વાતોનું એ હાલ છે કે કેટલીક વાતોથી કે જેઓને માણુસ સેહલાઈથી બોલી દે છે, હમેશને વાસ્તે અલ્લાહપાકના ગજબમાં ફસી જાય છે. માણુસને જોઈએ કે જીભને બચાવે. અને જ્યારે મોટા મોટા ગુનાહો કે જેઓને લીધે માણુસ જહંનમી અને ભારે અઝાબમાં ફસવાને લાયક બને છે, જેવા કે કુફર, નિંદા ગીબત, ચુગલી, જુઠાણું જીભથીજ થાય છે; ત્યારે બચવાનો ઇલાજ એજ છે કે માણુસ પોતાની જીભને રોકી રાખે. અને ઘણું થોડું બોલે, અને વધારે વખત ચુપજ રહે, જે માણસ ચુપ રહેશે નહી. અને જીભને રોકશે નહિ તે માણસથી જરૂર એ ગુનાહો થઈ જશે. ત્યારે બચવાનો ઇલાજ ચુપ રેહવુંજ છે. સાએબ (જે એક શાએર છે તે) નો શેએર એ બાબતપર ઘણોજ સારો છે.

બ તઅ બમ હેચ મઝમું જુઝ બ લબ બસતન નમી આયદ।
ખમૂશી મઅનીએ દારદ કે દર ગુફતન નમી આયદ.

(અર્થ—મારા ધ્યાનમાં બંને હોઠો બંધ રાખવા કરતાં વધારે સારી વાત કોઇ આવતી નથી. ચુપ રહેવું એમાં એવા અર્થો સમાયલા છે કે જે બોલવામાં આવે તેમ નથી.)

ગીબતનું બયાન.

ખુદા પાકે ફરમાવ્યું છે કે "તમારામાં કોઇ કોઇની નિંદા કરે નહિ. શું તમારામાંનું એક એ વાતને પસંદ કરશે કે પોતાના મરેલા ભાઇના ગોશને ખાય કે જેથી તમને સુગ આવશે." આ આયતથી ગીબત કરનારની ઘણી બુરાઇ સાબેત થાય છે કે અલ્લાહપાકે તેને મુરઃ

દાર ખાનાર ઠેરવ્યો. અને મુરદાર ખાનારાઓમાં પણ બહુજ બુરી તરેહના (ઠેરવ્યો.) કે જે પોતાના મરેલા ભાઇના ગોશને ખાય. ખોદા પાક સૌ મુસલમાનોને એથી બચવાની તોફીક દીએ.

બયહકીએ (રહ) રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે ઝિના કરવા કરતાં ગીબત કરવી (નિંદા કરવી) વધારે બુરી છે. સહાબાઓએ (રદી) પુછ્યું કે યા રસુલલ્લાહ (સલ)! ગીબત ઝિના કરતાં કેવી રીતે બુરી છે? આપે (સલ) ફરમાવ્યું કે માણસ ઝિના-કરેછે પછી તૌબા કરે છે તો ખોદાપાક તેને માફ કરે છે, અને ગીબત કરનારો તો બક્ષાતોજ નથી, જ્યાં સુધી કે જેની ગીબત કીધી હોય તે પોતે તેને બક્ષે નહીં." એટલે ગીબત બંદાનો હક છે. અને બંદાઓના હકોના જેટલા ગુનાહો છે તેમાં બહુજ મોટી મુશ્કેલ એ છે કે જ્યાં સુધી જેનો હક હોય તે પોતે નહી બક્ષે ત્યાં સુધી તે ગુના બક્ષાતા નથી.

અને અબુદાઉદે (રહ) રિવાયત કીધી છે કે જનાબ રસુલુલ્લાહ (સલ) ફરમાવ્યું કે "મેરાજની રાતે એવા લોકો પાસેથી હું પસાર થયો કે જેઓના નખ ત્રાંબાના હતા. અને તેઓ પોતાના મોંને તે નખોથી છોલતા હતા. મેં જીબરઇલ (અલ) થી પુછ્યું કે એ કયા લોકો છે? તેમણે કહ્યું કે એ તે લોકો છે કે જેઓ માણસોનો ગોશ ખાય છે અને તેઓની આબરૂઓમાં પડે છે." એટલે ગીબત કરે છે.

અને બયહકીએ (રહ) હઝરત અબદુલ્લાહ બીન અબ્બાસ (રદી) થી રિવાયત કીધી છે કે "બે માણસોએ ઝોહર અથવા અસરની નમાઝ પઢી, અને તેઓ બંને રોઝાદાર હતા. જ્યારે જનાબ રસુલે પાક (સલ) નમાઝ પઢી રહ્યા ત્યારે

આપે (સલ) તેઓને ફરમાવ્યું કે તમે બંને ફરીથી વઝુ કરો અને ફરીથી નમાઝ પઢો. અને આ રોઝો પોતાનો તોડો નહીં, પણ એના બદલામાં એક રોઝો બીજો રાખી લેજો. તે બંનેએ પુછયું કે "યા રસૂલલ્લાહ! શા માટે (એવો હુકમ અમારે વાસ્તે આપ ફરમાવો છો)? આપે (સલ) ફરમાવ્યું કે તમે ફલાણા શખસની ગીબત કીધી."

આ હદીસથી પણ ગીબતની ઘણી બુરાઈ માલમ પડી કેમકે ગીબત કરવાને લીધે પેગમબર સાહેબે (સલ) વઝુ, નમાઝ, અને રોઝાને ફરીથી રાખવાનો હુકમ ફરમાવ્યો. અને એજ કારણથી ફિકેહના ઇમામો એ વાતના કાયલ છે કે ગીબત કરવાથી વઝુ મકરૂહ થઇ જાય છે અને રોઝો પણ ઘણો મકરૂહ થઇ જાય છે. તેજ મકરૂહ વઝુથી તેઓએ નમાઝ પઢી તેથી હુઝુરે (સલ) વઝુ અને નમાઝ ફરીથી અદા કરવાનો હુકમ દીધો. અને હઝરત ઇમામ સુફયાન સૌરી જેઓ પોતે એક મઝહબના ઇમામ છે તેઓ એજ માને છે કે ગીબતથી રોઝો તદન તૂટી જાય છે. (વાસ્તે એનાથી બચવું અને ગીબત થઇ જાય તો તે રોઝાના બદલામાં એક રોઝો રાખી લેવો સારૂં છે).

મુસલેમ શરીફમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) સહાબા (રઝી) થી પુછયું કે તમે જાણો છો કે ગીબત કોને કહે છે? સહાબા (રઝી) એ અરઝ કીધી કે ખુદાપાક અને તેના રસૂલ (સલ) સારી પેઠે જાણે છે. (કેમકે દીનની વાત એ બે શિવાય બીજું કોણ જાણે?) આપે ફરમાવ્યું કે ગીબત તેને કહે છે કે પોતાના મુસલમાનભાઇ પછાડી એવી વાત કેહવી કે જે તેના મોઢાપર કહીએ તો તેને ખોટું લાગે. કોઇએ કહ્યું કે યા રસૂલલ્લાહ! જો તેમાં

તે વાત હોય તો? આપે ફરમાવ્યું કે તેમાં તે વાત હોય ત્યારેજ તો તે ગીબત છે. અને જો તેમાં તે વાત નહીં હોય તો તે બોહતાન (તોહમત) છે.

ફાયદો ઘણા લોકોનો એવો વિચાર છે કે કોઇની પછાડી કોઇની જૂઠી બુરાઇ બોલવી, એ વાત ભૂલભરેલી છે. જેવી રીતે કે હદીસ શરીફમાં જણાઇ આવ્યું. મતલબ ગીબતની એટલીજ છે કે મુસલમાન ભાઇની પછાડી કોઇ એવી તેની આદત બયાન કરવી કે જો તેને મોઢે તે વાત બયાન કરવામાં આવે તો તેને ખોટું લાગે. જો એક માણસ ખરેખર કાણો હોય ત્યારે જો તેને મોઢે કોઇ તેને કાણો કેહશે તો તેને ખોટું લાગશે. ત્યારે જે માણસ તેના પછાડી તેને કાણો કેહશે તો તેની ગીબત થઈ જશે. તે વાતનું જુઠું હોવું જરૂરી નથી. જો જુઠું કેહશે, તો એક મુસલમાનની પછાડી તેની બુરાઇ કીધી એ ઉપરાંત તોહમત મુકવાનો ગુનો પણ તેને લાગુ પડશે.

મસઅલો—જો કોઇ માણસ કોઇની ગીબતમાં કહે કે ફલાણાનો ઘોડો એવો છે કે જાણે ગધેડો, અથવા તેનું ઘર એવું છે કે જાણે જાજરૂ, અથવા તેનો છોકરો ઘેલો છે અને બેઅદબ છે, અથવા તેનો બાપ ઘણી બદ ચાલનો છે, તો એમાં પણ ગીબત થઇ જશે. કારણકે માણસની પોતાની આદતો (ગુણો)માં જેવી રીતે ગીબત થાય છે, તેવીજ રીતે તેની સાથે સંબંધ રાખતી ચીજોના ગુણોમાં ગીબત થાય છે. કે જે વખતે એવી ચીજનું ગુણ જો તેની રૂબરૂ બયાન કરવામાં આવે તો તેને ખોટું લાગે. એટલુંજ નહીં પણ એવી તરેહની ગીબતમાં કોઇ વખતે એક ગીબતમાં બે ગીબતો પણ થઈ જાય છે. જેવી રીતે કે જો અબદુલ્લાહ

(નામના માણુસ)ના બાપની બુરાઈ બયાન કીધી, અથવા તેના છોકરાની બુરાઇ કીધી, અને તે બંને મુસલમાનો છે, અને લોકો તેઓને જાણી લીએ કે ફલાણાજ માણુસો છે ત્યારે એ ગીબત અબદુલ્લાહની પણ થઇ અને તેના બાપ કે દીકરાની પણ.

મસઅલો. જેવી રીતે ગીબત જીભથી થાય છે તેવીજ રીતે અંસારાથી પણ થાય છે. જેવી રીતે કે કોઇનું નામ લઇને એક આંખ બંધ કરી લીધી અને તેમાં એવો અંસારો હોય કે તે કાણો છે. અથવા હાથથી એવો અંસારો કરે કે તે ઠીંગણો છે, અથવા જાડો છે, એવી રીતેકે જો તેને માલમ પડે તો તેને ખોટું લાગે, તો એ ગીબત થઇ જશે.

ઇબ્ને અબીદુન્યા (રહ) અને ઇબ્ને મરદૂયા (રહ) એ રિવાયત કીધી છે કે હઝરત આયશા (રદી) એ ફરમાવ્યું કે મેં જનાબ રસૂલુલ્લાહ (સલ) ની રૂબરૂ હાથથી અંસારો કરી દેખાડયું કે ફલાણી ઓરત ઠીંગણી છે. આપે (સલ) ફરમાવ્યું કે તમે તેણીની ગીબત કીધી."

મસઅલો. ગીબત કલમથી પણ (થાય છે, કે જેને) લખવી જાયઝ નથી. પછી ગમે તો કાગળમાં લખે અથવા કિતાબમાં લખે કેમકે (કેહણી છે કે) કલમ પણ એક તરેહની જીભ છે.

મસઅલો. ગીબત સાંભળવી પણ જાયઝ નથી. સાંભળનાર પણ ગીબતમાં સામેલ થયલો ગણાય છે. સાંભળનારને જોઇએ કે ગીબત કરનારને ચોખ્ખી ના કહી દીએ. કેમકે એવી મનાઇ કરવામાં સવાબ છે (કેમકે તેમાં પોતે ગુનો કરવાથી બચે છે અને બીજાને બચાવે છે) અને નહીં રોકવું (બંનેને) અઝાબ થવાનું કારણ છે.

હઝરત ઇમામ અહમદે (હંબલ રહ) અને તબરાની (રહ)

એ (હદીસે શરીફ) રિવાયત કીધી છે કે " જે માણસ પોતાના ભાઇ મુસલમાનની ગીબત કરવાથી બીજાને રોકશે તો અલ્લાહ પાકપર જરૂર છે કે તેને દોઝખથી છોડે." અને અબૂદાઉદે (૨૯) રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " જે મુસલમાન બીજા મુસલમાનની મદદ નહીં કરશે એવી જગ્યાએ કે જ્યાં તેની આબરૂ બગડતી હોય, અને તેની આબરૂમાં નુકસાન આવતું હોય તો, ખોદાપાક તેની મદદ નહીં કરશે કે જ્યાં **તેની** મદદની જરૂર છે." એટલે કેયામતમાં (તેને અઝા-બથી બચાવશે નહીં.) અને જે મુસલમાન બીજા મુસલમાનની મદદ એવી જગ્યાએ કરે કે જ્યાં તેની આબરૂનું નુકસાન થતું હોય તો ખોદાપાક તે માણસની એવી જગ્યાએ મદદ કરશે કે જ્યાં **તેની** મદદની (ઘણી) જરૂર છે.

ગીબત કેટલીક રીતે જાયઝ પણ છે. (૧) જેનાપર જુલમ ગુજારેલો હોય તેને જુલમ કરનારની ગીબત તેનું જુલમ દૂર ક-રવા વાસ્તે કરવી જાયઝ છે. જેવી રીતે કે હાકેમે અથવા તેના ખાતાના કોઇ નોકરે કોઇના ઉપર જુલમ કીધો. અથવા કંઇક માલ છીનવી લીધો, અથવા કંઇ બેઆબરૂ કીધો તો તે માણસને જાયઝ છે કે તેની ગેરહાજરીમાં જઇને બાદશાહથી અથવા તેના ઉપરીથી તેના જુલમનું હેવાલ બયાન કરે અને ઇનસાફ માંગે. (૨) જો એક માણસ કોઇની ખોટી આદત અને ગુનાહને જાણતો હોય અને તે એવા માણસ આગળ તેની ગેરહાજરીમાં તે વાત બયાન કરે કે તેના હુકમથી અથવા તેના સમજાવવાથી તે શખસ તે ગુનાહને છોડી દેશે, તો તે ગુનોહ મટાડવાની નેયતથી એવી રીતે ગીબત કરવી પણ જાયઝ છે. (૩) કોઇ (દીની) મસઅલો પૂછ્યો હોય ત્યારે અસલ હકીકત (જેમા-

લેમથી મસઅલો આપણે પૂછીએ તેની આગળ) બયાન કરવાને વાસ્તે પણ ગીબત જાયઝ છે. સહીહૈન (બુખારી અને મુસલિમ શરીફ) માં હદીસ છે કે હઝરત અબૂસુફયાન (રદી) ની ઓરત હિંદા (રદી) એ જનાબ રસુલે ખુદા (સલ) ની જનાબે પાકમાં અરજ કીધી કે અબૂસુફયાન (રદી) કંજૂસ માણુસ છે. તે મને એટલો ઘર ખરચ આપતો નથી કે જે મને અને મારાં બચ્ચાંઓને બસ થાય. ત્યારે હું તેની રજા લીધા વગર જો તેના માલમાંથી કંઇ લઇ લઊં તો (કંઇ હરકત તો નથી) ? આપે (સલ) ફરમાવ્યું કે તમને અને તમારા બચ્ચાંઓને બસ થાય તેટલું દસ્તુર મુજબ લઇ લીઓ."

(જુઓ કે) હિંદાએ હઝરત અબૂસુફયાન (રદી) ને કંજૂસ અને પુરતો ઘરખરચ નહીં આપનારો તેવણુની ગેરહાજરીમાં કહ્યા છતાં જનાબ નબી (સલ) એ તેવણુને મના કીધા નહીં. અને તેવણુને કોઇ સખતાઇથી જવાબ આપ્યો નહીં. અને તે એટલાજ વાસ્તે કે મસઅલો પૂછવાને વાસ્તે તેવણે આ વાતની અરજ ગુજારી હતી.

(૪) સલાહ દેવામાં સલાહ લેનારનું ભલું ચાહીને ખરો હેવાલ બયાન કરવામાં ગીબત થઇ જાય તો તેની કંઇ હરકત નથી. મુસલિમ શરીફમાં હદીસ છે કે ફાતેમાં બિન્તે કૈસે હઝરત (સલ) ની જનાબમાં અરજ કીધી કે મોઆવીયા બિન અબી સુફયાને(રદી) અને અબૂ જોહમે [રદી] મારી સાથે નિકાહ કરવાની કહેણ કહેવડાવી છે [વાસ્તે એ બાબતમાં આપ મને શી સલાહ આપો છો ?] આપે [સલ] ફરમાવ્યું કે અબૂ જોહમ [રદી] તો ખભાપરથી લાકડી નીચે મુકતોજ નથી [એટલે ઓરતોને બહુજ મારધાડ કરે છે] અને મોઆવીયા [રદી] બહુ ગરીબ માણુસ છે તેવણુની પાસે માલ બિલકુલ

નથી [કે જેથી તમારૂં ભરણપોષણ થાય.] તમે ઉસામા બિન ઝેદની સાથે નિકાહ કરી લીએ.

(આ હદીસ પરથી સમજાઈ ગયું કે) હઝરતે (સલ) સલાહ આપવાને વાસ્તે હઝરત અબુજેહમ અને મોઆવીયા [રદી] ની પીઠ પાછળ તેવણની હાલત બયાન કરી દીધી. અને એવીજ રીતે કોઇનો હેવાલ બયાન કરવાથી જ્યારે એક મુસલમાનનું ભલું કરવાની અને તેને નુકસાનીથી બચાવવાની નૈયત હોય તો ગીબત જાયઝ છે. જેવી રીતે કે એક માણસ એક નોકર રાખવા ચાહતું હોય, અને તે નોકર ખોટી દાનતનો હોય ત્યારે તેના ધણીથી કહી દેવું કે એ માણસની દાનત સારી નથી, અને તેથી કરીને નોકરીએ રાખવાને લાયક નથી, જાયઝ છે. અથવા જેવી રીતે કે અમર (નામનો એક અમુક માણસ) ઝૈદની સાથે ઘણી દોસ્તી રાખતો હોય, અને ઝૈદ શરાબી કે ઝાની હોય, તે વખતે અમરને ઝૈદની મગરૂર આદતોથી જાણીતા કરી દેવું કે જેથી તે તેની દોસ્તી છોડી દીએ [અને એવી રીતે તેને જાણીતા કરવામાં ઝૈદની જે ગીબત થશે તે] જાયઝ છે. અને એવીજ રીતે એવી બીજી હાલતોને વિચારી લીએ, કે જે ઠેકાણે નૈયત સાફ હોય અને ગીબત કરવાથી કોઇ મુસલમાનને ફાયદો પોંહચાડવાની મતલબ હોય. નકામું ભુંડું બોલવું અને તેવી રીતે પોતાના મનનું કપટ બહાર કાઢવું, મતલબ નહીં હોય તોજ ગીબત જાયઝ છે.

[૫] જો કોઇ માણસની એક ખાસ અટક હોય, અને તે અટક કંઇ એબવાળી હોય જેવી રીતે કે **અખફશ નહવી** કે જેવણ એજ નામથી મશહુર હતા. અને અખફશના અર્થ ઝુંછાના છે. અથવા કોઇની અટક લંગડો કે લુલો હોય અને તે એજ નામથી મશહૂર હોય તો એવું નામ લેવું જાયઝ છે.

[૬] ફાસિકે મોલિન એટલે જે માણુસ કોઇ કબીરા ગુનો તન્ન જાહેરમાં કરતો હોય. જેવી રીતે કે દાઢી બોડાવતો હોય અથવા ખુલ્લી રીતે શરાબ પીતો હોય, અથવા ઝિના કરતો હોય. અથવા નાચ જોતો હોય તો તેની ગીબત પણ જાયઝ છે. એટલે જો ખુલ્લી રીતે હરામ કામો કરતો હશે અને તે માણુસની પછાડી તેની આદતની વાત કોઇ કરશે તો ગુનેગાર થશે નહીં.

મસઅલો. એક માણુસનું હેવાલ જો બે તરેહથી બયાન થઇ શકતું હોય, એક એવી રીતે કે તેને ખોટું લાગે અને બીજું એવી રીતે કે તેને ખોટું લાગે નહિ તો પેહલી તરેહથી બયાન કરવાથી ગીબત થઇ જશે અને બીજી તરેહથી બયાન કરવાથી ગીબત થશે નહીં. જેવી રીતે કે જે માણુસ કાણો હોય તેની પછાડી કાણો કહેવાથી ગીબત થઇ જશે પણ જો એમ કહીશું કે તે માણુસ કે જેવણની એક આંખમાં નુકસાન છે, અથવા એક આંખથી દેખાતું નથી, એવી રીતે તે માણુસનો પત્તો બતલાવવા વાસ્તે કેહવું જાયઝ છે. અથવા કોઇને લાંબો તાડ કહે તો ગીબત થશે પણ કદમાં તેવણ લાંબા છે એમ કહેતો ગીબત થશે નહીં.

મસઅલો–કોઇ ખાસ માણુસનું નામ દઇને નહીં કહે પણ એક ટોળાનું બયાન કરે કે જેઓના નામ નહીં દેવાય. જેવી રીતે કે એમ કહે કે ફલાણા શેહેરના માણુસો ઘણો દગો ફટકો કરનારા છે. અથવા એમ કહે કે ફલાણા ગામના રેહનારાઓ ઘણા બેવકુફ હોય છે, તો એ ગીબત થશે નહીં.

મસઅલો. કોઇ ખાસ માણુસની ગીબત કરે પણ નામ નહીં લીએ તો ગીબત થશે નહીં. પણ જો એવી રીતે બયાન કરે કે લોકો ઓળખી લીએ [કે એ વાત ફલાણા માણુસ વાસ્તેજ થઇ

રહેલી છે] જેવી રીતે કે એમ કહે કે શેહેરનો કાઝી અથવા કોટ-વાલ એવી તરેહનો છે. અથવા એવી રીતે તો નહીં પણ એવી ઢબથી બયાન કરે કે સાંભળનારાઓમાંથી કોઇ જાણતું હોય કે આ ફલાણા માણસનો હેવાલ છે, તો ગીબત થઇ જશે.

મસઅલો. ગીબતનો ગુનો માફ થવાની રીત એજ છે કે જેની ગીબત કીધી હોય તેનાથી પોતાની કસૂર માફ કરાવે. અને બેહકી [રહ] એ હઝરત અનસ બિન માલેક [રદી] થી હદીસ રિવાયત કીધી છે કે ગીબતનો કફફારો [માફ થઇ જવાની રીત] એ છે કે જેની ગીબત કીધી હોય તેને વાસ્તે તેના ગુનાહોની માફીની દોઆ માંગે. અને એમ કહે કે **અલ્લાહુમગફિર લના વ લહુ.** એટલે યા અલ્લાહ અમારા અને [જેની ગીબત અમે કીધી છે] તેના ગુનાહોને માફ કરી દે. અને હઝરત મોજાહિદ [રહ] ફર-માવે છે કે [ગીબતની માફી વાસ્તે] જેની ગીબત કીધી હોય તેની તારીફ કરે અને તેને વાસ્તે દોઆ કરે. [ગીબતનું બયાન ઘણાજ ખુલાસા સાથે જોવું હોય તો જનાબ મૌલવી અબદુલ હઇ સાહેબ લખનવી [રહ] ની **ઝજરૂશ શુબ્બાન વશશીબા** નામની કિતાબ જે ઉર્દુમાં છે તે જોવી.]

જૂઠું બોલવાનું બયાન.

(કુરઆને શરીફમાં) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે જૂઠી વાત તેજ લોકો બનાવે છે કે જેઓ ઇમાન રાખતા નથી. (જુઓ ૧૪ મા પારાનો ૨૦ મો રૂકૂઅ) હઝરત ઇમામ અહમદ (હંબલ રદી) અને બયહકી (રહ) એ હદીસ રિવાયત કીધી છે કે જનાબ રસૂલે ખુદા [સલ] એ ફરમાવ્યું કે "દરેક ગુણ મુસલમાનની ટેવ

થઇ શકે છે પણ સોંપેલી ચીજપર બદ દાનત કરવી [બેયાનત] અને જૂઠ શિવાય," એટલે ઇમાનની સાથે જૂઠ અથવા બેયાનત એ એકઠા થઇ શકતા નથી.

સહીહૈન (બુખારી અને મુસલિમ શરીફ) માં હદીસ છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "તમે હમેશ સાચું બોલવાની ટેવ પાડો. બેશક સાચું બોલવું નેક કામ તરફ હિદાયત કરે છે, અને નેક કામ (માણસને) જન્નતમાં પોંહચાડે છે. અને માણસ હમેશ સાચું બોલે છે અને સાચું બોલવાનું ધ્યાન રાખે છે, ત્યાર તે અલ્લાહ તઆલાની જનાબમાં સિદ્દીક લખાઇ જાય છે. અને તમે જૂઠું બોલવાથી બહુ બચો. બેશક જૂઠું (માણસને) બુરા કામો તરફ પોંહચાડે છે. અને બુરા કામો (માણસને) જહન્નમ તરફ પોંહચાડે છે. અને માણસ હવે જૂઠું બોલે છે અને જૂઠું બોલવાનો ઇરાદો રાખે છે, ત્યારે તે ખુદા પાક પાસે ઘણો જૂઠો લખાઇ જાય છે."

અને તિરમિઝીમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જ્યારે આદમી જૂઠું બોલે છે ત્યારે ફિરિસ્તો તેનાથી એક કોસ દૂર થઇ જાય છે. કારણ કે જૂઠની બહુજ બદબો હોય છે કે જે તેના મોઢામાંથી નિકળે છે." અને બુખારી શરીફમાં એક લાંબી હદીસ છે કે જેમાં આપે (સલ) ફરમાવ્યું છે કે સ્વપ્નામાં મને જીબરીલ અને મીકાઇલ (અલ) લઇ ગયા અને કેટલાએક અજાયબ જેવી ચીજો મને દેખાડી અને તેમાંજ આપે (સલ) જોયું કે એક માણસ બેઠેલો છે અને એક ઉભેલો છે. અને તે (ઉભેલા માણસ) ના હાથમાં એક લોઢાની આંકડી છે અને

તે આંકડીને પેલા બેઠેલા માણસના મોઢામાં નાંખીને તેના એક તરફના જડબાને પીઠ સુધી ચીરે છે. પછી તે આંકડાને કાઢીને બીજા જડબાને પીઠ સુધી ચીરે છે. અને (બીજા જડબાને તે ચીરે છે) તેટલી વારમાં પેહેલાં ચીરેલું જડબું પાછું જેવું હતું તેવું દુરસ્ત થઇ જાય છે. પછી તે આંકડી કાઢીને તે જડબામાં નાંખે છે, અને પાછો તેને તેવીજ રીતે કરે છે (ચીરે છે). આપે (સલ) પૂછ્યું કે એ કોણ છે? હઝરત જીબરીલે અને મીકાઇલે (અલ) જોયલી અજાયબ ચીજોનો હેવાલ બયાન કરતી વખતે કહ્યું કે એ જૂઠું બોલનાર માણસ છે, કે જે (ઘણી ખરી) જૂઠી વાતો બોલે છે, અને તેની તે જુઠી વાતો લોકોમાં ફેલાઇ જાય છે, ત્યારે એવા માણસને કેયામત સુધી એવોજ અઝાબ થયા કરશે."

મસઅલો. કેટલીક રીતે જુઠું બોલવું જાયઝ છે. [૧] કોઇ મુસલમાનની જાન કે આબરૂ બચાવવા વાસ્તે. જેમકે એક જુલમી માણસ એક મુસલમાનને કતલ કરવાનો અથવા તેની આબરૂ બગાડવાનો ઇરાદો રાખે અને તે બિચારો કોઇના ઘરમાં સંતાઇ જાય અને તે જુલમી માણસ તેનાથી પુછે (કે ફલાણો માણસ તમારે ત્યાં છે) ત્યારે તે (ઘરવાળા) માણસને જોઇએ કે "મારા ઘરમાં નથી" એમ કહી દીએ. એવીજ રીતે કોઇ મુસલમાનનો માલ કોઇ મુસલમાન પાસે હોય અને કોઇ જુલમી માણસ તે માલ તેની પાસેથી છીનવી લેવા માંગે ત્યારે એ માણસને એમ કહી દેવું જોઇએ કે "તે માલ મારી પાસે નથી." એટલુંજ નહીં પણ એવી હાલતમાં જુઠું બોલવું વાજેબ છે, અને સાચું બોલવું નાજાયઝ છે. અને પોતાની જાન માલ અને આબ-

રને બચાવવાં વાસ્તે જુઠું બોલવું જાયઝ છે. જેવી રીતે કે એક જુલ્મી માણસની બીક હોય કે જો તે એમ જાણી લેશે કે મને ઝૈદ નામના અમુક માણસ સાથે દોસ્તી છે તો તે મને કતલ કરશે, અથવા મારી આબરૂને નુકસાન પોંહચાડશે. અને જુલ્મી માણસ તેનાથી પૂછે તો અગરજો તેની ઝૈદની સાથે દોસ્તી હોય તે છતાં ના કહી દે કે "મારી સાથે તેની દોસ્તી નથી." અને એવી રીતે જો તે એમ સમજે કે જો તેને મારા માલની ખબર પડશે તો તે છીનવી લેશે તો તે માલ તેને જણાવે નહીં અને કહી દે કે "માલ મારી પાસે નથી."

(૨) પોતાનો ગુનો છુપાવવા વાસ્તે જુઠું બોલવું જાયઝ છે એટલુંજ નહીં પણ વાજેબ છે. ગુનો જાહેર કરવો જાયઝ નથી. કોઇ માણસથી ઝિનાનો ગુનો થઇ ગયો હોય અને પછી બીજો માણસ તે વિશે તેનાથી પૂછે તો ચોખ્ખી ના કહી દીએ. ગુનો કરીને પછી તેને જાહેર કરવું બીજો ગુનો છે. ઇમામ હાકેમે (રહ) હદીસ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જે કામો કરવાથી તમને ખુદા પાકે મનાઇ કીધી છે તેનાથી પોતાને બચાવો. પછી જો કોઇથી તેવું કામ થઇ જાય તો તેને ખુદા પાકના પડદાથી સંતાડે."

(૩) બે મુસલમાનો વચ્ચે મેળાપ કરાવી દેવાને (કે જ્યારે તેઓ વઢી પડયા હોય) જુઠું બોલવું જાયઝ છે. જેમકે એકની પાસે જઇને કહે કે તે તમારી તારીફ કરતો હતો, અને પોતાની ભૂલ કબૂલ રાખતો હતો. અને એવીજ તરેહની વાતો કરે કે જેથી તે રાજી થઇ જાય. અને તે બીજા માણસ પાસે જઇને પણ એવીજ

વાતો કરે. અગર જો તે બંનેમાંથી એક પણ એવી વાત કીધી નહીં હોય. એટલુંજ નહીં પણ એક બીજાને ઘણુંજ ભુંડું બોલ્યા હોય. તો એવી રીતે જુઠું બોલવું પણ જાયઝ છે. એટલુંજ નહીં પણ સવાબનું કામ છે. (ગુલિસ્તાનમાં હઝરત શેખ સઅદી (રહ) એ ફરમાવ્યું છે કે) ફાયદો કરનાર જુઠું બોલવું, જે સાચું બોલવાથી નુકસાની થાય તેના કરતાં બેહતર છે. તેની મતલબ એવીજ ઉપર જણાવેલી હાલતો છે.

મુસલિમ અને બુખારી શરીફમાં હદીસ છે કે જનાબ રસૂલુ-લ્લાહે [સલ] ફરમાવ્યું કે "જે માણુસ [બે વઢી પડેલા] માણસો વચ્ચે મેળાપ કરાવી દેવાને સારી વાત પોતે પણ કહે અને બીજા-એ સારી વાત કહી છે એમ કહે તે જુઠો નથી."

[૪] લડાઇમાં દુશમનને દગો દેવા વાસ્તે જુઠું બોલવું જાયઝ છે. બુખારી અને મુસલેમ શરીફમાં છે કે જનાબ રસૂલે ખુદા (સલ) એ ફરમાવ્યું કે "લડાઇ (યુદ્ધ) દગો ફટકો છે." અને તેની મતલબ એવી તરેહનું જૂઠ છે કે જેથી દુશમન (શત્રુ) ને દગો દઇને તેના-પર ફતેહ પામે.

દાખલા તરીકે લડાઇમાં દુશમનથી કહે કે "જો! તારી પછાડી એક ઘોડેસ્વાર આવે છે." જ્યારે તે પેલી તરફ જુએ ત્યારે એ માણુસ તેનાપર તલવારનો વાર કરે. પણ કોલકરાર કરી તે તોડી નાખી દગો કરવો જાયઝ નથી. દાખલા તરીકે દુશમનોની સાથે કોલકરાર થાય કે ચાર મહિના સુધી અમે તમારી સાથે લડાઇ કરશું નહીં. પછી તે મુદત દરમ્યાન એકાએક તેઓની ઉપર ચઢાઇ કરી દીએ (એ નાજાયઝ છે).

(૫) ધણીને પોતાની ઓરતને રાજી કરવા વાસ્તે અને ધણીઆણીને પોતાના ધણીને રાજી કરવા વાસ્તે જુઠું બોલવું જાયઝ છે. મુસ્લિમ શરીફમાં હદીસ છે કે હઝરતે (સલ્લ) ત્રણ વાતોમાં જૂઠું બોલવાની રજા દીધી છે. (તેમાંની) એક તો એકે (જુઠું બોલનાર) માણસને (તેમ જૂઠું બોલવાથી) કોઇ (દુની-યાની વાત અથવા કામનો) સુધારો મંજૂર હોય. બીજી એકે (એવી) કોઇ (જૂઠી) વાત લડાઇમાં (દુશમનને ધોકો દેવા વાસ્તે) કહે. ત્રીજી એ કે ધણી પોતાની ધણીઆણીની સાથે વાતો કરે અથવા ધણીઆણી પોતાના ધણી સાથે (જૂઠી) વાતો કરે (અને તેમ કરવાથી તેઓની મતલબ એક બીજાને રાજી રાખવાની હોય). દાખલા તરીકે ઓરત કંઇ ઘરેણું અથવા માલ ધણી પાસે આગ્રહ કરીને માંગે અને ધણી તેણીને પટાવી લેવા વાસ્તે જૂઠો વાયદો કરે તો જાયઝ છે. એક બીજાને રાજી રાખવા વાસ્તે પોતાની એટલી મોહબ્બત દેખાડે કે તેટલી મોહબ્બત તે પોતાના દિલમાં રાખતું નહીં હોય તો એ પણ જાયઝ છે.

મસઅલો. બચ્ચાને સમજાવી પટાવી લેવા વાસ્તે જુઠું બોલવું જાયઝ છે. દાખલા તરીખે છોકરો નિશાળે નહિ જતો હોય તો તેને એમજ કેહવું કે તું નિશાળે થઇ આવ, પછી અમે તને એક તમાશો દેખાડશું, અથવા ફલાણી ચીજ દેશું.

ફાયદો. હઝરત ઇમામ ગઝઝાલી (રહ)એ એ તમામ રીતો કે જેમાં જૂઠું બોલવું જાયઝ છે, બયાન કીધી છે. અને લખ્યું છે કે દરેક જૂઠમાં એટલું નુકસાન તો જરૂર થાય છે કે સાંભળનારને એક ખોટી વાત માલમ પડે. ત્યારે જે કોઇ ઠેકાણે સાચું બોલવાથી આ નુકસાનથી વધારે નુકસાન થવાની વકી હોય જેવી રીતે કે જાન

અથવા માલ કોઇ માણસનાં જતાં રહેતાં હોય તો સાચું બોલવું જાયઝ નથી. અને તેવીજ રીતે જે ઠેકાણે જુઠું બોલવાથી એટલો ફાયદો થતો હોય કે જેની આગળ મઝ્કૂર નુકસાન કંઇ પણ નથી ત્યાં જુઠું બોલવું જાયઝ છે.

બે મુસલમાનો વચ્ચે મેળાપ કરાવવા વાસ્તે, અને (લડાઇમાં) દુશમનને હરાવવા વાસ્તે જુઠું બોલવું જાયઝ હોવાનું કારણ એજ છે. અને ધણી ધણીઆણી બંનેમાં મોહબ્બત રાખવાની ઘણી તાકીદ છે. એ બંને વચ્ચે બગાડ થવાથી દીનમાં ઘણા ફસાદ પેદા થાય છે. અને તેથી કરીને આ ફાયદા વાસ્તે જુઠું બોલવું જાયઝ છે. પણ જ્યાં સુધી સાચું બોલવાથી કામ ચાલતું હોય ત્યાં સુધી જુઠું બોલવું નહીં. કેમકે જુઠું બોલવુ જરૂરની વખતે જાયઝ છે. અને જે માણસ પોતાના ઉપર જુઠાણાનો દરવાજો ખોલશે તો તે માણસ જ્યાં જુઠું નહિ બોલવું હશે ત્યાં પણ બોલશે.

ફાયદા. સૌથી ભારે જુઠું એ છે કે જુઠો મસઅલો બયાન કરે. અથવા કશફ કે ઇલહામને નામે કોઇ વાત જુઠી જાહેર કરે. અથવા હદીસ જુઠી પોતાના મનથી ઘડી કાઢે. બુખારી શરીફમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જે કોઇ જુઠું બોલે મારા તરફથી જાણી જોઇને, (એટલે એવી વાત જાણી જોઇને કહે કે રસૂલુલ્લાહે (સલ) એમ ફરમાવ્યું અથવા એમ કીધું અથવા આપ (સલ)ની રૂબરૂ એવું કામ થયું અને તે પોતે જાણતો હોય કે એ વાત તદ્દન ખોટી છે અને હું જુઠું બોલી રહ્યો છું તો) તે (માણસ) પોતાનું ઠેકાણું જહન્નમમાં (છે એમ ખાત્રી પૂર્વક) સમજી લીએ.

ફાયદો. જૂઠા સ્વપ્નાઓ (ખ્વાબો) બયાન કરવા પણ મોટો ગુનો છે. બુખારી શરીફમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " ભારે જૂઠાણાઓમાંનું જૂઠાણું એ છે કે માણસ પોતાની આંખનું જોયું બયાન કરે એવી વાતને વાસ્તે જે (તેણે) જોઇ નહીં હોય. " વળી બુખારી શરીફમાં (બીજી) હદીસ છે કે (જનાબ રસૂલે ખોદા (સલ) એ ફરમાવ્યું કે) કેયામતને દહાડે તે માણસને તકલીફ દેવામાં આવશે કે જે માણસ જૂઠા સ્વપ્નાઓ ઘડી કાઢે (અને પછી બયાન કરે. અને) તે તકલીફ એ વાતની થશે કે જૌ (ના બે દાણાઓ) માં ગાંઠ દીએ. એટલે તેના પર અઝાબ કરવામાં આવશે કે (ગમે તેમ કરી તે માણસ એ જૌમાં ગાંઠ દીએ અને જૌમાં ગાંઠ દેવી કદી નહિ બની શકે એવી વાત છે.)"

ફાયદો. જૂઠો દાવો (કોર્ટમાં કે લોકો આગળ) રજુ કરવો પણ મોટો ગુનો છે. મુસલિમ શરીફમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " જે માણસ જાણી જોઇને પોતાના બાપ શિવાય બીજાને પોતાનો બાપ બનાવે તેના ઉપર જંનત હરામ છે " (એટલે પોતે સૈયદ નહિ હોય છતાં સૈયદ બની જાય તેવા માણસો વાસ્તે આ હદીસ છે). **ફાયદો.** મુસલિમ શરીફમાં (હદીસ) છે કે જનાબ રસૂલે ખોદા (સલ) એ ફરમાવ્યું કે " માણસને જૂઠો બનાવાને વાસ્તે એટલુંજ બસ છે કે દરેક સંભળેલી વાત કહી દીએ." તેથી કરીને માણસને જોઇએ કે દરેક સાંભળેલી વાત સારી રીતે તેની તપાસ કર્યા વિના બયાન નહિ કરે. નહિ તો (ખોદા પાક પાસે) તે જુઠાઓમાં ગણાશે (અને જુઠાઓ વાસ્તે જે અઝાબની હદીસો છે. તે તેનાપર લાગુ પડશે).

જૂઠી સોગન અને જૂઠી ગવાહીનું બયાન.

સહીહ બુખારીમાં (હદીસ) છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "સૌથી મોટા ગુનાહો એ છે કે ખુદા પાકની સાથે (તેની પેદા કીધેલી મખલૂકમાંથી) કોઇને (પણ તેની ઝાત કે સિફતો કે ઇબાદતમાં) શરીક કરવો, અને માબાપનું કહેવું, (દુન્યા અને દિનના જાયઝ કામોમાં) નહિ માનવું, અને જુલમથી કોઇને મારી નંખવું, અને જુઠા સોગન ખાવા." હદીસમાં આ જગ્યાએ (અરબી શબ્દ) યમીને ગેમૂસ આવેલું છે. અને તેની મતલબ એ છે કે એક વાત નહિ થઇ હોય છતાં સમ ખાઇને કહેવું કે તે વાત થઇ છે. ગેમૂસના અર્થ પાણીમાં ડુબકી દેનાર છે. જુઠા સમ માણસને ડુબકી દે છે, અને તેથી તે જહંનમમાં ડુબકી દેશે. અને તેથી તેનું નામ યમીને ગમૂસ છે.

અને સહીહ મુસલિમમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "ત્રણ માણસોથી કયામતને દહાડે ખુદા પાક વાત કરશે નહિ, અને તેમજ તેઓની તરફ રહેમત (દયા)ની નઝરથી જોશે પણ નહિ. એક તો (તે માણસ કે) જે (કોઇને કંઇ) દઇને તેના પર (પોતાનો) ઉપકાર દેખાડે. બીજો (તે માણસ કે) જે પોતાના માલને જુઠા સમ ખાઇને (વેચીને) ફેલાવે. ત્રીજો (તે માણસ કે) જે પોતાની ઇજાર (અને તેમજ બીજાં માથા તરફથી પેહરાતાં અને પગો તરફ લટકતાં લુગડાંઓને ગુંટીને નીચે લટકાવનાર)." પેંટલૂન પેહરનારા સાહેબોને જોઇએ કે આ હદીસ ધ્યાન દઇને વાંચે કેમકે પાટલૂન હમેશા ગુંટીને નીચેજ લટકે છે).

અને સહીહેન (બુખારી અને મુસલિમ) માં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જૂઠા સોગન માલને વેચાઇ

નાંખે છે પણ ધંધાની બરકત તેનાથી જતી રહે છે." ફાયદો. ઘણા દુકાનદારોની ટેવ હોય છે કે માલ વેચતી વખતે જૂઠા સોગન ખાય છે. મચ્ચરૂર બંને હદીસોમાં તેનુંજ બયાન છે.

અને (શાહ વલીયુલ્લાહ સાહેબ દેહલવી (રહ) ની) સહીહ (ચેહેલ) હદીસમાં છે કે "જૂઠી કસમ ઘરોને વેરાન કરી નાંખી છે." એટલે જૂઠી કસમના પાપને લીધે સેંકડો ઘર ઉજાજડ થઇ જાય છે. સહીહૈનમાં છે કે જનાબ રસૂલે ખુદા (સલ) એ ફર-માવ્યું કે "જે માણસ જૂઠી કસમ ખાઇને કોઇ મુસલમાનનું માલ વગર હકે લઇ લીએ ત્યારે કેયામતને દહાડે જે વખતે તે ખુદા પાકની હુઝુર જશે તે વખતે અલ્લાહ તઆલા તેનાપર (બહુજ) ગુસ્સે થશે. અને (એટલું ફરમાવી) આપે (સલ) પોતાની હ-દીસને સાચવવા વાસ્તે આ આયત પઢી કે "જે લોકો અલ્લાહ પા-કને વચ્ચે નાંખીને અને જૂઠા સોગન ખાઇને દુન્યાનો થોડો (નજીવો) માલ લે છે, તેઓને વાસ્તે આખેરતમાં (જંનતની નેઅમતોનો) કંઇ પણ હિસ્સો નથી. અને ખુદા પાક કેયામતને દિવસે તેઓ સાથે વાત કરશે નહિ, અને દયાથી તેઓને જોશે નહિ, અને તેઓને ગુનાહોથી પાક કરશે નહિ, અને તેઓને બહુજ ઇજા પોંહચાડનારૂં અઝાબ કરવામાં આવશે.

(ઇમામ) મુસલિમ અને (ઇમામ) માલેક અને (ઇમામ) નસાઇ (રહ) એ પોતાની હદીસોની કિતાબોમાં હદીસ રિવાયત કીધી છે કે "જે માણસ જૂઠા સોગન ખાઇને કોઇ મુસલમાનનું હક છીનવી લીએ તે માણસપર ખુદા પાકે જંનત હરામ કીધી છે અને જહંનમ તેને વાસ્તે વાજેબ કીધી છે. સહાબીયો (રદી) એ પૂછયું કે જો થોડી નજીવી ચીજ હોય તોપણ (શું તેની

આજ સજા છે)? આપે (સલ) ફરમાવ્યું કે અગર જો પીલ-વાણુની ડાંખલી કેમ ન હોય (તોપણ તેને વાસ્તે એજ સજા છે.)"

ફાયદો. હનફી મઝહબમાં જૂઠા સોગન કે જેને અરબી ભાષામાં યમીને ગમૂસ કહે છે તેનો કફ્ફારો જ નથી. (બાકી કસમોનો કફ્ફારો છે. પણ એ એવો ગુનો છે કે એનો કફ્ફારો નથી.) અને જો કોઇ બીજી આવતા વખતમાં થનારી વાતપર સોગન ખાય. જેમકે સમ ખાઇને કહે કે આજે ખાવું ખાશ નહિ, અથવા ફલાણાની સાથે વાતચીત કરીશ નહિ. તો એને યમીને મુનઅકદા કહે છે. અને જો સમ ખાધા હોય તેનાથી ઉલટું કરવાથી તેનાપર કફ્ફારો દેવો જરૂરી છે. (અને તે કફ્ફારો એ છે કે) દસ ફકીરોને બે વખત પેટ ભરીને ખવાડે, અથવા ફિતરના સદકા જેટલું (અનાજ કે પૈસા) તે દસ ફકીરોને દઈ દીએ. અથવા (દસ) ફકીરોને લુગડાં એવાં પેહરાવે કે જેથી તેઓના બદનનો ઘણો ભાગ ઢંકાઇ જાય. જેમકે એક એક અંગરખો અથવા એક ઇજાર અથવા એક ચાદર અથવા એક લુંગી દરેક ફકીરને દીએ. * (કસમના અને તેના કફ્ફારાના મસઅલા બહુજ સારા ખુલાસા સાથે ગુજરાતી તેમજ ઉર્દુ બેહેશ્તી ઝેવર ભાગ ૩ જામાં જોવા દરેક મુસલમાનને જરૂરી છે.) અથવા એક ગુલામ આઝાદ કરે. અને જો એમ નહિ થઇ શકે તોજ ત્રણ દિવસ સુધી (લગોલગ) રોઝા રાખે. કફ્ફારો દેવાથી કોઇ કામ કરવાને કે નહિ કરવાને સમ ખાધા પછી તેથી ઉલટું કરવાથી સોગન તૂટી જવાનો જે ગુનો થયો હતો તે માફ થઈ જાય છે. પણ જુઠી સોગન ખાવાનો તો એટલો મોટો ગુનો છે કે તે કફ્ફારો દેવાથી માફ થતો નથી. અને જુઠા સોગન ખાનારને વાસ્તે આખેરતમાં અઝાબ થવાનું બયાન આવેલું છે.

મસઅલો. જો કોઇ સારૂં કામ છોડવાને વાસ્તે સોગન ખાય કે માબાપથી વાતચીત નહિ કરીશ. અથવા ઇલમ પઢીશ નહિ. તેને જોઇએ કે પોતાના સમ તોડી નાંખી ઉપર મૂજબ કફફારો દીએ. એ બયાન (હુકમ) સહીહ હદીસમાં આવેલું છે.

અલ્લાહ પાક શિવાય બીજી કોઇ પણ તેની પેદા કીધેલી ચીજની (જેમંકે હઝરત નબી કે રસૂલુલ્લાહ (સલ) ની કસમ, અથવા ખુદા રસૂલની કસમ, અથવા હઝરત પીરની કસમ, વડાપીરની કસમ, ફિરિસ્તાઓની કસમ, બૈતુલ્લાહની કસમ, મકકા શરીફની કસમ, ખ્વાજા અજમેરની કસમ, અથવા કુરઆને શરીફને પોતાના હાથમાં લઇને કહે કે આ કુરઆનની અથવા આ કલામુલ્લાહની કસમ તો એવી કસમો) ખાવી હરામ અને શિરક છે.

(ઇમામ) અબૂદાઉદ અને નસાઇ (રહ) એ રિવાયત કીધી છે કે હઝરત રસૂલેખુદા (સલ) એ ફરમાવ્યું કે પોતાના માબાપોની અને જે (બુતો અથવા તેઓના જેવી પૂજવામાં આવતી બીજી) ચીજોને ખુદા પાકની સાથે (ઇબાદતમાં કે ઝાતમાં કે સિફતોમાં) શરીક કરવામાં આવે છે તેઓના સમ તમે નહિ ખાઓ. તેમજ ખોદાના સોગન પણ સાચી વાત શિવાય (બીજી કોઇ પણ જૂઠી અથવા શક ભરેલી વાતમાં) ખાશો નહિ. અને તિરમિઝીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલેખોદા (સલ) એ ફરમાવ્યું કે "જે કોઇ માણસે ખુદા પાક શિવાય કોઇના પણ સમ ખાધા તો બેશક તેણે શિરક કીધો." "શિરક કીધો" એટલે (તે મુશરેક કાફેર બની ગયો નહિ પણ તેણે મુશરેકોનું આ કામ કીધું, કે જે ઠેકાણે ખોદા પાકનું નામ લેવું જોઇતું હતું ત્યાં તેણે તેની મખલુકનું નામ લીધું.)

કેટલાક લોકો એવા નાદાન હોય છે કે ખોદા પાકની કસમ ખાવાને તેઓ એટલા બીતા નથી જેટલા કે કોઇ વલીયલ્લાહ (અથવા પોતાના મુરશેદ)ના સમ ખાવાને બીએ છે. જેવી રીતે કે મારવાડ તરફના લોકોની હાલત હઝરત શાહ મદાર (રહ)ની સાથે એવીજ જોવામાં આવે છે. અને [આ કિતાબ બનાવનાર સાહેબ ફરમાવે છે કે] મેં હઝરત બડા પીર સાહેબ [રહ] ની સાથે પણ એવીજ રીતે વૃતતાં કેટલાક નાદાનોને જોયા છે. [જેવા કે ઘણા ખરા આપણી ગુજરાતના મેમણોની હાલત છે.]

ત્યારે જો કોઇ માણસ [ખુદા પાક શિવાય] બીજા કોઇની પણ કસમ એવી રીતે ખાય કે તેની મોટાઇ ખોદા પાક જેવી તે માને છે, તેને નફો અને નુકસાનનો અખત્યાર ધરાવનાર સમજે છે, અને એવો અકીદો રાખતો હોય કે જો અમે તે [બુઝુર્ગ]ની જુઠી કસમ ખાધું તો તે [બુઝુર્ગ] અમારૂં સત્યાનાશ કરી નાંખશે, તો તે માણસના કાફેર અને મુશરેક હોવામાં કોઇ રકમનો શક નથી. અને જો એવા એતેકાદથી (ખોદા પાક શિવાય) કોઇપણ બીજાની કસમ નહિ ખાય. જેવી રીતે કે બાપની કે દીકરાની કસમ તો તે કાફેર થશે નહિ (પણ બુઝુર્ગોની કસમ ખાવામાં તો જરૂર અને બેશક એજ એતેકાદ હોય છે. નહીંતો તેઓ તે બુઝુર્ગોની કસમ ખાવાને બીએજ કેમ?) પણ એવી કસમ ખાવી પણ જાયઝ નથી. **લમઆત** (મિશકાત શરીફની) હદીસોની શરેહો (માંની એક શરેહની કિતાબ) વિગેરેમાં એ મસઅલો એ-વીજ રીતે લખ્યો છે.

(ઇમામ) અબૂદાઉદ, ઇમામ અહમદ (હંબલ) અને તિર્મિઝી (રહ) એ રીવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું

કે "જુઠી ગવાહી દેવી શિરકની સાથે સરખી રીતે ગણવામાં આવી છે." અને એજ પ્રમાણે આપે (સલ) ત્રણવાર ફરમાવ્યું. પછી આ આયત પઢી "તમે બુતો (ના મુજબ જેટલી ચીજો પૂજાય તે ચીજો) ની નાપાકી (શીરક)થી પોતાને દૂર રાખો. અને જુઠી વાત બોલવાથી દૂર રહો, અને તદ્દન અલ્લાહના થઇને તે (અલ્લાહ)ની સાથે શીરક કરનારા થશો નહિ." જુઓ ૧૭ મા પારાનો ૧૧ મો રૂકુઅ. અને બુખારી અને મુસલિમ શરીફમાં હદીસ છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "કબીરા ગુનાહો એ છે કે ખુદાપાકની સાથે (તેની મખલુકમાંથી) કોઇને (તેની ઝાત કે સિફતો કે કામોમાં કે ઇબાદતોમાં) શરીક કરવો (હદીસમાં એ ગુનાનું નામ કબીરા ગુનો રાખ્યો છે પણ દીનના તમામ આલેમોએ એ ગુનાને બીજા કબીરા ગુના જેવો ગણેલો નથી. કેમકે એનાથી ઇમાન તદન જતો રહે છે. અને બાકીના ગુનાહોથી ઇમાન જતો નથી), અને માબાપની નાફરમાની કરવી, અને બેઇનસાફીથી કોઇનું ખૂન કરવું, અને જુઠી ગવાહી દેવી.

જુઠો વાયદો, અને વચન તોડવાનું બયાન.

બુખારી અને મુસલિમમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "નિશાનીઓ મુનાફિકની ત્રણ છે. (અને તે એ છે કે) જ્યારે વાત કહે ત્યારે જુઠું બોલે, જ્યારે વાયદો કરે તો તેથી ઉલટું કરે અને જ્યારે તેની પાસે કંઇ અનામત મુકવામાં આવે ત્યારે તેમાં ચોરી કરે." અને વળી તેજ કિતાબોમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "ચારે વાતોમાં જે માણસમાં તેમાંની એક હોય તેમાં એક વાત મુનાફીકીની છે. (પણ એ મુનાફીકી તેમાં ત્યાંજ

સુધી છે કે) જ્યાં સુધી તે તેને છોડે. જ્યારે તેની પાસે અનામત રાખવામાં આવે તો તે તેમાંથી ચોરી કરે, અને જ્યાર વાત કરે ત્યારે જુઠું બોલે. અને જ્યારે વાયદો કરે તો તે વાયદાને પૂરો કરે નહિ અને જ્યારે કોઇથી તકરાર કરે ત્યારે ગાળો બકે. "

ફાયદો. હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દિસ દેહલવી (રહ) એ લખ્યું છે કે મુનાફિકની બે માયની છે. એક તો એકે દિલમાં કાફર હોય અને જાહેરમાં મુસલમાન. કલામુલ્લાહમાં જે આવેલું છે કે "બેશક મુનાફિકો જહન્નમમાં છેક નીચેના ભાગમાં હોશે." તે મુનાફિકોથી મતલબ એવાજ મુનાફિકો છે. બીજું એકે ઇમાન બહુજ કમજોર હોય અને ઇમાનની કમજોરીને લીધે કાફિર કે મુનાફિકોનાં જેવાં ભયંકર કામો તે કરવા લાગે અને તેનો ઇમાન એવો મજબૂત નહિ હોય કે તેને ગુનાહોથી રોકી શકે. અને ઉપલી હદીસમાં જે મુનાફિકોનાં બયાન છે. તેથી મતલબ એવાજ મુનાફિકો સમજવા (ભૂલથી તેઓને કાફિર મુનાફિકો સમજશો નહિ.)

(હઝરત ઇમામ) બેહકી (રહ) એ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " જેણે પોતાનું વચન નહિ પાળ્યું તેનામાં દીનજ નથી ". એટલે જે માણસ પોતાના દીનને નહિ બચાવે તેનું ઇમાનજ નથી. મુસલિમ શરીફમાં હદીસ છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " વચન તોડનારને વાસ્તે, કયામતને દહાડે તેની પીઠની પાછળ, બેસવાની જગ્યામાં એક વાવટો ઉભો કરવામાં આવશે. અને તેણે જેટલું મોટું વચન તોડયું હશે તેટલો તે વાવટો ઉંચો કરવામાં આવશે. અને સૌથી મોટું વચનનું તોડવું બાદશાહનું છે."

મસઅલો. જો વાયદો કરતી વખતે એ વાતની નીયત હોય કે હું એ વચન પાળીશ, પણ પછીથી કંઈ ઉજરને લીધે તેને નહિ પાળી શકે તો તેથી તે ગુનેગાર થશે નહિ. એવાજ મતલબની એક હદીસ અબુદાઉદ અને તિરમિઝીમાં છે. અને જો વાયદો કરતી-જ વખતે એવો ઇરાદો હોય કે હું તેને પૂરો કરીશ નહિ તો એ નિશાની નિફાકની છે, અને એ કબીરો ગુનો છે.

મસઅલો. જો બુરા કામને વાસ્તે વાયદો કરે. જેમ કે નાચની મેહફિલમાં જવાનો અથવા લાંચ દેવાનો તો તેને પુરો કરવો જાયઝ નથી (પણ હરામ છે).

ચાડી ચુગલી અને ભેદ ફોડવાનું બયાન.

નમીમા એટલે એક માણસની વાત બીજાની આગળ એવી રીતે કેહવી કે જેમાં ઝઘડો પેદા થાય. જેમકે કોઇએ કોઇને પોતાને ઘેર બુરૂં કહ્યું હોય, તેને જઇને કોઈ કહી દીએ કે ફલાણાએ તારા વાસ્તે માઠું કહયું છે. આપણી વાતમાં તેને ચાડી ચુગલી કહે છે. બુખારી અને મુસલીમમાં છે કે ચાડીયો જંનતમાં જશે નહિ. અને અબુદાઉદ અને તિરમિઝીમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સઅ) ફરમાવ્યું કે "જયારે માણસ એક વાત કહે અને પોતાનું મોઢું ફેરવે (એટલે ત્યાંથી ચાલ્યો જાય) ત્યારે તે વાત તેની પાસે અનામત છે. ત્યારે જે માણસ કોઇનો ભેદ બીજાને કહે તો જાણે તેની અનામતમાં ચોરી કીધી. અને સહીહ હદીસ ઉપર (વચન તોડવાના બયાનમાં) આવી ગઇ કે અનામતમાં ચોરી કરવી મુનાફિકનું કામ છે. અને વળી હદીસમાં બેહકી (રહ)ની રિવાયતમાં છે કે "જે માણસ અનામતને સંભાળતો નથી તેનામાં ઇમાનજ નથી."

મસઅલો. કોઇ શખ્સ કોઇ મુસલમાનને વગર હકે કતલ કરવાનો, અથવા બેઆબરૂ કરવાનો, અથવા બીજા કોઇ જુલમી કામનો ઇરાદો જાહેર કરે, અને તે મુસલમાનને તેને બચાવવાને ખાતેર જો એ વાતની છુપી રીતે ખબર કરવામાં આવે તો એમ કરવું વાજબ છે, એમાં કંઇ હરકત નથી.

બંને તરફ હોવાનું બયાન.

બંને તરફ હોવું એ છે કે બે વિરૂદ્ધ માણસોની સાથે તેઓની મન પસંદ વાત કરે (કે જેને ગુજરાતીમાં વગર ગાંડનો ધડીયો કહે છે.) બુખારી અને મુસલિમમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "કયામતને દહાડે બંને તરફ હાજીહા કેહનારા માણસને, તમે માણસોમાં સોથી ખરાબ માણસ જોશો કે જે માણસ આ (એક તરફના) લોકોની આગળ તેઓને મન પસંદ વાત કરે અને તે (બીજી તરફના) લોકો આગળ તેઓને ગમે તેવી વાતો કરે." અને દારમીએ રિવાયત કીધી છે કે, જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "દુન્યામાં જે બંને તરફ રેહશે તો કયામતને દિવસે તેને આગની બે જીભો થશે."

મસઅલો. જે માણસ બે મુસલમાનોમાં મેળાપ કરાવવા વાસ્તે દરેકની રૂબરૂ તેની મન પસંદ વાત કરે; જેવી રીતે કે અમે જૂઠાણાના બયાનમાં ઉપર લખી ગયા તો તેને ઉપલી હદીસમાં આવેલો ગુનો લાગુ પડશે નહિ."

શેઅરો (કાવ્ય)નું બયાન.

બુખારી અને મુસલિમમાં હદીસ છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " તમારામાંથી કોઇનું પેટ પીપથી ભરાઇ

તેને તદન બગાડી નાંખે, એ વાત, તેનું પેટ શેઅરોથી ભરેલું હોય, તેના કરતાં વધારે સારી છે." મુસલિમ શરીફમાં છે કે હઝરત અબૂસઇદ ખુદરી (રદી) એ કહ્યું કે "અમે જનાબ રસૂલુલ્લાહ (સલ) ની સાથે અરજ (નામની મક્કા શરીફ પાસે આવેલી એક જગ્યા) પરથી ચાલ્યા જતા હતા. એટલામાં એક શાએર (કવી) આવી પોહોંચ્યો કે જે શેઅરો પઢતો હતો. એટલે તે રસ્તામાં હર્ષ ઘેલો બની શેઅરો પઢતો ચાલ્યો જતો હતો. ત્યારે આપે (સલ) ફરમાવ્યું કે પકડો આ શેતાનને."

શેઅરોમાં એજ વાત ખરાબ છે કે માણસનું મન તેમાં એવું લાગી જાય છે કે પોતાનો વધારે વખત તે એમાંજ ખુએ છે. અને અલ્લાહ પાકની યાદ અને તેના હુકમોનું તે ધ્યાન રાખતો નથી. એવીજ તરેહના શાએરને આપે (સલ) શેતાન ફરમાવ્યો છે. નહિ તો શેઅરો તદનજ નહિ કેહવા એવી કોઇ પણ મનાઇ (દીનમાં) નથી.

દારકુતનીએ (રહ) રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "શેઅર (એ એવું) કલામ છે (કે) તેમાં જે સારી વાતો હોય તે સારી છે અને તેમાં જે ખરાબ વાતો હોય તે ખરાબ છે." એટલે નસર (પદ્ય) માં જે વાતો નઠારી ગણાય છે, તે વાતો નઝમ (ગદ્ય)માં પણ નઠારીજ ગણાય છે. અને જે વાતો નસરમાં સારી ગણાય છે તે નઝમમાં પણ સારીજ છે. એ હદીસથી એવાત સાબેત થઇ કે શાએરોમાં જે એ વાત મશહૂર છે કે શેઅરમાં જે મરજીમાં આવે તે ઠોકી મારવું જાયઝ છે, અગરજે તે કુફર કલમો કેમ ન હોય અને વળી તેઓ કહે છે કે "જે વાતો બીજા કોઇને વાસ્તે જાયઝ નથી તે વાતો

શાએરોને વાસ્તે જાયઝ છે " એ વાત તદન જૂઠી છે. કેમકે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવી દીધું કે જે વાત નસરમાં બુરી છે, શેઅરમાં પણ તે બુરી છે. ત્યારે જે શાએર પોતાના શેઅરોમાં એવી વાત રચે કે જેમાં બેઅદબી કોઇ પેગમબરની, જેમકે હઝરત મૂસા અથવા હઝરત ઇસા (અલ)ની થતી હોય, અથવા અલ્લાહ પાકની કંઇ બેઅદબી જણાઇ આવતી હોય, અથવા કોઇ બીજી કુફરની વાત જાહેર થતી હોય તો બેશક તે શાએર કાફેર થઇ જશે.

લતીફો.(કિતાબના રચનાર સાહેબ ફરમાવે છે કે) મેં એક શાએરની આગળ આ મસઅલો બયાન કીધો, ત્યારે તેવણ વિચારમાં પડયા અને કહેવા લાગ્યા કે અસલના જમાનાથી શાએરો એજ પ્રમાણે વગર બીકે જે મરજીમાં આવે તે લખી મારતા ચાલ્યા આવ્યા છે. મેં કહ્યું કે જો એવીજ બેઅદબીની વાતો શેઅરોમાં જોડી તમારા બાવા સાહેબની આગળ પઢું તમે બુરૂં સમજો છો કે નહિ ? તેવણે કહયું કે બેશક બુરૂં સમજીશ. ત્યારે મેં કહ્યું કે ખોદા પાકનો હક અને અંબીયા (અલ) ના હકો (હરેક મુસલમાનપર) માબાપ કરતાં વધારે છે. અને માબાપ કરતાં તેઓનો અદબ કરવો વધારે જરૂરી છે. તો જયારે બાપથી શેઅરોમાં બેઅદબી કરવી જાયઝ નથી, ત્યારે ખોદાપાક અને અંબીયા (અલ) ની સાથે તો તદન તદન જાયઝ થશેજ નહિ. તેવણ (આ મારી વાત) સમજી ગયા. અને ત્યાર પછી તેવા શેઅરો કેહવાથી તેવણે તૌબા કીધી.

અને એ તો ખુલી વાત છે કે શાએરી કંઇ કુફર કલમાઓમાંજ રોકાયલી નથી. જો કોશીશ કરવામાં આવે કે કુફર કલમાઓ શેઅરોમાં આવી શકે નહિ, ત્યારે પણ ઘણા સારા શેઅરો

તે કહી શકશે. હદથી વધારે તારીફ, અલંકાર, અને સરખામણી જેમકે એમ કેહવું કે માશૂકનું મોઢું ચૌદમી રાતના ચાંદ જેવું છે, અથવા જેની તારીફ કરવામાં આવે તેનો ઘોડો સાતમા આસમાન કરતાં વધારે તેજ ચાલી શકે છે, અથવા દોડવામાં તેનો ઘોડો દરીયા જેવો તેજ છે, એમ કેહવું શેઅરોમાં અને વાતચીતમાં દરેકમાં જાયઝ છે. અને એમ કહેવાથી જૂઠું બોલવાનો ગુનો લાગુ પડતો નથી. કેમકે જૂઠાણું અસલ તેજ છે કે જેને સાંભળનાર એક ખોટી વાતને ખરી વાત માને. અને એવી વાત સાંભળીને તો દરેક માણસ સમજી લેશે કે કેહનારની મતલબ ફક્ત તારીફ કરવાની છે. અને એવી તરેહની (તારીફ કરવાની) વાતો હદીસોમાં પણ આવી છે. જનાબ રસૂલુલ્લાહે (સલ) અબૂ તલહા (રદી) ના ઘોડાને દરીયો ફરમાવ્યો. અને એ રિવાયત બુખારી શરીફમાં છે.

સજઅ અને તકલ્લુફનું બયાન.

સજઅ એટલે કાફીયાવાળા શબ્દો વાપરી વાતચીત કરવી. અને તકલ્લુફના અર્થ બનાવટથી વાતો કરવાના છે. (એટલે પોતે કંઈ એવો પઢેલો ગણેલો નહિ હોય તોપણ વાતો એવી રીતે બનાવીને કરવી કે જેથી સાબેત થાય કે માણસ ઘણો ઇલમવાળો છે).

મુસલિમ શરીફમાં હદીસ છે કે જનાબ રસૂલે ખોદા (સલ) એ ફરમાવ્યું કે, "બનાવટથી વાતો કરનારા ખુવાર થયા." આ શબ્દો આપે ત્રણવાર ફરમાવ્યા. હઝરત શાહ અબદુલ હક મોહદ્દેસે દેહલવી (રહ) ફરમાવે છે કે (અરબીમાં જે મઝકૂર હદીસના શબ્દ) નતઅ (છે તે)ની માયની તાળુની સાથે વાત કરવાની છે. અને અહિં તેના અર્થ એ છે કે જીભ અને તાળવાથી જોડીને જોડીને વાતો કરવી અને રિયાને અર્થે વાતને બહૂજ ઉમદા બનાવવી છે.

તિર્મિઝી અને બયહકીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "બેશક તમારામાં મને સૌથી પ્યારો અને કેયામતને દહાડે તમારામાંથી મારી બહૂજ પાસે તે લોકો છે કે જેઓ નેક કામો કરનારા અને બોલચાલમાં નરમાશવાળા છે. અને બેશક તમારામાં મારા સૌથી વધારે દુશમન અને (કેયામતને દહાડે) મારાથી વધારે દૂર તે લોકો છે કે જે બુરી આદતો અને ખસલતોવાળા છે, અને જેઓ ઘણી વાતો કરનારા છે, અને જેઓ તાળવા અને જીભથી વાતો જોડી જોડીને પોતે ઘણા ઇલમવાળા છે એમ દેખાડે છે, અને જેઓ મગરૂરીથી બહુ લાંબી લાંબી વાતો કરનારા છે."

અને અબૂદાઉદ અને તિર્મિઝીમાં રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "બેશક અલ્લાહ પાક (લોકોની તારીફ કે વાતચીત કરવામાં) ઘણું લંબાણ કરનારને દૂશમન ગણે છે, અને (તે માણસને કે) જે લોકોમાં વાતચીત કરતી વખતે જીભને લપેટે છે, જેવી રીતે કે. ગાય પોતાની જીભને વગોળે છે કે જે વખતે તે ઘાસ ખાય છે." એટલે વાતોને ગોઠવી ગોઠવીને કરે છે. ઇમામ માલિક, નસાઇ, અને અબૂદાઉદે (રહ) રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ગર્ભના એક મુકદ્દમામાં કે જે ગર્ભ (હમલ) નું બચ્ચું એક માણસના મારવાથી પડી ગયું હતું, અને તેમાં તેની મોતના દંડ દેવાનો હુકમ દીધો હતો, તેમાં જેનાપર ફરયાદ કરવામાં આવી હતી તેણે કહ્યું કે "જેણે નહિ ખાધું અને નહિ પીધું અને જે નહિ બોલ્યો અથવા રડયો અને એવું નકામું લોહી ખાધું તેને વાસ્તે હું દંડ કેમ ભરૂં ?" આ વાત અરબીમાં તે કાફીયાબંદ વાતમાં બોલ્યો. ત્યારે હઝરતે (સલ) ફરમાવ્યું કે એ માણસ

નજૂમીયો (કાહેનો) નો ભાઈ માલમ પડે છે. અને તેની આ વાતને આપે (સલ) નાપસંદ રાખી.

ફાયદો. અરબના મુલકોમાં કેટલાક લોકો કાહેન હતા. તેઓ જીન્નોની સાથે દોસ્તી રાખતા હતા. અને તેઓથી કેટલીક વાતો પૂછી લોકો આગળ બયાન કરતા હતા. અને સાચું જૂઠું બોલીને લોકોથી નજર ભેટ લેતા હતા. અને તે લોક સારી અને માઠી વાતો કાફીયાવાળી બોલતા હતા. તેથીજ આપે (સલ) તે માણસને કે જેણે વગર મોકે આવી વાત કીધી હતી, કાહેનોનો ભાઇ ફરમાવ્યો.

ફાયદો. ધંધા વેપાર અને દરેક વખતની વાતચીતમાં કાફીયાદાર વાતો બોલવી નાજાયઝ છે. કેમકે તેમાં નકામી તકલીફ ઉઠાવવાની છે. અને બીજી વાતો જેમકે દોઆઓ અને ખુતબાઓ અને કિતાબોમાં મોકાસર લખવી કે બોલવી તદન જાયઝ છે.

મજાક ઠઠ્ઠો અને હાંસી કરવાનું બયાન.

(કુરઆને શરીફમાં) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે "એ ઇમાનવાળા લોકો! તમારામાં મરદો મરદોથી મજાક ઠઠ્ઠો કરે નહિ. કદાચ તેઓ મજાક કરનારાઓ કરતાં સારા હોય અને (તેમજ) ઓરતો ઓરતોની સાથે મજાક ઠઠ્ઠો કરે નહિ. કદાચ તેણીઓ મજાક કરનારીઓ કરતાં (અલ્લાહની નજદીક) સારી હોય અને પોતપોતામાં એક બીજાની એબો ઢુંઢશો નહિ. અને એક બીજાના બુરા નામો રાખશો નહિ." (સૂરએ હોજોરાત)

ફાયદો. આ આયતમાં અલ્લાહ તઆલાએ એક બીજા સાથે મસકરી મજાક કરવાને મના ફરમાવ્યું છે કે જેથી તેની

આબરૂને નુકસાન પોંહચે નહિ. ખોદા પાકની જનાબમાં તેઓમાં કોણુ મકબૂલ છે અને કોણુ મરદૂદ છે. એની તો કોઇને ખબર નથી. કદાચ જેઓની મશકરી કરવામાં આવે છે તેજ અલ્લાહ-પાકની જનાબમાં સારો બંદો હોય તો એને વાસ્તે ઘણી મુશકેલીની વાત છે અને (ખોદા પાકે) એઓ ઢુંઢવાથી મના કીધી, કે કોઇને જુઠી એબ લગાડવી, અથવા કોઇની એબ જાહેર કરવી બહુ બુરૂં કામ છે. અને બુરા નામો પાડવાથી પણુ મના કીધી. એટલે એવા નામો પાડે જેમાં દીની અથવા દુન્યાની બુરાઇ જાહેર થતી હોય. જેમકે કોઇનું નામ ગંજો પાડવો અથવા ફાસક પાડવો.

તિર્મિઝીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "પોતાના ભાઇની સાથે ઝઘડો નહિ કર, અને તેની સાથે હાંસી મજાક પણ નહિ કર, અને એવો વાયદો પણ નહિ કર કે જેથી ઉલટું તને કરવું પડે." અને બયહકીએ રિવાયત કીધી છે કે "માણસ કોઇ વાત એવી કરે છે કે લોકો તેને સાંભળી હાંસી કરે. અને તે વાત કહેવાને લીધેજ તે જમીન અને આસમાનના કરતાં વધારે દૂર જઇ પડે છે." એટલે જહંનમ તરફ જઇને પડે છે. અને ખોદા પાકની રેહમતથી દુર થઇ જાય છે તે એટલે અંતરે કે જેટલો અંતર જમીન અને આસમાન વચ્ચે છે.

મસઅલો. મજાકની એવી વાત કે જેમાં કોઇને દુઃખ લાગે નહિ અને કોઇની આબરૂને નુકશાન પોંહચે નહિ, બોલવી જાયઝ છે. જનાબ રસૂલુલ્લાહે (સલ) પણુ એવી મજાક કીધી છે. તિર્મિઝીમાં રિવાયત છે કે એક માણસે હઝરત (સલ) થી સવારી માંગી. આપે (સલ) ફરમાવ્યું કે "હું ઉંટણીનું બચ્ચું તને બેસવા વાસ્તે દઇશ. તેણે કહ્યું કે યા રસુલલ્લાહ! (સલ) ઉંટણીનું બચ્ચું લઇને હું શું

ફરીશ? ત્યારે આપે (સલ) ફરમાવ્યું કે ઉંટો ઉંટણીનાં બચ્ચાં નહિ તો કોનાં બચ્ચાં છે?"

શરહુસ્સુન્નહ (નામની હદીસની કિતાબ) માં છે કે એક ગામડીઓ કે જેનું નામ ઝાહિર બિન હરામ હતું, અને જે હઝરત (સલ) ને વાસ્તે ગામડાની ચીજોની ભેટો લાવતો હતો, અને આપ (સલ) શેહેરની ચીજો તેને ખરીદી આપતા હતા. ત્યારે આપે (સલ) ફરમાવ્યું કે ઝાહિર અમારો ગામડીઓ છે, અને અમે તેના શેહરી છીએ. અને આપ (સલ) તેની સાથે મોહબ્બત રાખતા હતા. અને તે કાળા રંગનો હતો. એક દહાડે આપ (સલ) બજારમાં આવ્યા અને ત્યાં તે પોતાની કેટલીક ચીજો વેચતો હતો. હઝરત (સલ) તેની પછાડીથી જઇ તેને ભેટી પડયા. તેને દેખાયા નહિ જેથી તે કેહવા લાગો કે કોણ છે, મને છોડી દે. પછી મોં ફેરવીને આપ (સલ) ને ઓળખી લીધા ત્યારે તો પોતાની પીઠને આપના સીના મુબારક સાથે ખુબ વળગાવી દીધી. ત્યારે આપે (સલ) ફરમાવ્યું કે આ બંદાને કોણ ખરીદે છે. તેણે કહ્યું કે જો આપ (સલ) મને વેચશો તો કીંમત ઘણી થોડી આપને મળશે. એટલે મારી કીંમત વધારે મળે એવો હું માણસ નથી. આપે (સલ) ફરમાવ્યું કે "ખોદા પાકની જનાબમાં તું ઓછી કિંમતનો નથી."

અબુદાઉદે (રહ) રિવાયત કીધી છે કે હઝરત ઔફ બિન માલિકે (રદી) બયાન કીધું કે "તબૂકની લડાઇમાં હું જનાબ રસૂલે ખુદા (સલ) ની જનાબમાં હાજર થયો. અને આપ (સલ) એક ચામડાના તંબૂમાં હતા અને તંબુ નાનો હતો. મેં આપ (સલ) ને સલામ કીધી. આપે (સલ) ફરમાવ્યું કે અંદર આવો. મેં પૂછયું કે

તદન અંદર આવું ? આપે ફરમાવ્યું કે તદન." કેમકે તંબુ ઘણો નાનો હતો. અને તેવણે હંસવા સારૂ એમ પૂછ્યું. એવી તરેહની મસકરી હઝરત (સલ) અને આપના સહાબીયો (રદી) થી બયાન થયલી છે.

અને તિર્મિઝીએ રિવાયત કીધી છે કે સહાબાઓએ (રદી) આપ (સલ) થી પૂછ્યું કે શું આપ હમારાથી મસકરી (વિગેરે) કરો છો ? આપે (સલ) જવાબ દીધો કે જે સાચી વાત હોય છે તેજ હું કહું છું.

ફાયદો. પેહલી હદીસમાં ઉંટને ઉંટણીનું બચ્ચું કહ્યું એ વાત પણ સાચી હતી. અને ઝાહેરને બંદો કહ્યો તો બેશક તેવણ ખુદાના બંદાજ હતા. મતલબ એ કે જે મસકરીમાં કોઇ મુસલમાનને દુઃખ કે ઇજા નહિ પોહોંચતી હોય અને મન ખુશ કરવાને વાસ્તે બોલવામાં આવે તો જાયઝ છે. અને જેમાં કોઇ મુસલમાનની આબરૂને નુકસાન પોહોંચતું હોય, અથવા ખોટી વાતો હોય જેથી હાંસી ખુબ થાય, અથવા ગાળો અને બેશરમીની વાત હોય તો એ જાયઝ નથી. અને એવી હાંસી મસકરીને લીધે માણસ ખુદા પાકની રેહમતથી આસમાન અને જમીન જેટલા અંતરથી પણ વધારે દૂર જઇ પડે છે.

સૂચના. બહુજ નઠારી તરેહની મશ્કરી એ છે કે જે હિંદુસ્થાનમાં હિંદુઓની સાથે મળવાથી કેટલાક શેહેરો અને ગામડાઓમાં મુસલમાનોમાં જારી થઇ ગઇ છે. (અને તે એ છે) કે સાસરા તરફના સગાં જેમકે સાળી, વેવઇ અને વેવણ અથવા ભાભી અને દીએર વચ્ચે જે મસકરી થાય છે, અને તેમાં વધુ ભાગ ગાળો અને ખરાબ વાતોનો હોય છે. એવી તરેહની હાંસીમાં ઘણી તરેહના

ગુના થાય છે. એક તો એકે આવી તરેહની મસકરીથી હદીસમાં બયાન થયું તે મૂજબ રહમતથી બહુજ દૂર થઇ જવું છે. બીજો ગુનો, ગાળો અને શરમ ભરેલી વાતોનું બોલવું છે. ત્રીજો ગુનો પારકી ઓરતનું નાજાયઝ હાલતમાં સામે આવવું. ચોથો ગુનો પારકી ઓરત સાથે નાજાયઝ વાતો કરવી. પાંચમો ગુનો તે ઓરતનો ધણી કે ભાઇ કે બાપ (કે ઓરતના બીજા વડીલો) ઓરતને એવા કામથી મના નહિ કરવાના ગુનામાં ફસે છે. ખુદા પાક સૌ મુસલમાનોને એવી વાતથી બચવાની તોફીક ઇનાયત કરે. આમીન.

લઅનતી અને કાફેર કેહવાનું બયાન.

લઅનતનું બયાન. બુખારી અને મુસલિમમાં હદીસ છે કે મુસલમાનને લઅનતી કેહવું (ગુનો થવામાં) તેને કતલ કરવા સરખું છે."

ફાયદો. કતલ તમામ કબીરા ગુનાહોમાં (શીર્ક પછી) સૌથી મોટો ગુનો છે. જ્યારે લઅનતને હઝરતે (સલ) કતલના જેવો ગુનો ફરમાવ્યો ત્યારે આ ગુનાની બહુજ બુરાઇ સાબેત થઇ. અને તિર્મિઝીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " લઅનત કરનારો મુસલમાન હોતો નથી." એટલે લઅનત કરવી એ ઇમાનથી ઉલટી વાત છે. તિર્મિઝી અને અબૂદાઉદે રિવાયત કીધી છે કે "એક માણસની ચાદરને હવા ઉડાવી જતી હતી. ત્યારે તેણે હવાપર લઅનત કીધી. આપે (સલ) ફરમાવ્યું કે હવાને લઅનત નહિ કર કેમકે તે તો ખોદા પાકના હુકમથી ચાલે છે. અને બેશક જે માણસ એવી ચીજ

પર લઅનત કરે કે જેને લઅનત નહિ કરવી જોઇએ, તો લઅનત કરનારપર લઅનત (ઉલટી) આવી પડે છે."

અને અબૂદાઉદે રિવાયત કીધી છે કે "જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "બેશક જ્યારે બંદો લઅનત કરે છે કોઇ બીજના ઉપર, તો લઅનત આસમાનપર ચઢે છે ત્યારે આસમાનના બારણા તેને વાસ્તે બંધ કરવામાં આવે છે. પછી તે ઝમીનપર ઉતરે છે તો ઝમીનના બારણા પણ તેનાપર બંધ થઇ જાય છે. પછી તે ડાબે જમણે ફરે છે. જ્યારે તેને કોઇ ઠેકાણું મળતું નથી ત્યારે તે લઅનત જેનાપર તે મોકલવામાં આવી છે તેની તરફ જાય છે. પણ જ્યારે તેને લઅનતને લાયક જુએ છે તો તેનાપર પડે છે અને નહિ તો કહેનારાપર તે આવી પડે છે.

મસઅલો. જે માણસનું મરવું યકીનથી કુફર ઉપર સાબેત હોય જેમકે ફિરઓન, અબુજેહલ વિગેરે, તો તેઓને લઅનત કરવી જાયઝ છે. અને જીવતા કાફેરપર લઅનત કરવી જાયઝ નથી. કેમકે બની શકે છે કે મરવા આગળ તે મુસલમાન થઇ જાય. અને લઅનતને લાયક રહે નહિ. ત્યારે ઉપરની હદીસ મૂજબ, લઅનત, મોકલનારપર પાછી આવી પડે.

મસઅલો. કોઇ દુરગુણ જણાવીને લઅનત કરવી જાયઝ છે. જેમકે કોઇ કહે કે લઅનત છે યાહૂદીપર અથવા કાફેરપર અથવા ચોરપર, કેમકે એવી તરેહની લઅનત હદીસોમાં પણ આવી છે. ત્યારે યકીન લાવ્યા વગર એવી તરેહની લઅનત જાયઝ છે. અને (નામ દઇને) કોઇ ખાસ ચોર કે ખાસ શરાબીને લઅનત કરે તો જાયઝ નથી.

કાફેર કેહવાનું બયાન.

બુખારીમાં હદીસ છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જે કોઇ માણસ બીજાને કાફેર કે ફાસિક કહે અને તે માણસ તેવો નહોય તો તેનું તેમ કેહવું તેનાજ ઉપર પાછો આવી પડશે." અને બુખારી અને મુસ્લિમમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જે શખસ કોઇ બીજાને કાફેર કે અલ્લાહ પાક અથવા રસૂલુલ્લાહ (સલ) નો દુશમન કહે અને તે તેવો નહિ હોય તો એ કહવું કહનારપર પાછું આવી પડે છે."

ફાયદો. પાછા આવવાની મતલબ એ છે કે જો નેક આદમીને બદકાર (ફાસિક) કહશે તો પોતે કેહનારજ બદકાર થઇ જાય છે. એટલે મોટો ગુનેગાર બને છે. અને જો મુસલમાનને કાફેર કેહશે. એવી રીતે કે કોઇ ઇસલામી અકીદાને કુફર કેહતો હશે ત્યાર પણ બેશક કાફેર થઇ જશે. અને જો અકીદાથી કાફેર નહિ કહ્યો પણ ગુસ્સાથી બોલવામાં કહ્યું તો તે કાફેર થઇ જતો નથી પણ કુફરના જેવો ગુનો લગભગ છે.

ગાળો ભાંડવી, બેશરમીની વાતો અને ભુંડું બોલવા વિષે.

બુખારી અને મુસલિમમાં હદીસ છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "મુસલમાનને ગાળ દેવી મોટા ગુનાનું કામ છે. અને મુસલમાનોની સાથે કતલ ચલાવવી કુફર છે." એટલે એવો મોટો ગુનો છે કે લગભગ કુફર કરવા જેવું છે (તદન કુફર નથી). ઇમામ અહમદ હંબલે (રહ) અને ઇબ્ને અબી દુન્યાએ

હદીસની સહીહ સનદ સાથે રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " ગાળો બોલનાર અને બેશરમીની વાતો કરનારને માટે ઇસલામનો જરાપણ ભાગ નથી.. " તબરાનીએ સહીહ સનદ સાથે હદીસ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે " બેશક ગાળો ભાંડનાર અને બેશરમીની વાતો કરનારને ખુદા પાક દોસ્ત રાખતો નથી.

અને તિર્મિઝી અને બયહકીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલે ખોદા [સલ]એ ફરમાવ્યું કે " મ્હેણું મારનાર અને લઅનત કરનાર અને ગાળો બકનાર અને નકામી વાતો કરનાર મુસલમાનજ નથી." અને તિર્મિઝીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે " શરમ અને વાત વિચારીને કહવી એ (પણ) ઇમાનની (શાખામાંની) બે શાખા છે. અને ગાળો બોલવી, ભુંડી વાતોનો બકારો કરવો અને મનમાં આવે તે બોલી દેવું એ મુનાફેકીની (શાખોમાંની) બે શાખા છે. "

અને ઇમામ અહમદ હંબલે (રહ) અને અબુદાઉદ તયાલિસિ (રહ) એ સહીહ સનદ સાથે હદીસની રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " જે બે માણસ પોત પોતામાં ગાળો બકે છે તે બંને શેતાનો છે, કેમકે તેઓ જૂઠું બકે છે, અને નકામું (ખોટું બોલે છે.) " (જેમકે એક બીજાને સાળો કહે છે અને અગરજો તે બંને એક બીજાના સાળા નથી તો એ જૂઠું અને નકામી વાતો થઇ.)

અને મુસલિમ શરીફમાં હદીસ છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " જે બે માણસો પોતપોતામાં એક બીજાને ગાળો દે છે તેમાં ગુનો ગાળ દેવી શરૂ કરનાર પર થાય છે તે અહિં

સુધી કે બીજો કંઇ વધારે નહિ બોલે" એટલે એક માણસ જેટલું બુરૂં બોલ્યો ત્યારે બીજો પણ તેટલુંજ બોલે તો ગુનો શરૂ કરનાર-નેજ માથે થતો જાય છે. અને જ્યારે તે વધારે કહે છે તો બંને ગુનેગાર ઠરે છે. ઇમામ માલિક, બુખારી, મુસલિમ, તિર્મિઝી અબુદાઉદે (રહ) રિવાયત કીધી છે કે જનાબ રસૂલે ખોદા (સલ) એ ફરમાવ્યું કે "કબીરા ગુનાહોમાંનો ગુનો એ પણ છે કે માણસ પોતાના માબાપને ગાળો દે. લોકોએ અરજ કીધી કે શું કોઇ પોતા-ના માબાપને પણ ગાળો ભાંડે છે? આપે (સલ) ફરમાવ્યું કે હા. જ્યારે એ માણસ કોઇના બાપને ગાળ દે છે તો તે માણસ એના બાપને ગાળ દે છે. અને એ માણસ કોઇની માને ગાળો દે છે તો તે એની માને ગાળો દે છે. અને જયારે એના ગાળો દેવાથી એના માબાપને ગાળો દેવાઇ ત્યારે જાણે એણેજ ગાળો ભાંડી".

બુખારી અને મુસલિમમાં છે કે જનાબ રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "ખોદા પાકે ફરમાવ્યું કે આદમ (અલ)ની ઓલાદ મને ઇજા પોંહચાડે છે. જમાનાને ગાળો દે છે અને જમાનો તો હું છું. અને સૌ કામો તો મારા અખત્યારમાં છે. રાત દિવસનો ફેર-ફાર હુંજ કરૂં છું." આફતો અને હાલતોના ફેરફારનું કારણ જમાનાને ઠેરવી જમાનાને બુરૂં કેહવું ખરૂં જોતાં તે આફતો અને હાલતોના ફેરફારોના પેદા કરનારને બુરૂં બોલવું છે. અને તેઓનો પેદા કરનાર ખોદા પાક છે. તેથીજ એ હદીસે કુદસીમાં આવેલું છે કે એવી રીતે જમાનાને બુરૂં કેહવું અને ગાળો દેવી અલ્લાહ પાકને ઇજા દેવી છે. મુસલમાનને જોઇએ કે એવી વાતથી દૂર રહે.

અને બુખારી શરીફમાં (હદીસ) છે કે " ગાળો મુડદાઓને નહિ ભાંડો કેમકે બેશક તેઓએ કીધેલા કામો (ના બદલા) ને તેઓ પોંહચી ગયા. " એટલે મુડદાઓને બુરૂં બોલવું નહિ જોઇએ કેમકે જેવા કામો તેઓએ કીધા હતા તેઓનો બદલો તેઓને મળી રહેલો છે. જો તેઓએ ભલા કામો કીધા હતા તો તમારૂં બુરૂં કહેવું બહુ બુરૂં છે. અને જો તેઓએ ભુંડા કામો કીધાં હતાં તો તેઓના અઝાબમાં તેઓ સપડાયલા હશે. તમારૂં બુરૂં કેહવું તેઓને નકામું છે.

ફાયદો. ફહશ (જે શબ્દ ઉપરની હદીસોમાં આવેલો છે) એવી વાતને કહે છે કે એવી ચીજનું ખુલ્લું નામ લીએ કે જેને સંતાડવું શરમમાં દાખલ છે. જેમકે પેશાબની અથવા ઝાડાની જગ્યાનું નામ લીએ, અથવા સોહબત કરવાનું ખુલ્લું નામ દીએ. કેમકે અદબની વાત એ છે કે એમ નહિ કહે કે મારી બયરીએ એમ કહ્યું પણ એમ કહે કે મારા ઘરમાંથી એમ કહ્યું.

સૂચના. બુરી તરેહની ગાળ એ છે કે પાક ઓરત કે મરદને ઝિના (બુરૂં કામ કરવા)ની તોહમત લગાડે કે જેને (અરબીમાં) કઝફ કહે છે. અને એ કબીરો ગુનો છે. જેમકે હદીસમાં અબુદાઉદ અને નસાઇએ રિવાયત કીધી છે, અને કુરઆને શરીફમાં એવા માણસને ફાસેક કહ્યું છે. અને તેને એંસી ફટકા મારવાની સજા મુકરર કીધી છે. અને આખી ઉમર તેની ગવાહી કબૂલ રાખવામાં આવશે નહિ. અને એનો ખુલાસો ફિકેહની કિતાબોમાં કઝફવાળાને હદ મારવાના બાબમાં બયાન કરવામાં આવ્યો છે.

બુખારી અને મુસલિમ શરીફમાં હદીસ છે કે "જે માણસ પોતાની લોંડી કે(પોતાના) ગુલામને ઝિનાની તોહમત લગાડશે તેને કયામતને

દહાડે ફટકાઓ પડશે. " **ફાયદો.** શરેઅ શરીફના હુકમ મૂજબ કઝફની સજા એ છે કે (ઈસલામી) હાકેમ એંસી ફટકા કઝફવાળાને મારે. પણ તેમાં શરત એ છે કે જેનાપર તોહમત મુકી હોય તે માણસ લોંડી કે ગુલામ ન હોય. એથી કરીને લોંડી અને ગુલામપર તોહમત મુકનારને દુન્યામાં તો ફટકા પડશે નહિ. પણ કેયામતમાં અલ્લાહ સાહેબ તેનો બદલો લેશે. અને તે એબ લગાડનારને એંસી ફટકા મરાવશે.

બેઅદબીના બયાનમાં.

માબાપથી બેઅદબી કરવી કબીરો ગુનો છે. (કુરઆને શરીફમાં) ખોદા પાકે ફરમાવ્યું કે "માબાપને [છટ] કરીને પણ નહિ કહો અને તેઓને ઝિણુકી નાંખો નહિ અને તેઓની સાથે અદબથી વાત કરો. "

ફાયદો. ઉફ એક એવો શબ્દ છે કે જેને આરબ લોકો નારાજીની વખતે બોલે છે. જેવી રીતે કે હિંદી વાતમાં હું (અને ગુજરાતીમાં છટ વાપરવામાં આવે છે). તેથીજ મૌલવી શાહ અબદુલકાદેર સાહેબ મરહૂમે [કુરઆને મજીદના પોતાના જગત જાણીતા તરજુમામાં] અઃ આયતના તરજુમામાં ઉફ એ શબ્દ નો તરજુમો હું કીધો છે. તો જયારે આટલો શબ્દ કહેવાથી ખોદા પાકે પોતાના કલામે પાકમાં મના કીધી ત્યારે બીજા શબ્દો કે જેમાં વધારે બેઅદબી હોય તેને વિચારી લેશો કે [તે શબ્દો બોલવાથી] ખોદા પાક કેટલો નારાજ થશે. (ખોદાપાક સૌને તેની નારાજીના કામોથી બચાવે. આમીન).

બુખારી અને મુસલિમ શરીફમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " માબાપને નારાજ કરવું બહુજ મોટો ગુનો છે. " નસાઇ અને દારેમીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે " પોતાની આપેલી ચીજનો ઉપકાર મુકનાર, માબાપને નાખુશ કરનાર, અને શરાબ પીનાર જંનતમાં જશે નહિ (એટલે જ્યાં સુધી કે એ ગુનાહોની સજા તેને જહંનમમાં મળી નહી રહે. એમ નહિં સમજવું કે કાફેરોની પેઠે તે હમેશાં જહંનમમાંજ રહેશે]. અને બયહકીએ એક લાંબી હદીસમાં બયાન કીધું છે કે શબબરાતની રાત્રે ખોદા પાક બની કલ્બના લોકો (કે જેઓ આરબમાં ઘણાં મેંઢાં અને બકરાં પાળે છે તેઓ] ના ઘેટાં મેંઢાંના વાળોની ગણત્રી જેટલા ગુનેગારોને જહંનમમાંથી છોડી મુકે છે, પણ માબાપને નાખુશ કરનારપર તે પોતાની રહેમતની નજર કરતો નથી.

ફાયદો. સગાઓમાં દાદા, કાકા અને મોટા ભાઇનો દરજ્જો બાપના જેવો છે. અને એવીજ રીતે બીજા જે વડીલો હોય. એટલુંજ નહિ પણ હદીસથી એવો હુકમ નીકળે છે કે જે લોકો બાપના દોસ્ત હોય તેઓનો પણ અદબ કરવો જોઇએ. અને ઉસ્તાદ (શીક્ષક) અને મુરશિદ (ગુરૂ) નો અદબ પણ બાપના જેવોજ કરવો જોઇએ. એટલુંજ નહિ પણ દીનના આલેમોએ લખ્યું છે કે દીની ઇલ્મ શીખાવનાર ઉસ્તાદનો દરજ્જો બાપ કરતાં પણ વધારે મોટો છે. કેમકે બાપ એ દુન્યામાં પેદા થવાનું અને દુન્યાની નેઅમતોનું એક જાહેરી કારણ છે. અને ઉસ્તાદ આખેરતની જીંદગીનું અને જંનતની નેઅમતોનું કારણ છે. તેથી દરીને (દરેક માણસને) જોઇએ કે એ બેની

સાથે અદબથી ચાલે. હઝરત મૌલાના રૂમ (રહ) (પોતાની) મસ્નવીમાં ફરમાવે છેઃ—

અઝ ખુદા ખ્વાહેમ તૌફીકે અદબ
બેઅદબ મહરૂમ માંદ અઝ ફઝલે રબ.

એટલે અમે ખોદા પાકથી અદબની તોફીક ચાહીએ છીએ (કેમકે) જે કોઇ બેઅદબ બન્યો તે પોતાના રબના ફઝલ અને રહમતથી દુર રહયો.

(કોઇની) તારીફ અને ખુશામત કરવી અને મોટાઇ મારવી એનું બયાન.

અહયાઉલ ઉલૂમ (નામની કિતાબ) માં લખેલું છે કે (કોઇની) તારીફ (વખાણ) કરવામાં છ આફતો છે. જેમાં ચાર તો તારીફ કરનારને વાસ્તે છે અને બે જેની તારીફ કરવામાં આવે તેને વાસ્તે. ત્યારે મઝકુર કિતાબના લખાણને, (કિતાબના રચનાર સાહેબ ફરમાવે છે કે) હું, તે છએ આફતોને, તેઓની સાથે જે હદીસોને સંબંધ હોય તેઓને તેઓની સનદ સાથે બયાન કરૂં છું:-

તારીફ કરનારને વાસ્તે આફતો એ છેઃ- (૧) તારીફ કરવામાં જૂઠું બોલે અને એટલો વધારો કરે કે હદથી વધી જાય. જૂઠાણાની બુરાઇ તો ઉપર તમે જાણી ચુકયા છો. હવે મુબાલગા [વધારા]ને વાસ્તે સાંભળોઃ— બુખારી અને મુસલિમમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "મારી તારીફમાં એટલા વધી નહિ જાઓ જેટલા નસારાઓ (હઝરત ઇસા) ઇબ્ને મરયમ (અલ)ની તારીફમાં હદથી વધી ગયા. હું તો ખોદા પાકનો બંદો

છું. ત્યારે (મારી તારીફ એ છે કે) મને તમે ખોદાં પાકનો બંદો અને તેનો પેગંબર કહો." એવીજ રીતે વલીયોની તારીફમાં એટલો વધારો કરવો કે તેઓને પેગંબરોની બરાબર અથવા તેઓ કરતાં દરજ્જામાં વધારી દેવા બહુ બુરૂં છે એટલુંજ નહિ પણ કુફ્ર છે. (કેમકે વલી તો પોતાના પેગંબરનો ઉમ્મતી હોય છે અને ઉમ્મતીને નબી જેવો ગણવો જાહેર કુફ્ર છે). અને દુન્યાદારોની તારીફમાં પણ હદથી વધી જવું અને જે સદગુણ તેઓમાં ન હોય તે સિફત બયાન કરવી બહુજ બુરૂં છે.

(૨) જાહેરમાં તારીફ કરવી પણ મનમાં તારીફ કરાયલા માણસને તેવું નહિ સમજવું. એ કામ મુનાફિકનું છે, કે મનમાં જુદો મત રાખે અને જાહેરમાં જુદો મત રાખે. (૩) જેની તારીફ કરે તેને વાસ્તે એવો ગુણ જાહેર કરે કે જે પોતે સારી પેઠે જાણી શકતો ન હોય (કે તેમાં તે સારી સિફત છે કે નથી). જેમ કે તારીફ કરે કે ખોદા પાકથી બહુ બીનાર છે, મોટો ઇબાદત કરનાર છે. પણ ઇબાદત કરવાનો અને બીવાનો હાલ સારી પેઠે માલમ પડી શકતો નથી. અને એવીજ તારીફને માટે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું છે જેમકે બુખારી અને મુસલિમમાં છે કે " તમારામાંથી કોઇ માણસ જો કોઇની તારીફજ કરવા ચાહે તો એમ કહે કે હું તેને એવો ધારૂં છું." અને તે એવો છે કે નહિ એ વાતને ખોદા પાકપર સોંપે. કેમકે એવી વાતોનું ઇલમ તેજ ઠીક જાણે છે. જો એમ કહ્યું. કે ફલાણો અલ્લાહ પાકથી બીનાર છે તો જાણે તેણે અલ્લાહ પાકની જનાબમાં પણ તે તેવોજ છે એવું યકીન રાખીને કહ્યું અને જાહેર છે કે એ વાતની ખબર તેને હોવી નથી. અને જો એમ કહેશે

કે હું તેને ખોદા પાકથી બીનાર જાણું છું ત્યારે તો તેણે પોતાની સમજ તરફ ઇશારો કીધો. અલબત જો કોઇ એવી સિફત હોય કે એ તેને જાણી શકતો હોય, જેમકે તહજજુદની નમાઝ પઢવી, અથવા સારા અક્ષરો લખવા, તો તેવી સિફત બયાન કરવામાં કંઇ હરકત નથી.

(૪) જુલમી અથવા કાફેર અથવા ફાસેક [કબીરો ગુનેહ કરનાર]ની [એવી] તારીફ કરે કે જેથી તેઓ ખુશ થાય. બયાહકીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે "જ્યારે ફાસેકની તારીફ કરવામાં આવે છે ત્યારે ખોદા પાક ઘણોજ ગુસ્સે થાય છે અને અર્શ હાલી જાય છે." તો જ્યારે ફાસેકની તારીફનો એ હાલ છે તો કાફેરની તારીફમાં તો અલ્લાહ પાકનો ગુસ્સો વધારેજ સમજવો જોઇએ.

અને જેની તારીફ કરવામાં આવે તેને નુકસાન કરનારી વાતો એ છે:— (૫) જેની તારીફ કરવામાં તેને મગરૂરી પેદા થાય અને તારીફ કરવાને લીધે પોતાને સારો ગણવા લાગે અને તેને પોતાની સારી સિફતનો ગરૂર આવી જાય કે જે આખેરાતમાં બહુજ નુકસાન પોંહચાડનારી વાત છે. અને એ હદીસમાં એજ વાતના તરફ ઇશારો છે:—બુખારી અને મુસલિમમાં છે કે જનાબ રસૂલે ખોદા (સલ)ની રૂબરૂમાં એક માણસે બીજાની તારીફ કીધી. આપે [સલ] ફરમાવ્યું કે "તારૂં બુરૂં થાય, તેં તેની ગરદન કાપી નાંખી. અને એ પ્રમાણે આપે (સલ) ત્રણવાર ફરમાવ્યું" એટલે તારી તારીફને લીધે તેનામાં ગરૂર પેદા થશે અને આખેરતનો અઝાબ અને નુકસાન તેને હાસિલ થશે.

(૬) જેની તારીફ કરવામાં આવે તે આપંદા નેક કામોમાં સુસ્તી કરે જેમકે કોઇ વાલેબુલ ઇલમની તારીફ કરે કે તમારી

યાદશક્તિ બહૂજ સારી છે. અને પાઠ તમે બહૂજ સારો યાદ કરો છો. અને તે એ સાંભળી મનમાં એવો વિચાર કરે કે ચાલો મારી યાદશક્તિતો બહૂજ પાકી છે, મને વધારે મેહનત કરવાની શી જરૂર છે. અને તેથી કરીને પોતાનો સબક યાદ કરવામાં અને પઢવાપર મેહનત કરવામાં સુસ્તી કરવા લાગે.

મસઅલો. જો મચકૂર છએ નુકસાનો તારીફ કરવામાં નહિ હોય તો તેવી તારીફ કરવી જાયઝ છે; એટલુંજ નહિ પણ કેટલાક વખતે સવાબનું કામ છે. અને એ ત્યારે છે કે જ્યારે તેનાથી કંઇ દીનનો ફાયદો થતો હોય. જનાબ રસૂલુલ્લાહે (સલ) પોતાના સહાબીયોની ઘણી વખત તારીફ કીધી છે કે જેથી હદીસની કિતાબો ભરેલી છે. અને તેમ કરવાથી આપ (સલ)ની મતલબ એ હતી કે લોકો તેઓના મોટા દરજ્જાઓને જાણી તેઓની સાથે મોહબ્બત અને નેક અકીદો રાખે, અને તેઓના તરીકા મુજબ ચાલે અને આપ [સલ] તે સહાબીયો [રદી]ની હાલતથી વાકેફ હતા કે તેઓ પોતાની તારીફ સાંભળીને કદી પણ મગરૂર થશે નહિ. તેવીજ રીતે [ઉસ્તાદને] જો કોઇ તાલેબુલ ઇલમનો હાલ માલમ હોય કે તારીફ કરવાથી તેને ગરૂર આવશે નહિ, પણ આયંદા પોતાનો સબક યાદ કરવામાં તે વધારે મેહનત કરશે અને એ તારીફથી તે એમ વિચારશે કે મારી મેહનતથી ઉસ્તાદ બહૂ રાજી થાય છે, તેથી મારે વધારે મેહનત કરવી જોઇએ તો એવી હાલતમાં તારીફ કરવાથી સવાબ હાંસેલ થશે.

ખુશામતનું બયાન. ખુશામત કોઇ વખતે તારીફના રૂપમાં કરવામાં આવે છે, અને તેનો હાલ તો ઉપરના બયાનપરથી જાહેર થઇ ચુકયો. હવે એટલું વધારે જાણવું જોઇએ કે જેની તા-

રીફ કરવામાં આવે તે માણસ તારીફ કરનારને પોતાની તારી-ફ કરવાથી રોકી દીએ. ઇમામ અહમદ અને અબૂદાઉદે રિવાયત કીધી છે કે "બની આમેર કબીલાએ મોકલેલા માણસો [વફદ] જ્યારે જનાબ રસૂલુલ્લાહ [સલ]ની ખિદમત શરીફમાં આવ્યા ત્યારે તે લોકોએ કહ્યું કે આપ [સલ] અમારા સૈયદ [સરદાર] છો. આપે [સલ] ફરમાવ્યું કે સૈયદ [સરદાર] અલ્લાહ પાક છે. પછી તેઓએ કહ્યુ કે આપ [સલ] મોટાઇમાં અમારા સૌ કરતાં વધારે છો અને રૂતબામાં અને તાકાતમાં સૌ કરતાં વધારે છો. આપે [સલ] ફરમાવ્યું કે તમને તમારી મતલબ જે કંઇ કેહવી હોય તે કહો, અને શેતાન તમને ભંભેરે [બેહકાવે] નહિ." તે લોકોએ [આપની તારીફમાં] જે કંઇ કહ્યું તે સૌ સાચી વાતો હતી. પણ તે લોકો ખુશામતથી મચકૂર વાતો કહેતા હતા તેથી હઝરતે [સલ] તેઓને તેમ બોલતાં અટકાવ્યા.

અને કોઇ વખતે ખુશામત એવી તરેહની હોય છે કે પૈ-સાવાળાઓની પાસે જઇને તેઓની જૂઠી વાતોને સાચવે છે. તિર્મિઝી અને નસાઇએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહ [સલ] ફરમાવ્યું કે જે માણસ અમીરોની પાસે જઇને તેઓના જૂઠાણાને સાચવે, અને તેઓનાં જુલમ [ના કામો] માં તેઓની મદદ કરે, તો તેવા લોકો મારાથી નથી અને હું તેઓથી નથી. મારી સાથે તેઓને કંઇ સંબંધ નથી. અને તેઓ હોઝે કૌસરપર મારી પાસે આવશે નહિ."

તફાખુરનું બયાન.

તફાખુર એટલે પોતાની તારીફ પોતાને મોઢે કરે અને પોતાને બીજાઓ કરતાં વધારે સારો ગણાવવા સારૂ પોતાની તા-

રીફ કરે અથવા પોતાના બાપદાદાઓની અને પુર્વજોની મોટાઇ બયાન કરે તો એમ કરવું જાયઝ નથી. મુસલિમ શરીફમાં છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે "ખરેખર અલ્લાહ પાકે મારાપર વહી મોકલી છે કે તમે પોતાને હલકો ગણો [તવાઝો કરો] તે એટલે સુધી કે તમારામાંથી કોઇ, કોઈ બીજાપર મોટાઇ મારે નહિ. અને તમારામાંથી કોઈ એકબીજાપર જુલમ કરે નહિ." તિર્મિઝીએ અને અબૂદાઉદે રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે "ખોદા પાકે તમારામાંથી જાહેલીયત [કુફર] ના વખતનો ગરૂર અને પોતાના બાપદાદાઓ ઉપરની મગરૂરી દૂર કીધાં. [કેમકે] માણસ યાતો પરહેઝગાર અલ્લાહ પાકથી ડરનારો હોય છે અથવા બુરાં કામો કરનાર બદનસીબ હોય છે. તમામ માણસો આદમ [અલ] ની ઓલાદ છે. અને આદમ (અલ) મટોડીથી પેદા કરવામાં આવ્યા." એટલે દરેક માણસમાં જે સિફત હોય [પછી તે સારી હોય કે માઠી] તેજ ગણવામાં આવશે. જો નેક કામ કરે છે તો પરહેઝગાર મુસલમાન છે, જો બુરાં કામો કરે છે તો માઠાં કામો કરનાર દોઝખી છે. બાપદાદાઓ ઉપર મોટાઇ મારવી નકામી છે. કેમકે સૌનું થડ તો એકજ છે. સૌ આદમીઓ હઝરત આદમ [અલ] ની ઓલાદ છે. અને તેઓ મટોડીથી પેદા થયા છે.

મસઅલો. લડાઇમાં દુશમનને દબાવવા વાસ્તે મોટાઇ મારવી જાયઝ છે. (કેમકે એમ મોટાઇ બયાન કરવી) હઝરત નબી (સલ), હઝરત અલી અને બીજા સહાબીયોથી સાબેત છે.

મસઅલો. જો પોતાની તારીફ બયાન કરવાથી મતલબ અલ્લાહની નેઅમતો જાહેર કરવી હોય. અને બીજાની હલકાઇ અને

બીજાપર પોતાની મોટાઇ મારવી તેની મતલબ નહિ હોય, તો એમ કરવું જાયઝ છે.

ફાયદો. બાપદાદાઓના ઉપર મોટાઇ મારવી તો નાજાયઝ છે એથી કોઇ એમ નહિ સમજી જાય કે નસબ (વંશ) ની કંઇ હકીકત નથી. સૈયદો અને અશરાફ, ખાનદાનીયો અને હલકા માણસોના નસબની રૂએ શરેઅ શરીફમાં બેશક ફરક છે. અને તેથીજ કરીને શરીઅતમાં નિકાહની બાબતમાં કુફુનું માતબરપણું છે. અને રસૂલે ખુદા [સલ] ને નસબ આખેરતમાં પણ ફાયદો દેશે. સહીહ હદીસોમાં એ વાત આવેલી છે. અને જે વાત નાજાયઝ છે તે એજ છે કે નસબની મોટાઇ બયાન કરીને કોઇ મુસલમાનને હલકો પાડવાની નૈયત નહિ હોય. અને બીજી વાત એ છે કે પોતાના બુઝુર્ગોને એમ સમજે કે અમે ગમે તેવા ગુના કરશું પણ તેઓ અમારી શફાઅત કરી અમને ખોદા પાક પાસે બક્ષાવી લેશે. અને એવા અકીદાથી ગુના, વગર રોકાણે કરતો ચાલ્યો જાય. જેવી રીતે કે કેટલાક જાહેલ સેયદો અને પીરઝાદાઓ પોતાને મોઢે બકે છે, તો એવી વાત બોલવી કુફ્ર છે.

નકામી બહસ, વઢાવઢી અને ઝગડો કરવાનું બયાન.

તિર્મિઝીમાં હદીસ છે કે જનાબ રસુલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે નકામી બહસ (વાદવિવાદ) પોતાના ભાઇ [મુસલમાન] સાથે નહિ કર, અને તેની સાથે હાંસી નહી કર અને તેનીસાથે જૂઠો વાયદો નહિ કર." અને વળી તિર્મિઝીમાં રિવાયત છે કે જનાબ રસુલુલ્લાહે [સલ] ફરમાવ્યું

કે " જે માણસ બહસને અને ઝગડાને છોડે અને તેનો દાવો ખોટો હોય [કે જે દાવામાં બહસ કરવાની હોય] તો તેને વાસ્તે જંનતની આજુબાજુમાં નીચે દરજ્જાઓમાં એક ઘર બંધાવવામાં આવશે. અને જે માણસ બહસ અને ઝગડાને છોડે [એવી હાલતમાં] કે તેનો દાવો ખરો છે, તો તેને વાસ્તે એક ઘર જંનતની વચ્ચે બનાવવામાં આવશે. અને જે માણસનો ખુલ્ક [વાતચીત અને સ્વભાવ] સારો હશે તેને વાસ્તે જંનતના ઘણાં ઉપલા ભાગમાં ઘર તૈયાર કરવામાં આવશે."

ફાયદો. ખોદા પાકના ખૌફથી જયારે ગુનાથી માણસ બચે છે, તેમાં પણ તેને સવાબ મળે છે. તેથીજ નકામી બહસ છોડવાપર જંનત મળવાનો વાયદો કરવામાં આવ્યો. અને એનાપર બહસ છોડી દેવાની ઘણીજ મોટી તાકીદ સાબેત થાય છે. **લતીફો.** [કિતાબ રચનાર સાહેબ [રહ] ફરમાવે છે કે મારા એક દોસ્ત ઘણાજ ચાલાક બુદ્ધિના માણસ હતા. અને ઘણી વખતે તેવણને બહસ, મુનાઝેરા વિગેરે કરવો પડતો હતો. મેં તેવણની આગળ આ હદીસ બયાન કીધી. ત્યાર પછી તેવણની આ આદત થઈ ગઈ કે જયારે કોઇ બહસ કરવા ચાહતો તો તેવણ કેહતા કે અમને તો જંનતમાં ઘર બંધાવવું મંજૂર છે, તમે [બહસ કરવાથી] અમને માફ રાખો.

ઇમામ માલિક, બુખારી, મુસલીમ, તિર્મિઝી અને નસાઇએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે " અલ્લાહની જનાબમાં સૌ કરતાં વધારે દુશમન તે માણસ છે કે જે માણસ વધારે લડકણો [ઝઘડો કરનાર] હોય." **ફાયદો.** કેટલાક માણસોની આદત છે કે દરેક માણસથી વાતચીતમાં વઢવા અને અને નકામી બહસ કરવાને તૈયાર થઈ જાય છે, અને દરેક કામમાં

ઝઘડો કરે છે. તેવા માણુસને વાસ્તે આપે [સલ] ફરમાવ્યું કે તેવા માણુસને ખોદા પાક બહૂજ દુશમન ગણે છે.

અને ઇમામ અહમદ અને તિર્મિઝીએ અને ઇબ્ને માજાએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે "કોઇ કોમ જે હિદાયતપર તે હતી તેનાથી ગુમરાહ નહિ થઇ પણ ત્યારેજ કે જ્યારે તેઓને ઝઘડો દેવામાં આવ્યો." એટલે ઝઘડો અને બહસ દીનના કામોમાં તેઓ કરવા લાગ્યા. મતલબ એ કે દીનપર ચાલવું એ સલામતીના રસ્તાપર ચાલવું છે. સીધ્ધી અકલથી દીનની વાતો સમજી લીએ, અને તેનાપર યકીન રાખે. અને જે લોકોને દીનની વાતોમાં વાંકી વાતો કરવાની આદત થઇ જાય છે. તેઓ દરેક બાબતોમાં બહસ કરે છે અને તેથી તેઓ ગુમરાહ થઇ જાય છે.

અને વળી તિર્મિઝીએ હઝરત અબુહુરેરા [રદી]થી રિવાયત કીધી છે કે "એક વખત જનાબ રસૂલે ખોદા (સલ) તશરીફ લાવ્યા. અને (તે ઠેકાણે) અમે તકદીરની વાતોપર કંઇ બહસ કરી રહ્યા હતા. ત્યારે આપ [સલ] નાખુશ થયા અને આપ (સલ) નો ચેહરો રાતો ચોળ થઇ ગયો. જાણે દાડેમના દાણા આપ (સલ) ના ચેહરા મુબારકપર તોડી નાંખેલા છે. આપે (સલ) ફરમાવ્યું કે શું તમને એ વાતનો હુકમ આપવામાં આવ્યો છે.? શું એજ વાતનો પેગામ ખોદા પાક પાસેથી તમારી પાસે હું લાવ્યો છું? તમારી અગાઉ થઇ ગયેલા લોકો એથીજ હલાક થયા કે તેઓ દીનની વાતોમાં ઘણી વઢાવઢી કરતા હતા અને પેગંબરો [ના હુકમો]થી ઉલટું ચાલતા હતા."

ફાયદો. તકદીરનો મસઅલો સમજવો બહુ મુશ્કેલ છે. દરેક માણુસ તેને સમજી શકતું નથી. અને તેથીજ કરીને તેમાં બહસ કરવાની મનાઈ આવેલી છે. અને [દરેક] મુસલમાનને જોઈએ કે જે વાત ખોદા પાક અને તેના રસુલે (સલ) ફરમાવી હોય તેને તદન સાચી માને. જ્યારે પેગંબર સાહેબ [સલ]ને તે સાચા માને છે, તો એવા કામોમાં બહસ અને વઢાવઢી કરવી નકામી છે.

મસઅલો. જો બહસ કરવાથી કોઇ ઠેકાણે દીનની મદદ થતી હોય જેમકે કોઇ કાફેર કે બુરા અકીદાવાળો માણુસ દીનના કામોમાં બહસ કરવા માંગે, તો દીનના આલેમોને જરૂર છે કે તેની સાથે બહસ કરીને તેને કાયલ કરે અને હક વાતની દલીલોને જાહેર કરે. અને તેને જે જે વાતોમાં શક પેદા થયા હોય તેઓના જવાબો દીએ. એવો મુનાઝિરો ફરઝે કિફાયા છે. અને તેથી ઘણો મોટો સવાબ હાંસેલ થાય છે.

મસઅલો. કોઇ મસઅલાની શોધમાં હક વાત જાહેર થવાને વાસ્તે આલેમો વચ્ચે જે બહસ થાય, જેવી રીતે કે સહાબા અને ઇમામોની વચ્ચે થતી હતી, એવી બહસમાં પણ સવાબ થાય છે, પણ નફસાનીયત અને પોતાનોજ કકકો ખરો કરવાને જે મસઅલામાં બહસ કરવામાં આવે, અને દરેકને બીજાને હરાવવું મંજુર હોય, હક વાત જાહેર કરવી મંજુર ન હોય તો એવી બહસ મોટો ગુનો છે.

કુફર કલમાઓનું બયાન.

જીભથી થતા ગુનાહોમાં જે સૌથી મોટો ગુનો છે તે એ છે કે માણુસને મોઢે કુફરની વાત નીકળે. કુફર એ [ગુનો] તમામ

કબીરા ગુનાહોથી મોટો ગુનો છે. તેનો અઝાબ એ છે કે હમે-શને વાસ્તે માણુસ દોઝખમાં રેહશે. અને ત્યાંથી તેને કદી છુટ-કારો મળશે નહિ. અને ફિકેહ અને અકીદાઓની કિતાબોમાં કુફરના કલમાઓ ઘણા લખેલા છે, કે જેઓને લંબાણ સાથે લખવું [અહિં] મુશ્કેલ છે. પણ અમે આ ઠેકાણે કેટલાક મ-સઅલા એવી રીતે બયાન કરશું કે જેઓને સમજી લેવાથી તે દરેક મસઅલાઓની મતલબ તેમાં આવી જશે. **મસઅલો.** જે વાતોમાં બેઅદબી અલ્લાહ તઆલાની હોય, અથવા જે વાતો-માં અલ્લાહ પાકની સિફતોના કમાલથી ઇનકાર માલમ પડે અ-થવા ખોદા પાકમાં કોઈ નુકસાન કે એબ જે વાતથી સાબેત થતાં હોય એવી વાત બેશક કુફર છે.

મસઅલો. જે વાતમાં અલ્લાહ પાકની સાથે તેની મ-ખલુકમાંથી કોઇની પણ બરાબરી [કરવી] સાબેત થતી હોય, (પછી તે બરાબરી) ખોદા પાકના કામો [જેમકે મારવું, જીવાડવું, સાજા કરવું, રિઝક દેવો વિગેરે]માં હોય અથવા ખોદા પાકની સિફતો [જેમકે કુદરતવાળો, ઇરાદો કરનારો સર્વે ચીજોનું ઇલમ રાખનારો, સાંભળનારો, જોનારો વિગેરે]માં હોય તેવી વાત પણ બેશક કુફર છે. કેટલાક ફકીરો કહે છે કે હઝ-રત હુસેન (રદી) તમને દીકરો દીએ, અથવા રોજી રિઝક દીએ, અથવા તમને ખુશ રાખે એ કુફરની વાતો છે. રોજી દેવી, દીકરો આ-પવો, ખુશ રાખવું એ કામો (ખાસ) ખોદા પાકના છે.

મસઅલો. જે વાતમાં કોઇ તરેહની બેઅદબી અથવા ગુસ્તાખી જનાબ રસૂલે ખોદા (સલ) ની સાબેત થાય તે યકીનથી અને વગર શકે કુફર છે. એટલુંજ નહીં પણ એવા માણસને કતલ

કરવું (મુસલમાન હાકેમપર) વાજેબ છે, અગર જો તોબા કરે તોપણ. કેમકે એવી રીતે તેની કતલ કરવી એ સજા શરીઅતે મુકર્રર કીધી છે.

મસઅલો. દરેક પેગંબરની બેઅદબી કરવી (ઉપર લખ્યા પ્રમાણે) કુફર છે. શાએરો અને સારા લેખંકો (નક્ષનવીસ) આ આફતમાં ઘણાખરા સપડાયલા છે. હઝરત જનાબે ઇસા અને જનાબ મુસા (અલ)ના મુબારક નામો ઘણી ખરી વખતે તેઓની કલમથી લખાઇ જાય છે. અને ઘણી વાતોમાં તેઓ તે નામોને લખે છે એ વાતની જરાપણ ફકર તેઓ રાખતા નથી. અને એ વાત તો બેશક કુફરની છે. એને શેઅરોમાં લખવું (કોઇપણ અર્થ લઇને જાયઝ છે) એ વાત બચાવનો સબબ થઇ શકતી નથી, કેમકે એ મસઅલાને અમે (શેએરોના બયાનમાં) ઉપર લખી ચુકયા છીએ. અને હઝરત કાઝી અયાઝ (રહ)ની (હઝરતની તારીફમાં લખેલી) શિફા નામની (જગત પ્રસિધ્ધ) કિતાબમાં એ મસઅલો બહુ ખોલીને લખેલો છે.

મસઅલો. જે વાતોમાં એમ માલમ પડે કે પેગંબર (સલ) સાહેબે કોઈ વાત ફોકટ કે નકામી, અથવા જાહેરમાં દેખાડવા વાસ્તે, અથવા જાહેરના કોઇ એવાજ બંદોબસ્ત વાસ્તે કહી હતી, તો તે વાત પણ કુફર છે. **ફાયદો.** આ આફતમાં ઘણા લોકો સપડાયલા છે. જે લોકો શરાબી, બેનમાઝી અથવા એવાજ કોઇ શરીઅતથી ઉલટા કામો કરનારા ફકીરોને માનનારા હોય છે અને તેઓને વલી સમજે છે અને તેથી કરીને તેઓ કહી દે છે કે "મીયાં! શરીઅત જુદી ચીજ છે અને તરીકત જુદી ચીજ છે" તો એ વાત બેશક કુફરની છે. તેઓની મતલબ એ છે કે વલી બનવામાં અને ખોદા

પાકની જનાબમાં મકબૂલ બંદા થવામાં, જનાબ પેગંબર સાહેબે (સલ) જે જે હુકમો જાહેરમાં બયાન ફરમાવેલા છે તે તે હુકમોપર ચાલવાની કંઇ જરૂર નથી.

જનાબ પેગંબર સાહેબે (સલ) શરાબીને (કે જેણે સાચી તૌબા નહિ કીધી હોય) ખુલી રીતે જહંનમી; મલઉન; અને મરદૂદ કહ્યો છે. તિર્મિઝી અને ઇબ્ને માજાએ રિવાયત કીધી છે કે "જનાબ રસૂલુલ્લાહે (સલ) શરાબની બાબતમાં દશ માણસોપર લઅનત કીધી છે. (૧) **આસેર.** એટલે જે માણસ બીજાને વાસ્તે શરાબ બનાવે. (૨) **મોઅતસેર** એટલે જે પોતાને વાસ્તે શરાબ બનાવે. (૩) તેના પીનારપર. (૪) તેને ઉઠાવનારપર (૫) જેની માલેકીની શરાબ ઉઠાવવામાં આવી તેનાપર (૬) તેના પીવડાવનારપર. (૭) તેના વેચાનારપર. (૮) તેની કિંમત ખાનારપર. (૯) તેને ખરીદનારપર. (૧૦) જેને વાસ્તે ખરીદ કરવામાં આવી તેનાપર." હવે વિચારવું જોઇએ કે જનાબ રસૂલુલ્લાહે (સલ) જરા જરા એ કામના લાગતા વળગતાઓ ઉપર લઅનત કીધી છે, ત્યારે જે માણસ એવો એઅતેકાદ રાખે કે શરાબ પીનાર ખોદા પાકનો વલી અને **તેનો** મકબુલ બંદો અને **તેનો** પ્યારો બંદો છે, તો બેશક કાફેર અને ખોદાપાકનો દુશમન છે. અને લોકો તેને વલી અને મકબુલ બંદો કહે છે. ત્યારે જાહેર છે કે તેઓ ખુલ્લી રીતે પેગંબર સાહેબ [સલ] ને જૂઠાવી રહેલા છે. [હઝરતે] શરાબીને મરદૂદ અને મલઉન કહ્યો તેની માયની, એ લોકો એવી રીતે કરે છે કે આપે [સલ] એવી વાતો જાહેરમાં દેખાડવા વાસ્તે કહી દીધી હતી.

મસઅલો. એવી વાત કે જેથી કુરાન શરિફની કોઇ આયત કે હદીસની હુકમમાં ઇનકાર કરવું માલમ પડતું હોય બેશક કુફર

છે. અને એવીજ રીતે જે વાતમાં કુરઆને મજીદની બેઅદબી અથવા કોઇ આયાતની બેઅદબી જાહેર થતી હોય તે બેશક કુફ્ર છે.

મસઅલો. એવી વાત કે જેમાં ક્યામત કે જંનત અથવા દોઝખથી ઇનકાર કરવાનું સાબેત થતું હોય, અથવા એવી વાતનો ઇનકાર સાબેત થાય કે જે વાત પેગંબર સાહેબે [સલ] યકીનથી ફરમાવેલી છે તો તે બેશક કુફ્ર છે. **મસઅલો.** જે વાતમાં હઝરત રસૂલુલ્લાહ [સલ]ની શરીઅતની અથવા શરીઅતના કોઇ હુકમની અથવા કોઇ પણ સુંનતની બેઅદબી અથવા હાંસી અથવા મજાખ મસખરી સાબેત થતી હોય તે વાત બેશક કુફ્ર છે. કેટલાક લોકો શરીઅત મૂજબ [વાજાં ગાજાં વગર]ના નિકાહની મિજલસને જોઇ હાંસી, મજાખ મસખરીની રૂએ કહે છે કે ચણા મંગાવી લીઓ, કલમોજ પઢી લેશું [એમ બોલવાની રસમ હિંદુસ્તાનમાં છે, પણ આપણી ગુજરાતમાં તેને **છરા મૂજબની શાદી** અને **મઇયતની મીજલસ** વિગેરે કહે છે]. એટલે એ મેહફિલ શાદીની નથી પણ મયતની દેખાય છે, તો એ વાત એવી રીતે સુંનતની મસખરી કરવા વાસ્તે કેહવામાં આવે છે, અને તેથી કરીને એ બેશક કુફ્ર છે.

મસઅલો. કુફ્રની વાત કોઇએ કહી હોય તો એમ કેહવું કે ફલાણાએ કુફ્રની વાત એવી રીતે કહી, જાએઝ છે. પણ એ ત્યારે છે કે જયારે એમ કેહવાથી મતલબ તે વાતની બુરાઇ જાહેર કરવાની હોય અને તે વાતને રદ કરવી મંજૂર હોય. (ફારસી ઝબાનમાં કેહવત છે કે) **નકલે કુફ્ર કુફ્ર ન બાશદ** એટલે કોઇની કહેલી કુફ્રની વાતને પોતે કેહવું કુફ્ર નથી તેની

મતલબ એજ છે. અને કુફ્રની વાતને સારી સમજીને અથવા મજાખ મસખરીમાં અથવા પોતાની વાતમાં લેહજત પેદા થાય તે વાસ્તે કેહવી કુફ્રજ છે, અને તેથી જાયઝ નથી. કાઝી અયાઝ (રહ)ની શિફા નામની કિતાબમાં એ મસઅલો બયાન કીધેલો છે.

અને વિચારવું જોઇએ કે જો કોઇ માણસે કોઇના બાપને ગાળ દીધી હોય તો તેને એ માણસ (કે જેને ગાળ દેવાઇ છે) મસખરી ઠઠ્ઠાની રૂએ કદી પણ બોલશે નહી. અને જો બોલશે તો બેશક પોતાના બાપથી બેઅદબી કરનારો ગણાશે. ખોદા પાકનો હક તો બાપથી અને સૌથી વધારે છે. અને કુફ્રની વાતો મોઢે બોલવી તેની બેઅદબી કરવી છે. ત્યારે વગર જરૂરે એવી વાતો કદી પણ બોલવી જોઇએ નહિ.

મસઅલો. તદન હરામ કામ જેવું કે ઝિના કરવી, શરાબ પીવી અથવા જુવો રમવો એને હલાલ કેહવું કુફ્ર છે. **સૂચના.** બહુજ અફસોસની વાત છે કે કુફ્રના જેવો કોઇ ગુનો નથી. અને હદીસોથી એ વાત જાહેર થાય છે કે માણસ કુફ્રની વાત કદી કરે નહિ. અગરજો તેના પર જોરજુલમથી એ વાત કેહવાને ફરજ પાડવામાં આવે અને અગરજો નહિ બોલવાને લીધે તેને મારી નાંખવામાં આવે અથવા તેને બાળી નાંખવામાં આવે. (એ હદીસને ઇમામ અહમદે રિવાયત કીધી છે). અને ઘણા લોકો તો કુફ્રની વાતોને જરા પણ બીક વગર બોલી દે છે અને જાહેર છે કે કુફ્રની વાતો બોલવાથી પાછલા કીધેલા તમામ નેક કામોનો સવાબ બાતેલ થઇ જાય છે. અને જો તેજ બાબતમાં તોબા કીધા વગર મરી જાય

તો હમેશને માટે તે દોઝખી છે. ઇમાનવાળા માણસને અને હઝરત રસૂલે ખોદા (સલ)ની તાઝીમ (મોટાઇ) જેના દિલમાં હોય તેને તો લાયક એ છે કે કુફરના કલમાઓથી પોતે બહૂજ બચેલો રહે. અને પોતાને, એવી વાતો બોલવાથી, ખુબ બચાવતો રહે. અલ્લાહપાકનો લાખ લાખ શુકર છે કે જીભની આફતો (ગુનાહો)નું બયાન (અહિં) પૂરૂં થયું. ખોદા પાક આપણને અને સૌ મુસલમાન ભાઇયોને તેના મુજબ ચાલવાની નેક તોફીક ઇનાયત કરે. (આમીન.)

બીજો બાબ તે ગુનાહોના બયાનમાં છે જે ઇંદ્રી (છુપાવવાના શરીરના ભાગ) સાથે સંબંધ રાખે છે. અને એમાં પાંચ બયાનો છે.

ઝિના (વ્યભિચાર) કરવાનું બયાન.

(કુરાને મજીદમાં) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે "ઝિનાની પાસે પણ નહિ જાઓ (કેમકે) બેશક તે બેશરમી (નું કામ) અને (ઘણો) ખરાબ રસ્તો છે." અને સૂરએ ફુર્કાનમાં ખોદા પાકે ઝિનાને શિરક અને નાહકની કતલની સાથે બયાન ફરમાવ્યો છે (કે જેથી એનું ઘણુંજ બુરૂં હોવું સાબેત થાય છે). અને બુખારી અને મુસલિમમાં છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "ઝિના કરનારો જે વખતે ઝિના કરે છે તે વખતે તે મુસલમાન રહીને ઝિના કરતો નથી." (અને એજ હદીસમાં આપે (સલ) શરાબ પીનાર અને ચોરી કરનારને વાસ્તે પણ એજ વાત ફરમાવી છે). એટલે ઝિના કરનાર (અને શરાબ પીનાર

અને ચોરી કરનાર)નો ઇમાન, ઝિના કરવાની (અને શરાબ પીવાની અને ચોરી કરવાની) હાલતમાં રહેતો નથી.

*બુખારી શરીફમાં એક લાંબી હદીસમાં જેમાં એ વાતનું બયાન છે કે હઝરત જીબ્રઈલ અને હઝરત મીકાઇલ (અલ) હઝરત (સલ)ને ખ્વાબ (સ્વપ્નાની હાલત) માં લઇ ગયા અને કેટલીક ઘણી અજાયબ ચીજો તેવણુને દેખાડી. તેમાં એ વાત બયાન કીધેલી છે કે આપે (સલ) એક બાકું જોયું. જાણે કે તંદૂર હોય તેવું. તેનો ઉપલો ભાગ સાંકડો છે અને નીચેનો ભાગ ચોડો છે અને તેને તળીયે આગ બળી રહેલી છે. અને તેમાં કેટલાક નાંગા મરદો અને નાંગી ઓરતો છે. જ્યારે તે આગ ઉંચી ઉપલા ભાગ તરફ ઉડે છે ત્યારે તેઓ પણ ઉપર આવે છે કે જાણે તેમાંથી હમણા નીકળી પડશે, અને જ્યારે તે આગ નીચે દબાય છે ત્યારે તે લોકો તેની અંદર પેસી જાય છે. હઝરત જીબ્રઈલ અને મીકાઇલે (અલ) કહ્યું કે એ લોકો ઝિના કરનારા મરદ અને ઓરતો છે. એટલે હરામ કામ કરનારા મરદો અને ઓરતોને આવી તરેહનો અઝાબ થાય છે, કે આવી તરેહના આગના તંદૂરમાં તેઓ કેદ છે, અને આગ તેઓને ઉપર નીચે ફેંકી રહેલી છે, અને પાછી અંદર ખેંચી લે છે.

અને તબરાનીએ અને બઝઝારે રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) મેરાજની રાત્રે કેટલાક લોકોને જોયા કે તેઓની સામે એક વાસણમાં રંધાયલું સારૂં માંસ તૈયાર છે, અને બીજી એક ખરાબ હાંડલીમાં કાચું ગોસ્ત છે, અને તે લોકો કાચા ખરાબ ગોશ્તને ખાઇ રહેલા છે, અને સારી રીતે રંધાયલા ગોશ્તને ખાતા નથી. જનાબ જીબ્રઈલે (અલ) કહ્યું

કે એ તે લોકો છે કે જેઓની હલાલ (નિકાહ) ની ઓરતો છે (છતાં) તેઓ કોઇ ખરાબ ચાલની ઓરત પાસે જઇને પોતાની રાત ગાળે છે, અહિં સુધી કે સવાર પડે છે. અને ઓરત પાસે હલાલ ધણી હોય છે, અને તે ઓરત કોઈ ખરાબ મરદ પાસે સવાર સુધી રહે છે.

અને બયહકીએ [રહ] રિવાયત કીધી છે કે મેરાજની રાતે જનાબ રસૂલુલ્લાહે [સલ] કેટલીક ઓરતો એવી જોઇ કે જેઓની છાતીઓ બાંધીને ટાંગી દીધી છે. અને તે બુરૂં કામ કરનાર ઓરતો હતી. અને ઇમામ અહમદે [રહ] રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે જે કોમમાં ઝિનાનું કામ જારી થયું તેઓપર દુકાળની બલા આવી પડે છે અને જે કોમમાં લાંચ [દેવી લેવી] જારી થાય છે તેઓ [તેઓના કોઇ દુશમન વિગેરેના] માબામાં ફસે છે, એટલે હમેશ બીક અને ડર તેઓપર ગાલેબ થાય છે. અને ઇમામ માલેકે [રહ] હઝરત ઇબ્ને અબ્બાસ [રદી] થી રિવાયત કીધી છે કે જે લોકોમાં ઝિના ફેલાય છે તેઓ સંખ્યાબંધ મરે છે. હઝરત મૌલાના રૂમ [રહ] ફરમાવે છે:—

અબ્ર નાયદ અઝ પએ મનએ ઝકાત
વઝ ઝિના ખીઝદ વબા અંદર જેહાત.*

અને એ શેઅર ઉપલા હઝરત ઇબ્ને અબ્બાસ [રદી] ના કોલની સાથે ઘણો મળતો આવે છે.

---

* અર્થ ઝકાત નહિ દેવાથી વરસાદ આવતો નથી. (અને દુકાળ પડે છે.) અને ઝિના ફેલાય છે ત્યારે મરકી દેશની ચોમેર ફરી વળે છે.

ચેતવણી. ઝિનાનું કારણ ઘણું કરીને બુરી સોહબત હોય છે. કેમકે માણસ લુચ્ચાઓની દોસ્તીને લીધે હરામ કામો કરવા લાગે છે. અને નિકાહ કરવામાં ઢીલ કરવાથી પણ ઝિના થાય છે. અદબની કિતાબોમાં લખ્યું છે કે છોકરીના નિકાહ બાર વરસની ઉમરમાં અને છોકરાનો નિકાહ સત્તર વરસની ઉમરમાં કરી દેવા.

બયહકીએ [રહ] રિવાયત કીધી છે કે જનાબ રસૂલે ખુદાએ [સલ] ફરમાવ્યું કે "તૌરૈત"માં લખ્યું છે કે જેની છોકરી બાર વરસની થાય અને તે [માણસ તેણીનો] નિકાહ નહિ કરી દીએ અને (તે) છોકરી ગુનો (ઝિના વિગેરે) કરે તો (તે) ગુનો બાપને માથે છે." અને (નિકાહ કરી દેવામાં) વાર લગાડવાનું કારણ (ઘણું કરીને) એજ થાય છે કે સુંનત તરીકા (વાજું ગાજું, ઘણી જણસો, નાચ રંગ, ભારે મેહેર નહિં લેવું તે) મૂજબ નિકાહ કરી દેતા નથી. શરેઅથી ઉલટા ખરચોના વિચારો [તેઓ] રાખે છે. અને તેથી કરીને દુન્યા અને આખેરત બંનેની બુરાઇ તેઓ હાસેલ કરે છે.

બીજી ચેતવણી. બહૂજ ખરાબ રસમ એ છે કે બેવા ઓરતના નિકાહ કરી દેતા નથી. મુસલમાનોએ એ ખોટી રસમ હિંદુઓથી શીખી છે. (કેમકે આગલા તમામ મુસલમાનો અને હિંદુસ્થાન શિવાય દરેક દેશના મુસલમાનો એ રિવાજને ખરાબ અને ધિક્કારવા લાયક ગણતા નથી. એ બાબત ઉર્દુમાં સદા સોહાગત નામની કિતાબ જોવા લાયક છે. જેમાં સાહાબા અને અહલે બૈત (રદી) કે જેઓ તેઓના પછી કયામત સુધીના તમામ મુસલમાનોના સરતાજો છે તેઓ સૌએ જરા પણ નકાર વગર કેવી

ખુશીથી પોતાની મા, દીકરીઓ અને બેનોના નિકાહો કરી દીધા છે.) અને બહુજ અફસોસની વાત એ છે કે (વધારે ઇલમવાળા અને) શરીફો એમ કરવામાં એબ ગણે છે. અગર જો એ કામને એબ સમજવું ખુલ્લું કુફર છે. હઝરત આયશા (રદી) શિવાય બીજી સૌ હઝરત (સલ)ની પાક બીબીઓ (રદી)ની સાથે આપે (સલ) બીજી વારજ નિકાહ કીધા છે (તેઓ સૌ બેવા અથવા તલ્લાક દેવાયલી બીબીઓ હતી). તેમજ અહલે બૈતમાં હમેશ બેવાઓના નિકાહ થતા હતા. શરીફો (ઉંચ પંકતીના લોકો)ને જોઇએ કે પોતપોતાની જમાઅતમાં એકમત થઇને આ ખરાબ ચાલને દૂર કરી દીએ. મોઢેથી તો સૌ કોઇ કહે છે, પણ લોકોપર અસર, કરવાથી થાય છે. અને એવી રસમને જે કોઇ મટાડશે અને દૂર કરશે તેને એક સો શહીદોનો સવાબ મળશે. (કારણ કે) બયહકી (રહ) એ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "મારી ઉમ્મતમાં જયારે બગાડો પેદા થશે તે વખતે જે કોઇ મારી સુંનતને મજબૂત પકડશે (અને સુંનત મૂજબજ ચાલશે) તેને માટે સો શહીદોનો સવાબ (ખોદા પાકને ત્યાં તૈયાર) છે.

લવાતતનું બયાન.

લવાતત એટલે મરદ મરદની પાછળથી સોહબત કરે. કુરઆને પાકમાં ઠેકાણે ઠેકાણે આ ખરાબ કામની બુરાઇયો બયાન થયલી છે. આ નઠારૂં કામ કરવાની ટેવ હઝરત લૂત (અલ) ની કોમને હતી. ખુદા પાકે તેઓને વાસ્તે (કુરઆને પાકમાં) ફરમાવ્યું છે કે "તમે એવી બેશરમીનું કામ કરી રહેલા છો કે તમારા પેહલાં કોઇ મખલુકે એવું કામ કીધું નથી." તેમજ ખોદા પાક

ફરમાવે છે કે "શું તમે દુન્યાના મરદોની પાસે આવો છો અને તમારી ઓરતોને કે જેઓને તમારા રબે (તમારે વાસ્તે) પેદા કીધી છે તેણીઓને છોડો છો. તેથી તમે (અલ્લાહની કુદરતી) હદથી વધી જનારી એક કોમ છો."

એટલે ઘણુજ અંધેરની અને નાપાક તબીઅતની આ વાત છે, કે પાક અને સારો રસ્તો જેને ખોદા પાકે તમારી ખાહેશ પૂરી કરવા વાસ્તે તૈયાર રાખેલો છે એટલે પોતાની (હલાલ) ઓરતો સાથે સોહબત કરવી તેને છોડીને આવું ખરાબ કામ કરે.. (એવું કામ કરવુ) તો માણુસાઇની હદને ઓળંગી જવું છે, અને નજાસત ખાનારા (ગુખોર) જનાવરોમાં દાખેલ થવું છે.

તિરમિઝી (રહ) એ રિવાયત કીધી છે કે જનાબ રસૂલે ખોદા (સલ) એ ફરમાવ્યું કે "ખોદા પાક તે મરદ તરફ રેહમતની નજરે જોશે નહિ કે જે મરદ કોઇ મરદ કે ઓરતની પાસે તેની પાછળની જગ્યાથી આવશે (સોબત કરશે)." અને રઝીને (રહ) રીવાયત કીધી છે કે "જે માણુસ લૂત (અલ) ની કોમનું કામ કરે તે મલઉન (લઅનત કરાયલો) છે." અને ઇમામ અહમદે અને અબુદાઉદે રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે "જે માણુસ પોતાની ઓરતની પાછળની જગ્યામાં (સોહબત) કરે તે મલઊન છે." અને તિર્મિઝી અને ઇબ્ને માજા (રહ) એ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે "જે માણુસને તમે જુઓ કે તે લૂત [અલ] ની કોમનું કામ કરી રહેલો છે (ત્યારે) તે કામના કરનાર અને કરાવનાર બન્નેને કતલ કરી નાંખો." લવાતતની સજા શરીઅતમાં બહુ સખ્ત છે. કતલ કરવાનો હુકમ પણ છે. જેમકે આ હદીસમાં

બયાન થયલું છે. પણ [હિદાયાની શરેહ] ફતહુલ કદીર (નામની જગત જાણીતી ફિકેહની કિતાબ) ના રચનાર [ઇબ્ને હુમામ] સાહેબે [રહ] લખ્યું છે કે હઝરત જનાબ ઇમામ અબૂહનીફા (રદી) ના મઝહબમાં એ હુકમ ત્યારે છે કે જ્યારે તે માણસને એ બુરા કામની ટેવ હમેશને માટે પડી ગઈ હોય. નહિ તો તેને જીંદગી સુધી કેદ રાખવો જોઇએ. અથવા અહિં સુધી (કેદ રાખે) કે તે સાચી તોબા [એ બુરૂં કામ ફરી નહિ કરશે તે માટે] કરી લીએ, કે જેથી યકીન થઇ જાય કે હવેથી તે એ કામ કરશે નહિ.

અને સહાબીઓમાં [રદી] તેની સજાને વાસ્તે ઇખતેલાફ (મતફેર) છે. (તેઓમાંથી) કેટલાક તો તેને (જીવતો) બાળી નાંખવાનો હુકમ કરે છે. અને કેટલાક તો તેનાપર ઘરની દિવાલ પાડી નાંખવાનો હુકમ આપે છે. અને કેટલાકે હુકમ દીધો છે કે તેને કોઇ (ઘણાજ) ઉંચા મકાનપરથી ઉંધે મોઢે નીચે ફેંકી દીએ, અને ઉપરથી પથરા મારીને તેને મારી નાંખે.

અને તિર્મિઝી (રહ)એ વતી કરનારની સજા શું છે તેના હુકમના બયાનમાં લખ્યું છે કે હઝરત ઇમામ માલેક, ઇમામ શાફેઇ, અને ઇમામ અહમદ (હંબલ) અને ઇસહાકનો મઝહબ એ છે કે એ બુરૂં કામ કરનારને પથરાના મારા (સંગસાર) થી મારી નાંખવો જોઇએ, પછી ગમે તો તે મોહસન હોય અથવા નહોય. મોહસન એવા આકિલ બાલેગ મુસલમાનને કહે છે કે જે પરણેલો હોય અને તેણે પોતાની ઓરત સાથે સોહબત પણ કીધી હોય. ત્યારે ઝિના [ની સજા] રજમ (સંગસાર) કરવામાં આ સિફતનું હોવું શરત છે (કે ઝિના કરનાર મોહસન

હોય) પણ લવાતતમાં શરત નથી. જેમકે જો નહિ પરણેલો માણુસ ઝિના કરશે તો તેને સો દુરરા (ફટકા) મારવામાં આવશે. સંગસાર કરવામાં આવશે નહિ. પણ જો તે લવાતત કરશે તો મશ્હૂર ઇમામોના મઝહબોમાં તેને સંગસાર કરવામાં આવશે એ (હુકમથી) પણ સાબેત થાય છે કે એ કામ બહૂજ બુરૂં છે.

અને તિર્મિઝી અને ઇબ્ને માજા (રહ) એ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "મને મારી ઉમ્મતમાં સૌથી વધારે બીક લૂત (અલ) ની કોમના કામની છે." હઝરત શાહ અબ્દુલ હક મોહદ્દેસે દેહલવી (રહ)એ, એ હદીસની બે માયની લખી છે. (૧) સૌ ગુનાહો કરતાં વધારે એ ગુનાહપર અઝાબ થશે. (૨) બીજા સૌ ગુનાહો કરતાં એ ગુનો વધારે ફેલાઇ જવાનો ખોફ છે, કે જેમાં ઉમ્મત વધારે પડશે. મતલબ કે દરેક રીતે એ ગુનાથી બચવાની પૂરેપૂરી તાકીદ એ હદીસથી સાબેત થાય છે.

સૂચના. ઘણાખરા લોકો, એ ભુંડા કામમાં, નાબાલેગ છોકરાઓ અને ખાસ કરીને ખૂબસૂરત છોકરાઓ (ની સોહબત) ને લીધે વધારે ફસી જાય છે. તેવાલોકોને જોઇએ કે હઝરત રસૂલે ખુદા (સલ) ની મશ્હૂર હદીસપર જરા ધ્યાન પોંહચાડીને એવી (નાબાલેગ અને ખૂબસૂરત છોકરાઓની) સોહબતથી દૂર રહે. અને દુર્રૂલ મુખતાર અને (તેમજ) ફિકેહની બીજી કિતાબોમાં લખ્યું છે કે ખૂબસૂરત નાબાલેગ છોકરા તરફ શહવતથી જોવું હરામ છે. અને ઇમામ નવવી (રહ) એ રિસાલતુલ બયાન ફી આદાબે હમલતુલ કુરઆનમાં લખ્યું છે કે ખૂ-

બસૂરત છોકરા તરફ કોઇ પણ રીતે શહવતની અથવા વગર શહવતથી જોવું તદ્દન નાજાએઝ છે. અને એમાંજ બચાવ છે.

મોસાહેકત, જલક, અને વતીએ બહીમાનું બયાન.

મોસાહેકતના અર્થ ઓરતની સાથે ઓરતે સોહબત કરવાના છે. અને **જલકના** અર્થ મશહૂર છે (એટલે પોતાના હાથથી મની બહાર કાઢવી). અને **વતીએ બહીમા** કોઇ પણ જનાવરની સાથે સોહબત કરવાને કહે છે.

કુરઆનની આયત "ભલાઇએ પોહોંચનારા મુસલમાનો તેજ છે કે જેઓ પોતાની છુપાવવાની જગ્યાને પોતાની બૈરીઓ અને તેઓ જે ઓરતોના માલેક છે (એટલે લોંડીઓ) શિવાય બીજા સૌથી (ખૂબ) સાચવીને રાખે છે તેઓના ઉપર કોઇ પણ તરેહનો ઠપકો નથી. હવે એ શિવાય કોઇ બીજો (રસ્તો) કોઇ શોધે તો તેઓજ એવા લોકો છે કે જેઓ હદથી વધી જનારા છે." (જુઓ ૨૯ મા પારાનો ૭મો રૂકૂઅ). મઝકૂર આયત જેવી રીતે ઝિનાને અને લવાતતને મના કરે છે તેવીજ રીતે મઝકૂર ત્રણે કામો મોસાહેકત, જલક અને વતીએ બહીમાને પણ હરામ ઠેરવે છે. (એ આયતોમાં) ખુદા પાકે ખુલ્લું ફરમાવી દીધું કે જો કોઇ માણસ પોતાની બયરી અને શરીઅત મૂજબની લોંડી શિવાય કોઇ પણ બીજી રીતે પોતાની છુપાવવાની જગ્યાને વાપરશે તે માણસ હદથી વધી જનારો છે. એટલે ખુદા પાકે જે હદ બાંધી દીધી છે (કે નિકાહની ઓરત કે શરઇ લોંડીની સાથે આગળથી સોહબત કરવી) તે હદને તે ઓળંગી જનાર છે.

ફાયદો. અલ્લાહ પાકે ઇનસાનને અકલ અને હોંશીયારીનું લેબાસ પેહરાવીને શણુગાર્યો છે (અકલવાલો બનાવ્યો છે). અને પોતાનો ખાસ બંદો બનાવ્યો છે. અગરજો આદમીમાં જાનવરોની પણ કેટલીક સીફતો છે (જેમકે ગુસ્સે થવું, ભૂખા થવું વિગેરે વિગેરે) પણ મતલબ [એવી રીતે પેદા કરવાની] એ છે કે તે સૌ કામોને એવી રીતે બજાવી લાવે કે જેવી રીતે તેના ખાસ બંદાઓ બજાવી લાવે છે. તદન હેવાનોની રીતે તે કામો કરે નહીં.

એવીજ રીતે શેહવત દૂર કરવાને વાસ્તે સોહબત કરવાની ઇનસાનને (ખોદા પાકે) એવી રીતે રજા દીધી કે જેમાં દુન્યાનો કારભાર ચોકસ રીતે ચાલે, કુટુંબનો બંદોબસ્ત બરોબર થાય, અને નસબ (વંશ)નો વધારો થાય, અલ્લાહ પાકના બંદા પેદા થાય. ત્યારે જે (કામો કરવાની) હાલતમાં નસલ પેદા થવી અટકે જેવી રીતે કે લવાતત, મોસાહકત, જલક અને વતીએ બહીમા (કે જેઓના અર્થ ઉપર બયાન થઈ ગયા છે) તે કામો માણસપણાથી તદન ઉલટા છે. કેમકે ફકત પોતાની શહવત (કોઇ પણ રીતે) પૂરી કરવી એ કામ હેવાનોનું છે (આદમીઓનું નથી). અને ઝિના કરવામાં અગરજો માણસો પેદા થવાની વકી છે પણ ખરૂં જોતાં તેપણ ચોખ્ખું શેહવત પુરી કરવાનું કામ છે. કેમકે ઝિનાથી જે ઓલાદ પેદા થાય છે તે હમેશ ધિકકારાય (હલકી નજરે જોવાય) છે. કેમકે તેનો (વંશ) નસબ સાબેત થતો નથી. અને ઘર કારભાર ચલાવવા વિશે તો તેમાં કંઇ હોતુંજ નથી.

પણ નિકાહની ઓરત અને શરીઅત મુજબની બાંદીનો હાલ તેવો નથી. તેમાં ઓરત રાખવાથી ઘર ચલાવવાનો ફાયદો

હોય છે. ફક્ત ખાહેશ દૂર કરવી મંજૂર હોતી નથી. અને તેઓ-થી જે ઓલાદ પેદા થાય છે તે પણ સારી હોય છે. ત્યારે હવે માણસપણાને લાયક એ બે રીતો છે (કે જોઇએ તો નિકાહની ઓરત રાખે અને ગમે તો શરેઅ મજબની લોંડી રાખે). અને એ બે રીતો શિવાય માણસ માણસપણાની હદથી બહાર જતો રહે છે.

અને જલકને વાસ્તે દુરરૂલ મુખતારમાં હદીસ લખેલી છે કે "હાથની સાથે નિકાહ કરનારો મલઉન (લઅનત કરાયલો) છે." નિકાહની મતલબ અહિં એ છે કે જે કામ નિકાહથી પૂરૂં કરવામાં આવે છે તે કામ હાથથી પૂરૂં કરે. અને કન્ઝની શરેહ **અયની** (નામની ફિકેહની કિતાબ)માં હઝરત અતા (તાબેઇ રદી)થી (હ-દીસની) રિવાયત છે કે તેવણે કહ્યું કે મેં સાંભળ્યું છે કે "કેટે-ટલાક લોકો કયામતમાં એવા લાવવામાં આવશે કે તેઓના હાથ ગર્ભવાળા (હમલવાળા) હોશે. હું ધારૂં છું કે તેઓ જલક કરનારા હોવા જોઇએ."

વળી **અયની**માં બીજી (હદીસની) રિવાયત છે કે હઝરત સઇદ બિન જુબેરે (તાબેઇ રદી) ફરમાવ્યું કે "(આગલી ઉમ્મ-તોમાં) એક કોમને એ [જલકનું] કામ કરવાની ટેવ હતી તો તેથી કરીને અલ્લાહ પાકે તેઓપર અઝાબ નાઝિલ કીધો." અને વતીએ [બદીમાને વાસ્તે અબૂદાઉદ અને તિરમિઝીએ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જે માણસ કોઇ જનાવરની સાથે સોહબત કરે તે માણસને મારી નાંખો." ફાયદો. (એ હદીસમાં) આપે [સલ] તે માણસને કતલ કરવાનો જે હુકમ ફરમાવ્યો તેની મતલબ એજ છે કે એ ગુનેહ

એવો તો મોટો ગુનો છે કે તેને કરનાર કતલ કરવાને લાયેક થઇ જાય છે. એ હદીસની એ મતલબ નથી કે (શરીઅત) માં એ ગુનાની હદ (હાકેમ તરફથી ગુનેગારને આપવી જોઇતી) શરીઅત મૂજબ સજા, કતલ છે. અને તેથીજ કરીને ચારે મઝહબમાં જનાવરની સાથે સોબત કરનાર માણસને ફકત (ફટકા વિગેરેની) સજા લાગુ પડે છે. કતલની સજા લાગૂ પડતી નથી.

ઝિના (થઇ જવા)ના કારણો. એટલે જોવું, હાથ અડકાવવો, ચુંબન કરવું અને નાચ જોવાનું બયાન.

મુસલિમ અને બુખારી શરીફમાં છે કે જનાબ રસૂલે ખોદા (સલ) એ ફરમાવ્યું કે " નજરે જોવું આંખનું ઝિના છે. (એટલે પારકી ઓરતની તરફ શહવતની નજરે જોવું) અને (પારકી ઓરતની સાથે શહવતની) વાતો કરવી જીભનું ઝિના છે. " અને મુસલિમ શરીફમાં છે કે જનાબ નબી [સલ]એ ફરમાવ્યું કે બંને આંખોનું ઝિના [પારકી ઓરત તરફ] નજરે જોવું છે. અને બંને કાનોનું ઝિના [પારકી ઓરતની સાથે શહવતની વાતો કરી તે] વાતો સાંભળવી છે. અને હાથનું ઝિના [પારકી સ્ત્રીને શહવત સાથે] હાથ અડકાવવો છે. અને પગનું ઝિના [પારકી ઓરતની ઢુંઢમાં અથવા તેના ઘર તરફ શહવતને ઇરાદે જવાને વાસ્તે] ચાલવું છે. " શરીરના જે ભાગનું જે કામ હોય તે ભાગને એ બુરા કામમાં વાપરવાથી તે ભાગથી ઝિના કરવાનો ગુનો લાગુ પડે છે. અને હિદાયા અને કન્ઝની શરેહ અયનની [નામની બંને કિ-

કેહની કિતાબો]માં છે કે જનાબ રસૂલુલ્લાહે [સલ] ફરમાવ્યું કે " જે માણુસ શહવતની સાથે કોઇ [પારકી] ઓરતની ખૂબસૂરતી તરફ નજર દોડાવશે તો કેયામતને દહાડે તેની બંને આંખોમાં સીસું [ગરમ કરીને] નાંખવામાં આવશે. " તેમજ હિદાયામાં છે કે જનાબ નબી [સલ]એ ફરમાવ્યું કે " જે માણુસ કોઇ એવી ઓરતની હથેળીને અડકશે કે જેણી તે માણુસપર (શરીઅત મૂજબ હલાલ નહીં હોય)તે માણુસની બંને હથેળીઓપર કેયામતને દિવસે અંગારા મુંકવામાં આવશે.. "

ફાયદો. જ્યારે ફકત નજરે જોવાથી અને અડકવાથી એવો સખત અઝાબ લાગુ પડતો હોય ત્યારે ચુંબન કરવું કે જેમાં મોટી લેહજત મળે છે, અને સોહબત કરવાને લગભગ પાસેજ છે, તેને વાસ્તે કેટલો અઝાબ થવો જોઇએ તે વિચારી લીઓ.

અને માણુસની આંખમાં એક નાનું તણખલું પડી જાય છે ત્યારે કેટલી બેચેની થાય છે કે ખોદા બચાવે, ત્યારે વિચારવું જોઇએ કે સીસું ગરમ કરીને જયારે આંખમાં નાંખવામાં આવે તો તેની શું હાલત થશે ? અને દીવાની પાસે જરા આંગળી મુકીને માણુસ જુએ કે બળવાની કેવી ઇજા તેને થાય છે ? હવે તે વિચારે કે જયારે હાથોપર અંગારા મુકવામાં આવશે ત્યારે મારી શું દશા થવાની? મુસલમાનને જોઇએ કે પોતાની ખાહેશ અને થોડી વારની લેહજતને એવી ભારે ઇજાની બીકથી છોડી દે. અને જો એકાએક કોઇ ઓરત તરફ નજરથી જોવાઇ જાય તો (આંખો નીચી કરી લીએ અને) ફરી તેણીની બાજુ જુએ નહીં.

અહમદ, તિર્મિઝી, અબુદાઉદ અને દારેમી (રહ)એ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) હઝરત અલી (રદી)ને

કહ્યું કે એક વખત જોયા પછી બીજી વખતે નહીં જુવો. કેમકે પેહલી વખતે જોવું તારા વાસ્તે છે અને બીજી વખતે જોવું તારા વાસ્તે નથી (નફસને વાસ્તે છે)." એટલે એકાએક (કોઇ ઓરતને) જોવાથી ગુનામાં પકડાશે નહિં. અને જો એકી નજરે જોયા કરશે તો ગુનામાં પકડાશે અને જે માણુસ (પેહલી વખતે) જોયા પછી પોતાની આંખો બંધ કરી લેશે અને ફરી જોશે નહીં તો (એ નેક કામનો) સવાબ મળશે.

ઇમામ અહમદે (રદી) રિવાયત કીધી છે કે "જે મુસલમાન કોઇ ઓરતની ખૂબસૂરતી તરફ જુએ અને જોતાંજ પેહલીજ વખત પોતાની આંખો બંધ કરી લીએ, તો ખોદા પાક તેને વાસ્તે એક એવી ઇબાદત પેદા કરશે, કે જેની (ઘણીજ સારી) લેહજત (અને મિઠાસ) તેને માલમ પડશે."

મસઅલો. જેવી રીતે મરદને શહવતની નજરે (કોઇ પારકી) ઓરતને જોવી હરામ છે તેવીજ રીતે ઓરતને પણ (કોઇ પારકા) મરદને શહવતથી જોવો હરામ છે. અને જે (કોઇ) મરદથી પરદો કરવો જોઇએ તેનાથી પરદો કરે, અગર જો તે આંધળો કેમ ન હોય.

ઇમામ અહમદ, તિર્મિઝી અને અબુદાવુદે (રહ) રિવાયત કીધી છે કે "હઝરત ઉમ્મે સલમા અને મયમૂના (રદી. હઝરતની બીબીયો) જનાબ રસૂલે ખુદા (સલ)ની પાસે બેઠી હતી એટલામાં (હઝરત) ઇબ્ને મકતૂમ (સહાબી રદી.) આવ્યા. આપે (સલ) ફરમાવ્યું કે તમે બંને જણીયો એવણુથી પરદો કરો. હઝરત ઉમ્મે સલમા (રદી) એ કહ્યું કે યા રસૂલલ્લાહ! તેવણુને તો આં-

ઓથી દેખાતું નથી [નાબીના છે], અમને તેવણુ જોઇ શકતા નથી. આપે (સલ) ફરમાવ્યું કે શું તમે બંને જણીઓ પણ નાબીના છો? શું તમે બંને તેવણુને જોતી નથી.?"

ચેતવણી. નાચ જોવો અને મુજરો સાંભળવો પણ બહુ-જ મોટો ગુનો છે. એમાં ઘણા ગુનાહો એક ઠેકાણે થાય છે. (૧) નજરે જોવું કે જેને વાસ્તે ઉપર હદીસ આવી ગઇ કે કયામતને દહાડે જોનારની બંને આંખોમાં સીસું ગરમ કરીને નાંખવામાં આવશે. (૨) ગાનારીનું અવાજ અને વાતચીત વિગેરેનું સાંભળવું કે જે હદીસના બયાન પ્રમાણે કાનોનું ઝિના છે, અને હાથો અને જીભનું ઝિના પણ તે વખતે ઘણા લોકોથી થઇ જાય છે, એટલે તેઓ તે રામજણીની સાથે વાતો કરે છે, અને તેણીના બદનને હાથ અડકાડે છે. અને નાચની મિજલસમાં જવા વાસ્તે તેઓ પગે ચાલે છે એ પગનું ઝિના છે. અને રાગને વાજા સાથે સાંભળે છે કે જે બેશક (શરીઅત અને તરીકત બંનેમાં) હરામ છે. (તરીકતમાં રાગ સાંભળવું જાયઝ છે કે નહીં એ બાબત હકકુસ સમાઅ નામની જનાબ મૌલવી અશરફ અલી સાહેબની ઉર્દુ કિતાબ જોવા લાયક છે).

અને ઘણી ખરી હદીસોથી એ વાત સાબેત છે કે જે ગુનો દેખીતી જાહેર રીતે કરવામાં આવે તે ગુનો છુપી રીતે કરવામાં આવતા ગુના કરતાં વધારે અઝાબનું કારણ છે. [કેમકે] જાહેર ખુલ્લી રીતે ગુનો કરવામાં એક તો બેશરમી, બીજી બેઅદબી અને ત્રીજું ખોદા પાકથી બેખોફ હોવું સાબેત થાય છે. હવે વિચારો કે એ [નાચનો] ગુનો કેવી ખુલ્લી રીતે કરવામાં આવે છે કે ઘણે દૂર

સુધી તેની ખબરે પોંહચે છે. અને જે ગુનો એવો હોય કે લોક એકઠા થયા વીના તે ગુનો થઇ શકે નહીં તે ગુનો કરનારને [તે ગુના વાસ્તે] લોકોને એકઠા કરવાનો પણ ગુનો થાય છે. અને જે સદગૃહસ્થો નાચની મિજલસ મુકર્રર કરીને કંકોત્રીઓ [શાદીની દાવતના રૂકકા] લોકો પર મોકલે છે, કે "મેહેરબાની કરી આ મિજલસમાં જરૂર પધારશો. આપના પધારવાથી મિજલસની શોભામાં વધારો થશે." ખોદા જાણે કેયામતને દહાડે [એવી રીતે નોતરે બોલાવનાર] એવા માણસોની આંખોમાં કેટલું સીસું ગરમ કરીને નાંખવામાં આવશે.

સહીહ હદીસોથી એ વાત સાબેત થઇ છે કે જે માણસને લીધે લોકો કોઇ ગુનામાં ફસે, તે માણસને તે દરેક ગુનેગાર માણસને જેટલો અઝાબ થશે તેટલો અઝાબ ભોગવવો પડશે, તેમજ પોતાના તે ગુનાહનો અઝાબ પણ ખમવો પડશે. અને તેથી કરીને જેટલા માણસો નાચની મિજલસમાં આવી દાખેલ થશે તેટલા દરેક માણસના ગુનાના અઝાબ જેટલો ગુનો નાચની મિજલસ કરાવનારપર થશે. **દાખલા તરીકે** ધારો કે પાનસો માણસ જો નાચની મિજલસમાં શામેલ થાય અને તે દરેક માણસની આંખમાં નવટાંક નવટાંક સીસું ગરમ કરીને રેડવામાં આવે તો મિજલસ કરનારની આંખમાં મચકૂર હિસાબે પાનસો નવટાંકીયો એટલે સવ્વા એકત્રીશ શેર સીસું નાંખવામાં આવશે. (ખોદા પાક એવા ગુનાહોથીજ બચવાની લોકોને તોફીક દીએ કે જેથી આવો અઝાબ કરવામાં આવેજ નહિ. આમીન).

વળી નાચમાં એક બુરાઇ એ છે કે ઘણું કરીને નાચ

જોવું. એ ઝિનાનું મોટું કારણ થઇ પડે છે. નાચ જોઇને અને ગાયનું સાંભળીને શહવતપરસ્તીપર દિલ લાગી જાય છે, અને તેથી ફરીને ઝિના કરવાને માણસ તૈયાર થઇ જાય છે. ઘણા લોકો ઝિનાથી બચેલા રહે છે. પણ પાછળથી આવી (નાચની) મિજલસોમાં જવાથી ઝિનામાં ફસે છે. અને એવી રીતે આવા બુરા કામથી બચેલા લોકોનું આવા ગુનાના કામમાં ફસી જવાનો ગુનો પણ તે નાચની મિજલસો કરાવનારાઓ ઉપર પણ જરૂર થાય છે.* મતલબ એ કે

* મુસલમાનોને વાસ્તે ઘણીજ શરમ ભરેલી વાત છે કે મુંબઇથી પ્રગટ થતા "ધી બૉમ્બે ટાઇમ્સ" ના ૧૦ મી એપ્રીલ ૧૯૦૭ ના પત્રમાં કોઇ યુરોપીયને મુસલમાનોને એ મિજલસ નહીં કરવાની તેમજ એવી મિજલસમાં નહીં જવાની ખાસ સૂચના કીધી છે. તેમજ એવી મિજલસથી થતા ગેરફાયદાઓ પણ તેમાં સારી પેઠે વર્ણવ્યા છે. કાફેરોને નાચની બુરાઇઓ સાબેત થાય પણ મુસલમાનોને બુરાઇયો, નેકીયો માલમ પડે, એથી વધારે દીન તેમજ દુન્યાની કમનસીબી બીજી કઇ હશે ?
"કમતરીન અ. અ. કાદરી ભાષાંતર કરતા."

આ નઠારા કામમાં ઘણી બુરાઇઓ સમાયલી છે. ખોદા પાક તમામ મુસલમાનોને તોફીક દીએ કે તેઓ એ બુરા કામથી દૂર રહે, અને હઝરત રસૂલુલ્લાહ (સલ) ની તાબેદારી કે જે ખોદા પાકની મોહબ્બતનું ખરૂં કારણ છે તે અખત્યાર કરે. આમીન.

બીજી સૂચના. છોકરાઓનું નાચ જોવું (જે કે ભાંડોના નાચ તેમજ ભવાઇ વિગેરેમાં ઘણું કરીને થાય છે) અને તે છોકરાઓને શહવતની નજરથી જોવા, હાથ અડકાવવું અને (તેઓને) ચુંબન કરવું તેનો હાલ પણ રાંડના નાચ જેવોજ છે. તેમજ જોવાનો, ચુંબન લેવાનો અને હાથ અડકાવવાનો ગુનો પણ તેવોજ થાય છે. એટલુંજ નહીં પણ એ કામ તો તેના કરતાં વધારે નઠારૂં છે, જેવી રીતે કે ફિકેહ અને હદીસની કિતાબોથી સાબેત થાય છે. અને વધારે અફસોસની વાત તો એ છે કે (હિંદુસ્થાનમાં કેટલેક

કેહવું) કેટલાક જાણીતા કેળવાયલા (ઇલમવાળા) ખાનદાનોમાં રાંડોનો નાચ તો થતો નથી પણ લોંડાઓ (છોકરાઓ)નો નાચ થાય છે. અલ્લાહ તઆલા સૌ મુસલમાનોને એ બલાથી બચાવે અને નેક કામો કરવાની તોફીક ઇનાયત કરે. આમીન.

બદનના છુપાવવાના ભાગોનું બયાન.

પારકા માણસની છુપી જગ્યા (એટલે પારકા મરદની છુપાવવાની જગ્યા ઓરતને, અને પારકી સ્ત્રી એટલે ઓરતની સંતાડવાની જગ્યા મરદને) જોવી એ પણ એક તરેહનું ઝિના છે, તેથી કરીને છુપાવવાની કઇ કઇ જગ્યાઓ છે તેના મસઅલા આ બયાનમાં લખાયા છે.

તિર્મિઝી અબૂદાવૂદ અને ઇબ્ને માજા (રહ) એ રિવાયત કીધી છે કે જનાબ રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે "જે (પારકું) માણસ કોઇ (પારકા) માણસની છુપાવવાની જગ્યાને (બુરી નજર અથવા શહવતથી) જુએ તો તે જોનાર અને તે (છુપાવવાની જગ્યાને) દેખાડનાર બંનેપર ખોદા પાકની લઅનત થાઓ!" તેથી કરીને દરેક માણસને જોઇએ કે જે મસઅલાઓ છુપાવવાની જગ્યા બાબતના છે તેઓને સારી પેઠે શીખી લીએ કે જેથી (અલ્લાહ પાકની) લઅનતથી બચી જાય.

મસઅલો. મરદને ડુંટી [નાફ]ને નીચેથી ઘુંટણો સુધી બદનને (લુગડાંથી) છુપાવવું ફરઝ છે. એટલા બદનને પોતાની ઓરત અને શરીઅત (ના મસઅલા) મૂજબની લોંડી [દાશી] શિવાય દરેક માણસથી સંતાડે. [બદનના છુપાવવાના ભાગને ફિકેહમાં **સતરે ઔરત** કહે છે. એ યાદ રાખવું, પછી તે છુપાવવાનો ભાગ ગમે તો ઓરતનો હોય અથવા મરદનો. દરેકને વાસ્તે એ લફ્ઝ (શબ્દ) વાપરવામાં આવે છે.]

મસઅલો. ઓરતને એવા મરદો આગળ કે જેઓની સાથે (કોઇ પણ વખતે) તેણીનો નિકાહ દુરસ્ત હોય, મોં અને

બંને હાથોને [આંગળાંઓથી] પોંચા સુધી અને બંને પગોને (આંગળીઓથી) ગુંટી સુધી, એ ભાગો શિવાય આખા બદનને (લુગડાંઓથી) ઢાંકવું ફરજ છે. **ફાયદો.** દુર્રૂલ મુખતારમાં લખેલું છે કે જુવાન ઓરતને (પારકા) મરદો આગળ મોં [ઉપરથી લુગડું ખસેડી મોં] ખોલવું એટલાજ વાસ્તે મના છે કે તેમાં ફિતનો થવાની બીક છે. નહીં તો કંઇ મોં ઢાંકવું ફરજ નથી.

મસઅલો. જે બદનના ભાગનું ઢાંકવું ફરજ છે. હવે જો તે ભાગ બદનથી જુદો પણ થઇ જાય તોપણ તેને જોવું જાયઝ નથી. તેથી કરીને ઓરતોને જોઇએ કે ઓળવવા પછી જે વાળ જુદા થઇ જાય તેઓને એવી જગ્યાએ નહિ નાંખે કે જેઓના ઉપર પારકા મરદોની નજર પડે. અને મરદોને જોઇએ કે નાફની નીચેના વાળ બોડીને એવી જગ્યાએ નાંખે નહિ કે જેઓના ઉપર કોઇ (પારકી ઓરત)ની નજર પડે.

મસઅલો. ઓરતોને (પોતાના) **મહરમ સગાઓ** એટલે એવા માણસો કે જેઓની સાથે નિકાહ કદી પણ જાયઝ નથી, જેવા કે બાપ, ભાઇ, દીકરો, જમાઇ વિગેરેથી પેટ અને પીઠ અને નાફથી લઇને ઘુંટણ સુધી બદનનું (લુગડાંઓથી) સંતાડવું ફરજ છે. જેમકે જો દીકરાની રૂબરૂ માનું માથું અથવા કોણી સુધી હાથ ખુલી જાય અથવા ઘુંટણની નીચેનો ભાગ ખુલી જાય તો કંઇ હરકત નથી.

ફાયદો. હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે ઓરતોનો પેહરવેશ એવો હોય છે કે તેમાં માથાનો કેટલોક ભાગ ખુલ્લો રહે છે. હાથ કોણી સુધી ખુલી જાય છે ત્યારે એવા પોશાક સાથે પોતાના મહરમ સગાઓ શિવાય બીજા કોઇ પણ આગળ જેવા કે કાકા, ભાઇ, મામાભાઇ, દીએર, જેઠ વિગેરે આગળ નીકળવું જાયઝ નથી, અને જે લુગડું એવું હોય કે જેનાથી પીઠ અને પેટ ખુલી

જતાં હોય તેવું લુગડું પેહરીને મહરમ સગાંઓ આગળ આવવું પણ જાયઝ નથી.

મસઅલો. લોંડી કે જે ખરેખર સરીઅત મૂજબની લોંડી હોય તેણીને દરેક મરદની આગળ પોતાના તેટલાજ બદનને ઢાંકવું ફરઝ છે કે જેટલા બદનને ઓરતને પોતાના મહરમ સગાંઓની આગળ ઢાંકવું ફરઝ છે.

મસઅલો. દરેક ઓરતને બીજી ઓરતથી નાફથી લઇને ઘુંટણો સુધી બદન ઢાંકવું ફરઝ છે. **સૂચના.** ઘણીખરી ઓરતો સમજે છે કે ઓરતોને ઓરતોથી સતરે ઓરત સંતાડવાની જરૂર નથી. એક બીજી આગળ ન્હાય છે, અથવા બીજા કોઇ વખત આખું બદન ખોલી નાખે છે. દરેક મરદને જોઇએ કે ઓરતોને એ મઅસલો સારી પેઠે સમજાવી દીએ. અને (સતરે ઓરતને) જોનાર અને દેખાડનાર વાસ્તે લઅનતની જે હદીસ ઉપર બયાન કરવામાં આવી તે સંભળાવે.

મસઅલો. જરૂરની વખતે જરૂર જેટલો સતરે ઓરતનો ભાગ દેખાડવો જાયઝ છે. જેવી રીતે કે દવા (લગાડવા) સારૂ કે દેખાડયા વગર દવા થઇ શકતી નહોય અથવા દાયણને કે જેણી બચ્ચું જણાવવા આવે છે.

મસઅલો. મહરમ સગાંઓને જેટલું બદન દેખાડવું જાયઝ છે તેટલા બદનને હાથ અડકાવવો પણ જાયઝ છે. પણ પારકી ઓરત અને મરદને વાસ્તે એ હુકમ નથી. જેમકે પારકી ઓરતનું મોઢું કે હાથ જોવાં તો જાયઝ છે, પણ તેઓને હાથ અડકાવવું જાયઝ નથી. અલબત જો એવી કોઇ ઘરડી ડોસી હોય કે જેણીને અડકવાથી શહવતની બીક કદીપણ નહિ હોય તો તેણીનો હાથ પકડવો અથવા તેણીને હાથ અડકાવવું જાયઝ છે. (એ મસઅલો) દુરરૂલ મુખતાર (નો છે).

મસઅલો. હઝરત જનાબ ઇમામ અબુહનીફા (રદી)ના મઝહબમાં ગુલામ પણ પારકો મરદ છે. તેણે પોતાની શેઠાણીનું મોં, હાથ (પોંચા સુધી) અને પગો (ગુંટી સુધી એ) શિવાય બીજા કોઇપણ બદનના ભાગને જોવું જાયઝ નથી.

મસઅલો. હીજડા (નપુંસકો) અને ખાજાસરાઓનો હુકમ પણ પારકા મરદો જેવો છે. તેઓથી પણ ઓરતોને (પોતાના સતરે ઓરતનો) પડદો કરવો જોઇએ.

મસઅલો. જે ઘણુંજ નાનું બચ્ચું હોય તેનું કંઇ પણ બદન ઢાંકવું ફરઝ નથી. જયારે તે જરા મોટું થઇ જાય તો જયાં સુધી (તેને જોઇ) શહવત થાય તેટલું મોટું નહીં થાય ત્યાં સુધી તેનો આગલો અને પાછલો ભાગ માત્ર ઢાંકવું ફરઝ છે. પછી દશ વરસની ઉમરનું થાય ત્યાંસુધી તેથી વધારે બદનને ઢાંકવું. અને તે પછી તો તેનો હુકમ બાલેગનો છે. દુરરૂલ મુખતાર (માં એ મસઅલો છે).

ફાયદો. (ઓરતોને વાસ્તે) એક તો પડદો છે અને બીજું સતરે ઓરત. **પડદો** તેને કહે છે કે જે મરદની સાથે કોઇપણ વખતે નિકાહ જાયઝ હોય તે મરદ આગળ તેણી (મોં વિગેરે ખોલીને) તદન આવેજ નહીં. અને **સતરે ઓરત** તેને કહે છે કે જે મરદથી જેટલું બદન ઢાંકવું ફરઝ હોય તેને (લુગડાંથી) સંતાડે, અગરજો તેણી તે મરદની સામે આવે. એનાપરથી જાણવું જોઇએ કે **હિજાબ** એટલે પડદો (The Parda System) જનાબ પેગંબરે ખોદા [સલ]ની પાક બીબીયો (રદી) પર ફરઝ હતો અને (તેઓ પછી) બાકીની તમામ ઓરતોપર મુસતહબ છે. અને સતરે ઓરત તો તમામ ઓરતોપર ફરઝ છે. હઝરત મોલાના શેખ અબદુલહક મોહદ્દેસ દેહલવી (રહ)એ એમજ લખ્યું છે

અને બીજા આલિમોની (એ મસઅલા બાબતની) શોધથી પણ એવુંજ જણાઈ આવે છે.

શરીફ (ઉંચ પંક્તિના) લોકોએ આ મુસ્તહબ હુકમને ઘણીજ તાકીદ ભરેલો હુકમ હોય એવી રીતે પોતામાં દાખલ કરી લીધો અને પડદાની રસમને સામાન્ય રીતે ઓરતોને વાસ્તે મુકર્રર કરી લીધી. પણ હાલમાં હિંદુસ્તાનમાં એવો હાલ બગડી ગયલો છે કે જેમ હિજાબ રહ્યો નથી તેમજ સતરે ઓરતનું કંયે ઠેકાણું નથી. હિજાબમાં તો આ નુકસાની પેદા થઇ કે ઓરત કેટલાક નામહરમ (કે જેઓની સાથે કોઇ પણ વખતે નિકાહ દુરૂસ્ત થઇ શકતો હોય તેવા) લોકોની રૂબરૂ જેવાકે કાકાભાઈ, મામાભાઇ, આવે છે. અને ખરૂં જોતાં હિજાબ કોઇ પણ નામહરમની સામે નહિ આવવાને કહે છે.

અને સતરે ઓરતમાં એ બગાડો છે કે પોશાક તેઓએ એવો ધારણ કીધો છે કે (તે પેહરીને) ધણી શિવાય કોઇ પણ બીજાની સામે જવા લાયક ઓરત રેહતી નથી. મુસલમાનોને જોઇએ કે એવી વાતોનું ઘણું ધ્યાન રાખે, અને ઓરતોને તાકીદ કરે કે તદન નામહરમોની રૂબરૂ આવે નહીં. અને જો એવી કોઇ ખાસ જરૂરને લીધે તેણીઓને મરદોની રૂબરૂમાં આવવુંજ પડે તો માથાને અને હાથોને તેમજ બીજા તમામ બદનને સારી પેઠે ઢાંકીને આવે.

મસઅલો. જે લુગડું એવું હોય કે તેનાથી અંદરનું બદન જણાતું હોય તો તે લુગડું પેહરવું નાંગા રેહવા સરખુંજ છે. અબુદાઉદે (રહ) હઝરત આયશા (રદી)થી રિવાયત કીધી છે કે "જનાબ રસુલુલ્લાહ (સલ)ની જનાબમાં હઝરત અબાબક્ર ાસદીક (રદી)ની દીકરી અસમા [રદી] ઝીણાં લુગડાં (કે જેમાંથી બદન દેખાય તેવાં) પેહરીને આવી. આપે (સલ) મોં ફેરવી લીધું અને ફરમાવ્યું કે એ અસમા, ઓરત જયારે જુવાન

થઇ જાય તો તેણીના બદનમાંથી કંઇ પણ જણાઇ આવે (એવું લુગડું પેહરવું તેણીને) જાયઝ નથી. પણ એ (ભાગો) અને આપે (સલ) મોં અને હાથોની તરફ અંસારો કીધો."

હઝરત શાહ અબદુલ હક મોહદેસે દેહલવી (રહ)એ આ હદીસની શરેહમાં લખ્યું છે કે જે લુગડાંથી બદન દેખાય તેનો હુકમ નાંગા સરખોજ છે. તેથી કરીને મલમલનો દુપટો ઓઢીને ઓરત નામહરમ મરદની રૂબરૂ આવે નહીં. અને જે ઓરતો મલમલનો અથવા કોઈ બીજા (એવા) બારીક લુંગડાનો દુપટો ઓઢીને નમાઝ પઢે છે અને (તેમાંથી માથાના વાળ અને કોણીયો સુધીના હાથો જણાય છે, તેઓની નમાઝ જાયઝ થતી નથી. **મરદોને જોઇએ કે એ મસઅલો ઓરતોને (સારી પઠે) સમજાવી દીએ.**

સમાપ્ત.

ખોદા પાકનો અગણિત શુકર છે કે આ સેંકડો ફાયદા ધરાવતી કિતાબ પૂરી થઇ. ખોદા પાક કબુલ કરે. આમીન. હવે કેટલીએક વાતો એમાં જાણવા લાયક એ છે કે એ કિતાબમાં કુલ્લે ૧૨૨ હદીસો છે. જેમાંની ઘણી ખરી હદીસો મિશકાત શરીફનીજ છે. ગીબતના બયાનમાં ૧૦, ૧૩, અને ૧૪ મી. જુઠાણાના બયાનમાં ૨૩, ૨૬ અને ૩૧ મી. જૂઠી કસમના બયાનમાં ૩૪, ૩૫, ૩૬, ૩૭ અને ૩૮ મી. નમીમાના બયાનમાં ૪૮ મી. ગાળો દેવી તેના બયાનમાં ૭૩, ૭૪, ૭૭, ૭૯, ૮૨, અને ૮૩ મી. બેઅદબીના બયાનમાં ૮૬ મી. નકામી બહસ કરવી એ બયાનમાં ૯૬, ૯૭, અને ૯૯ મી. ઝિનાના બયાનમાં ૧૦૨, ૧૦૩જી. મોસાહેકતના બયાનમાં ૧૧૩મી. અને શહવતથી જોવાના બયાનમાં ૧૧૬, ૧૧૭મી. એટલી હદીસો અહયાઉલ ઉલૂમ, તૈસીરૂલ વસૂલ, મઝાહેરે લહુન્નીયા, મશારેકુલ અનવાર, શાહ વલીઉલ્લાહ સાહેબ (રહ)ની ચેહેલ હદીસો, હિદાયા, અયની શરહે કન્ઝ, દુરરૂલ મુખતાર વિગેરેની હદીસો છે. પણ તેમાં

કોઇ બનાવટી હદીસ નહી આવી જાય એ વાતની રચનાર સાહેબે (રહ) બહુજ દરકાર રાખી છે. એ સિવાય બાકીની તમામ હદીસો મિશકાત શરીફની છે.

રચનાર સાહેબ (રહ) ફરમાવે છે કે આ રિસાલો એવો ફાય-દાકારક છે કે મુસલમાનોને જોઇએ કે ઘણીજ હોંસ સાથે આ રિસાલામાં સમાયલી વાતોથી સારી પેઠે વાકેફ થાય કે જેથી જંનતનું મળવું તેઓ પર આસાન થઇ જાય. તેમજ આલિમોને જોઇએ કે પોતાના શાગેરદોની મારફતે મોહલ્લા અને મસીદોમાં લોકોને એ રિસાલો સંભળાવે અને સમજાવી દીએ.

બીજું એ કે લોકો જ્યારે કોઇ પણ ગુનાહની બુરાઇ અને તેના અઝાબ વાસ્તે જ્યારે કોઇ હદીસ સાંભળે છે ત્યારે તે હદીસનો સંબંધ બીજા લોકો તરફ લગાડે છે, અને અગરજો પોતે તે ગુ-નાહમાં સપડાયલા હોય છતાં પોતાને તે ગુનાહથી દૂર સમજે છે, એ એક ઘણીજ ખરાબ બીમારી છે. દરેક મુસલમાનને જોઇએ કે ગુનાહોની બુરાઇ અથવા તેના અઝાબોની હદીસ કે આયત સાંભળી પેહલાં પોતાનામાં તે ગુનાહને ઢુંઢે. જ્યારે જુએ કે તે ગુનાહ પોતેજ કરી રહેલો છે ત્યારે સારી પેઠે સમજી લીએ કે એ હદીસો મારાજ વાસ્તે છે. કે જેથી કરીને ખોદા પાકનો ખોફ દિલમાં પેદા થાય અને તેથી તે ગુનાહ તેનાથી છુટી જાય.

છેલ્લે આ કિતાબના દરેક વાંચક સાહેબને જોઇએ કે આ કિતાબને વાંચી તેના રચનાર, તરજુમો કરનાર, છપાવનાર અને તેને ફેલાવનાર દરેક વાસ્તે દુન્યા અને આખેરતમાં ખોદા પાક તેઓનું સંપૂર્ણ ભલું કરે અને તેઓની તમામ મુરાદોને પૂરી કરે એવી દોઆ કરે. વધુ સૌ તારીફ અલ્લાહ તઆલા વાસ્તે છે. અને તેના હબીબ તમામ રસૂલો અને અમારા સરદાર જનાબ મોહંમદ (સલ) અને તેવણની તમામ આલ અને સહાબાપર અનહદ દરૂદ અને સલામ થાઓ.

જાહેર ખબર.

કુરઆને શરીફ—મોટા તથા ઉમદા ખતમાં અને તેની નીચે શાહ અબદુલ કાદેર (રહ)નો જગત જાણીતો તરજુમો ગુજરાતી અક્ષરોમાં. કીં. રૂ. ૫)

અકસી કુરઆને—શરીફ લાકીટ તથા તાવીઝ માટે ઘણુંજ સરસ સુંદર કેસ સાથે, લાંબું ઈંચ એક ને પહોળું ઈંચ પોણો. કીં. રૂ. ૨।

ઝમાનુલ ફીરદોસ અથવા જન્નતની ચાંવી—ગુજરાતીમાં. એમાં ઝબાન તથા શરમગાહના ગુનાહોનું હદીસોથી ઘણી ઉમદા રીતે બયાન થયું છે. કીં. રૂ. ૦।

ઝમાનુલ ફીરદોસ ઉર્દુ. કીં. રૂ. ૦)ાા

બેહેશતી ઝેવર ઉર્દુ.—છોકરીઓ તથા ઓરતો માટે ખાસ આ કીતાબ લખાઇ છે. એમાં અકીદા, નમાઝ, રોઝા, ઝકાત, વીગેરે સરવે દીની મસઅલા ખુલાસાવાર સમાયલા છે. એ ઉપ્રાંત ઓરતોને લગતી બીમારીઓ તથા દવાઓની બાબત મુજર્રબ સમાયલી છે. તથા ઘર સંસારી બાબતો તથા હુનરો પણ સમાયલા છે. એ કીતાબના ૧૦) ભાગ છે. દરેક ભાગની કી૰ આ. ૪) અને આખા પુસ્તકની કી૰ રૂ. ૨ાા

બેહેશ્તી ગોહર ઉર્દુ.—એમાં મરદોના લગતા મસઅલા દીની તથા દવાઓ પણ મુજર્રબ છે. કી૰ આના ૯).

મશારેકુલ અનવાર—ગુજરાતી ભાગ ૧)લો. એમાં હદીસો ફાયદા સાથે ૭૩૧) છે. ભાગ ૨ જો એમાં ૭૨૬,) ભાગ ત્રીજામાં ૮૧૨) છે. દરેકની કીંમત રૂ. ૧.

ફતાવા રશીદિયા—ભાગ ૧ લો તથા ૨ જો ઉર્દુ. એમાં

ઘણાજ સારા દીની મસઅલા સવાલ જવાબ સાથે સમાયલા છે કીંમત દરેકની રૂ૦ ૦ાા અને સાથે મંગાવનારને રૂ. ૧ા.

ફતાવા મોહમંદીઆ.—ઊર્દુ એમાં રસૂલ (સલ)થી પુછાયલા ફતવાઓ આશરે ૧૫૦) છે. કીં૦ રૂ. ૦ાા≈

ઝેવરે ઈમાન ઊર્દુ—મોલૂદ શરીફની ઘણીજ સારી કીતાબ છે. કીં. ૪ાા આના.

અલ જવાબુલ મતીન કીં. ૭ આના) એમાં અકીદાઓ તથા
હીદાયતુલ મુકતદીન કીં. દોઢ આનો ⟩ ઇસલામની સચ્ચાઇના
હીદાયતુલ મુત્તકીન કીં. અઢી આના) તથા હનફી મસઅલાઓની દલીલો હદીસોથી દેવાયલી છે. તેમજ બીજા ઘણા જરૂરી મસઅલાઓ સવાલ જવાબ સાથે બયાન થયલા છે.

અઅમાલે કુરઆની ઊર્દુ ભાગ ૩) માં કુરઆન શરીફની આયતોની ખાસીઅતો લખાયલી છે. કીં. આના ૬ ત્રણે ભાગ સાથે.

જવાબુસ સાએલીન—સારા સારા સવાલ જવાબ છે કીં. બે આના.

માલા બુદ્દ મિન્હો—નામની જગત જાણીતી ફારસી કીતાબ મહા વિદ્વાન વલીયે કામેલ જનાબ કાજી સનાઉલ્લાહ પાણીપતી (રહ)ની રચેલી કે જે ઘણા શેહરોના ઘણા પ્રેસોમાં ઘણીવાર છપાઇ માન પામી દરેક ઇસ્લામી મદરસાઓમાં ચાલુ છે ,તેનો તરજુમો ગુજરાતીમાં છપાયો છે. મજકુર કીતાબનો તરજુમો ઊર્દુમાં પણ થઇ ઘણો માનીતો થયો છે. પણ તે ફકત કિતાબનો તરજુમો છે. અને ગુજરાતીમાં કિતાબના તરજુમા સાથે તેની નોટોનો પણ તરજુમો થયો છે કે જેમાં નમાઝ, રોઝા, ઝકાત, અકાએદ

વગેરેના સેંકડો મસલાઓનો મોટો ખજાનો સમાયલો છે. અને એજ કારણથી ફારસી માલા ખુદ મિન્હોની સાથે દરેક પ્રેસવાળાએ એ નોટને છાપી છે. એ તરજુમો ૬૦ રતલી ઉમદા કાગલ ઉપર છપાઇ બહાર પડ્યો છે. કીં. રૂ૦ ૧ પોષ્ટ વગર.

બેહશ્તી ઝેવર ભાગ ૩જો ગુજરાતી—જેમાં રોઝો, ઝકાત, ફિત્રનો સદકો, કુરબાની, બચ્ચાનો અકીકો, હજ્જ, મદીના શરીફની ઝીયારત, મન્નત (નજર) માનવી, કસમ (સોગન) ખાવી, કસમનો કફારો, દીન (ઇસ્લામ)થી ફરી જવાનું (મુરતદ થવાનું) બયાન, ઝુબેહ કરવાના મસઅલા, હરામ અને હલાલ ચીઝો, પોશાક અને પરદો કરવો, પરચુરણ મસઅલા, રસ્તાપર પડેલી વસ્તુ મળવી (લુકતા), અને વકફ. એટલા બધા વિષયોના ઘણાજ ખુલાસા સાથે બયાન થયલા મસઅલાની હઝરત મોલવી અશરફઅલી સાહેબની બનાવેલી ખાસ હનફી મઝહબની કિતાબનો ગુજરાતીમાં તરજુમો છપાઇ પ્રગટ થયો છે. કીંમત આના ૫.

બેહેશતી ઝેવર ભાગ ૪થો ગુજરાતી મફત.

બેહુશતી ઝેવર ભાગ ૫મો ગુજરાતી કીંમત આના ૫. એમાં વેચાણ, કીરીયા, બખશીશ, ભાગીદાર, વકીલ બનાવવું વગેરેના મસઅલા છે.

બેહેસતી ઝેવર ભાગ ૬, ટ્ઠો ગુજરાતી. જેમાં સરવે ખરાબ રસમોનું તથા હઝરત મોહંમદ (સલ)ની બીબીઓ તથા હઝરત મોહંમદ (સલ)ની બીબીઓ તથા દીકરીઓના નીકાહનું બયાન છે. જે થોડા દીવસમાં છપાઇ બહાર પડશે. કી. રૂ. ૦|~

અજાએબ હીસાબ ગુજરાતી. જેમાં ઘણાજ સારા સારા દાખલા હિસાબોના દેવામાં આવેલા છે. કીં. રૂા. ૦)= થોડા દીવસમાં છપાઇ બહાર પડશે.

મોનબ્બેહાત ગુજરાતી. નસીહત તથા અખલાક શીખવ-નાર સારી ચોપડી છે. જે ઉરદુ ફારસી અને ઈંગ્રેજીમાં છપાઈ ઘણી માન પામી છે. અને ગુજરાતીમાં એની સાથે લુકમાન હકીમ (અલે)ની સો નસીહતો પણ છાપી છે. કીં. આના ૪

સત્યાર્થ પ્રકાશનું ખંડન ગુજરાતી ભાગ ૧લો આર્ય સમાજ ધર્મના આગેવાન દયાનંદ સરસ્વતિએ પોતાની બનાવેલી ચોપડી સત્યાર્થ પ્રકાશમાં કુરઆને શરીફપર ૧૫૯ શંકાઓ કીધી છે. જેનો જવાબ આજ સુધી ગુજરાતીમાં બહાર પડ્યો નહોતો. જેમાંથી ૬૯ શંકાઓના જવાબો ઘણીજ સારી રીતે મજકુર ભાગમાં પ્રગટ કરવામાં આવ્યા છે. બાકી જવાબો ઇ. અ. ત-આલા બીજા ભાગમાં પ્રગટ થશે. ભાગ ૧લાની કીં. આના ૧૦

સફાઇ મોઆમલા ઉર્દુ કીં. આના ૨

તઅલીમુદ-દિન ઉર્દુ—આ ઘણી પ્રખ્યાત કીતાબ છે. એમાં દીનના મસઅલા ઘણી ઉમદગીથી બયાન થયા છે. એજ કારણથી ઘણા પ્રેસોમાં છપાઇ છે. કીં. આના ૭

શમાએલે તિરમિઝી જે ઇમામ તિરમિઝીની અરબી કિતાબ પ્રખ્યાત છે, અને જેનો તરજુમો ફારસી ઉર્દુમાં થયો છે, અને જેની હજારો નકલ છપાય છે, તેનો તરજુમો ગુજરા-તીમાં તૈયાર થાય છે. એ કિતાબમાં રસૂલુલ્લાહ (સલ)ના ચેહરા મુ-બારકનું, મોહરે નબુવતનું, હજરતની ઇબાદતનું, તેમના ખાવા પીવા સુવા બેસવાનું વગેરે પંચાવન અધ્યાયમાં બયાન છે.

મુસાફિરે આખેરત ગુજરાતી. જેમાં મુડદાનું કફન દફન વિગેરેનું બયાન કરવામાં આવ્યું છે. અરધા આનાની ટીકીટ મોકલવાથી ભેટ મોકલવામાં આવશે.

ડી. એન્ડ. એસ. હાફેજી.
મુ૦ રાંદેર જીલ્લે સુરત.